અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૧૩ સપ્ટેમ્બર ૨૦૨૩, બુધવાર
વિક્રમ સંવત ૨૦૭૯, નિ.શ્રાવણ વદ ચૌદસ

વર્ષ : ૧૫
અંક : ૪૮

તંત્રી : પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ

કિંમત : રૂા. ૨.૦૦
પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### ઈસરોએ તાજેતરમાં બે મોટી સફળતાઓ મેળવ્યા પછી તેણે વધુ એક મહત્ત્વાકાંક્ષી પ્રોજેક્ટ માટે તૈયારી આદરી દીધી છે


# ચંદ્રયાન-૩ : આદિત્યની સફળતા બાદ ઈસરોની નજર ગગનયાન-૧ મિશન પર

### ગગનયાન-૧ મિશન હેઠળ ભારત પહેલી વખત માનવીને અંતરિક્ષમાં મોકલશે, આ એક અત્યંત જટિલ અને જોખમી મિશન હશે

। નવી દિલ્હી, તા.૧૨ ।

ભારતે અંતરિક્ષમાં પોતાની કેપેસિટી સાબિત કરવા માટે વધુ એક મિશન પર કામ શરૂ કરી દીધું છે. આ વખતે ભારત અંતરિક્ષયાત્રીઓને સ્પેસમાં મોકલશે. તેના ભાગરૂપી એસ્ટ્રોનોટ્સને તાલીમ આપવામાં આવી છે જેમણે ત્રણ દિવસ સુધી સ્પેસમાં રહેવાનું રહેશે. પ્રોજેક્ટમાં કોઈ ખામી ન રહી જાય તે માટે ક્વોલિટી કન્ટ્રોલના ચૂસ્ત ધોરણો લાગુ કરવામાં આવશે.

ભારતીય અંતરિક્ષ સંશોધન સંસ્થા ઈસરોએ તાજેતરમાં બે મોટી સફળતાઓ મેળવ્યા પછી તેણે વધુ એક મહત્ત્વાકાંક્ષી પ્રોજેક્ટ માટે તૈયારી આદરી દીધી છે. ગયા મહિને ભારતે ચંદ્રયાન-૩ને ચંદ્રના સાઉથ પોલ પર સફળ રીતે ઉતરાણ કરાવ્યું હતું. ત્યાર પછી સૂર્યના સંશોધન માટે આદિત્ય એલ-૧ને પણ સફળતાપૂર્વક લોન્ચ કરવામાં આવ્યું છે. હવે ઈસરોની નજર ગગનયાન-૧ મિશન પર છે. ગગનયાન-૧ મિશન હેઠળ ભારત પહેલી વખત માનવીને અંતરિક્ષમાં



મોકલશે. આ એક અત્યંત જટિલ અને જોખમી મિશન હશે. આ પ્રોજેક્ટ માટે પ્રિસિઝન ટૂલ્સ અને કમ્પોનન્ટ બનાવવાનું કામ લગભગ પૂર્ણ થઈ ગયું છે. સીટીસીસી ભુવનેશ્વર ખાતે આ ટૂલ્સ બનાવવામાં આવી રહ્યા છે. ભારતના અંતરીક્ષ કાર્યક્રમમાં ગગનયાન ૧ મોટી સિદ્ધિ ગણાશે.

ગગનયાન એ માનવીને સ્પેસમાં મોકલવાનો પ્રોગ્રામ હશે તેથી તેમાં ખાસ કાળજી રાખવી પડશે અને કોઈ પણ જગ્યાએ જરાય ચૂક ન થાય તે જોવાનું રહેશે. ટોચના અધિકારીઓએ જણાવ્યું કે ગગનયાન માટે જુદી જુદી સિસ્ટમ બનાવવા માટે જે સ્પેશિયલ મેટલ અને એલોયની જરૂર પડે છે તે બધું ઈસરોને ડિલિવર કરી દેવાયું છે. ગગનયાન હેઠળ અંતરિક્ષમાં રોકેટ મોકલતા પહેલાં તમામ સાધનોનું પરીક્ષણ કરવામાં આવશે. ગગનયાન માટે કોઈ ચીજમાં કચાશ ન રહી જાય તે માટે રો મટિરિયલમાં ૧૦૦ ટકા શુદ્ધતા હોવી જરૂરી છે. તેથી ક્વોલિટી કન્ટ્રોલ અંગે ખાતરી થાય ત્યાર પછી જ આ મિશનને રવાના કરવામાં આવશે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૨૦૧૮માં સ્વતંત્રતા દિવસની સ્પીચમાં કહ્યું હતું કે ભારત ગગનયાન દ્વારા માનવીને અંતરિક્ષમાં મોકલવાની યોજના ધરાવે છે. તે સમયે ગગનયાનને ૨૦૨૨માં લોન્ચ કરવાની યોજના હતી, પરંતુ કોવિડના કારણે યોજનાને અસર થઈ હતી. હવે ૨૦૨૪ની શરૂઆતમાં જ ગગનયાન-૧ અંતરિક્ષમાં જાય તેવી સંભાવના છે. ગયનયાન મિશન માટે અંતરિક્ષયાત્રીઓને જરૂરી ટ્રેનિંગ આપી દેવામાં આવી છે. અંતરિક્ષયાત્રીઓ ત્રણ દિવસ સ્પેસમાં વિતાવશે. ગગનયાનમાં માનવીને સ્પેસમાં મોકલવામાં આવે તે અગાઉ તેનો ડ્રાય રન કરવામાં આવશે. તેમાંથી એક ડ્રાય રન પેલોડ સાથે હશે અને એક ડ્રાય રન પેલોડ વગર હશે. બેંગલુરુ સ્થિત ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સ ખાતે ગગનયાન માટે બાયોલોજિકલ પેલોડ વિકસાવવામાં આવી રહ્યો છે. ગગનયાન માટેના બાયોલોજિકલ પેલોડમાં એક બોક્સમાં બેક્ટેરિયા ડેવલપ કરાયા છે. તેના દ્વારા અંતરિક્ષમાં જીવન પર કેવી અસર થાય છે તે જાણવામાં આવશે. આદર્શ રીતે આ બેક્ટેરિયા પર ચંદ્ર અથવા મંગળ પર સ્ટડી થવો જોઈએ, પરંતુ હાલ પૂરતો લો-અર્થ ઓર્બિટમાં અભ્યાસ કરવામાં આવશે. ભારતીય સ્પેસ પ્રોગ્રામ હવે પરંપરાગત નથી રહ્યો, પરંતુ તેમાં વિજ્ઞાનની ઘણી શાખાઓ જોડાઈ રહી છે.

### વરસાદને લીધે ઉત્તર પ્રદેશના અનેક વિસ્તારોમાં સ્થિતિ વણસી

# યુપીમાં ભારે વરસાદથી ૧૭નાં મોત, કેટલાક જિલ્લામાં શાળાઓમાં રજા

### વરસાદની સાથે-સાથે રાજ્યમાં વીજળીની ઘટનાઓ પણ ઘટી છે ઘર ધરાશાયી થવાથી જાન-માલનું નુકશાન પણ થયું છે

। લખનૌ, તા.૧૨ ।

છેલ્લા ૩ દિવસોથી ઉત્તર પ્રદેશમાં રાજધાની લખનૌ સહિત અનેક જિલ્લાઓમાં સતત પડી રહેલા વરસાદથી સ્થિતિ બેકાબુ બની ગઈ છે. ભારે વરસાદના કારણે જન-જીવન અસ્ત-વ્યસ્ત થઈ ગયું છે. લખીમપુર અને બારાબાંકી જિલ્લામાં જિલ્લા અધિકારીએ આજે પ્રાઈમરીથી લઈને ધોરણ ૧૨ સુધીની તમામ સ્કૂલોમાં રજા જાહેર કરી છે. જિલ્લા અધિકારી દ્વારા જારી કરવામાં આવેલા આદેશ પ્રમાણે મંગળવારે તમામ સરકારી અને ખાનગી સ્કૂલ બંધ રહેશે. આદેશનું પાલન ન કરવા પર શાળા સંચાલકો



વિરુદ્ધ સખત કાર્યવાહી કરવામાં આવશે. વરસાદની સાથે-સાથે રાજ્યમાં વીજળીની ઘટનાઓ પણ ઘટી છે. ઘર ધરાશાયી થવાથી જાન-માલનું નુકશાન પણ થયું છે. ખેતરોમાં પાણી ભરાય જતા પાકને પણ નુકશાન થયું છે. રવિવાર રાતથી સોમવારે મોડી રાત સુધીમાં ૧૭ લોકોના મોતની સૂચના મળી છે. વરસાદને ધ્યાનમાં રાખી મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે સંબંધિત જિલ્લાઓના અધિકારીઓને રાહત કાર્ય પૂર્ણ તત્પરતાથી હાથ ધરવાનો નિર્દેશ આપ્યો છે. તેમણે અધિકારીઓને વિસ્તારની મુલાકાત લઈને રાહત કાર્ય પર નજર રાખવા કહ્યું છે. તથા આપત્તિથી અસરગ્રસ્ત લોકોને અનુમતિપાત્ર રાહત રકમનું તાત્કાલિક વિતરણ કરવું અને પાણી ભરાઈ જવાના કિસ્સામાં ડ્રેનેજની અસરકારક વ્યવસ્થા કરવા કરવા જણાવ્યું છે. અધિકારીઓને નદીઓના જળ સ્તરનું સતત નિરીક્ષણ કરવા કહ્યું છે.

### ચૂંટણી નજીક આવતા પીઓકેનો મુદ્દો ચર્ચામાં

# પીઓકે આપોઆપ ભારતમાં ભળી જશે, થોડી રાહ જુઓ : વીકે સિંહ

### કેન્દ્રીય મંત્રી અને પૂર્વ આર્મી ચીફ જનરલે રાજસ્થાનના એક કાર્યક્રમ દરમિયાન તેમને પૂછવામાં આવેલ પ્રશ્નમાં આ અંગે જવાબ આપ્યો

। નવી દિલ્હી, તા.૧૨ ।

ચૂંટણી નજીક આવતા જ પાકિસ્તાન અધિકૃત કાશ્મીર (પીઓકે) અવાનવાર ચર્ચાનો વિષય બનતો હોય છે. આ વર્ષના અંત સુધીમાં રાજસ્થાનમાં ચૂંટણી યોજાવાની છે. આ પહેલા તમામ રાજકીય પક્ષ સતામાં આવવા માટેના તમામ પ્રયાસો કરી રહ્યા છે. એવામાં રાજસ્થાનની મુલાકાતે ગયેલા કેન્દ્રીય મંત્રી અને પૂર્વ આર્મી ચીફ જનરલ વીકે સિંહએ પણ પીઓકેને લઈ એક મોટું નિવેદન આપ્યું છે. રાજસ્થાનના એક કાર્યક્રમ દરમિયાન તેમને પૂછવામાં આવેલ પ્રશ્નમાં આ અંગે જવાબ આપ્યો હતો. તેમને પ્રશ્ન કરવામાં આવ્યો કે, પીઓકેના લોકો ભારતમાં વિલીનીકરણની માંગ કરી રહ્યા છે. આ મુદ્દે ભાજપનું શું વલણ છે? આ પ્રશ્નના



જવાબમાં તેમણે પીઓકેના ભારતમાં વિલીનીકરણની વાત કરી હતી. ભાજપની પરિવર્તન સંકલ્પ યાત્રામાં જનરલ વીકે સિંહ રાજસ્થાન પહોંચ્યા હતા. રાજસ્થાનના દૌસામાં પૂર્વ આર્મી ચીફ જનરલ વીકે સિંહને પૂછવામાં આવ્યું કે શું પીઓકેના શિયા મુસ્લિમો ભારત સાથે સરહદમાં વિલીનીકરણની વાત કરી રહ્યા છે. તમે આ અંગે શું કહેવા માંગો છો? ત્યારે તેમણે જવાબ આપ્યો કે, પીઓકેઆપોઆપ ભારતમાં ભળી જશે.

### અયોધ્યામાં રામમંદિરની તૈયારી જોરશોરમાં

# એસએસએફના ૮૦ જવાનોનું જૂથ અયોધ્યા મંદિર પહોંચ્યું

। અયોધ્યા, તા.૧૨ ।

અયોધ્યામાં રામજન્મભૂમિની તૈયારીઓ જોરશોરથી ચાલી રહી છે. ભગવાન રામના બની રહેલા મંદિરનું ઉદ્ઘાટન આગામી વર્ષે જાન્યુઆરીના ત્રીજા સપ્તાહમાં થઈ શકે તેવી સંભાવના છે, ત્યારે તેની સુરક્ષા માટે એક મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. રામ લલ્લાના અભિષેક સમારોહ માટે સુરક્ષા વ્યવસ્થાની બ્લુ પ્રિન્ટ લગભગ તૈયાર છે. સમારોહ માટે પાંચ લાખથી વધુ શ્રદ્ધાળુઓ આવે તેવી શક્યતા છે. સમારોહ દરમિયાન રામજન્મભૂમિ સંકુલમાં પીએમમોદી ઉપરાંત અન્ય વીવીઆઈપીઅને લગભગ દસ હજાર લોકો પણ હાજર રહે તેવી શક્યતા છે.

### ત્રિપુરામાં પેટા ચૂંટણીમાં વિજય બાદ ભાજપની રેલીમાં હિંસા

# ભાજપ અને વિપક્ષ તિપરા મોથાના કાર્યકરોની અથડામણમાં ૧૨ ઘાયલ

। અગરતલા, તા.૧૨ ।

ત્રિપુરાના સિપાહીજાલા જિલ્લામાં સત્તારુઢ ભાજપ અને વિપક્ષી તિપરા મોથા વચ્ચે સોમવારે હિંસક અથડામણ થઈ ગઈ હતી. આ દરમિયાન એક પોલીસ અધિકારી અને બે અન્ય કર્મચારીઓ સહિત ઓછામાં ઓછા ૧૨ લોકો ઘાયલ થયા હતા. પોલીસ અધિકારીએ આજે તેની જાણકારી આપી છે. તાજેતરમાં જ થયેલી પેટા ચૂંટણીમાં જીત બાદ ભાજપ કાર્યકર્તાઓએ સોમવારે એક વિશાળ વિજય રેલી કાઢી હતી. આ દરમિયાન તિપરા મોથા અને ભાજપા કાર્યકર્તાઓ વચ્ચે હિંસક અથડામણ થઈ ગઈ હતી.





સંતરામપુર જિલ્લા અને તાલુકાઓ દરેક ગ્રામ્ય વિસ્તારોમાં પત્રકારો નિમવાના છે સંપર્ક કરો



સંતોષકુમાર જોષી
મો.63550 761743




આણંદ જિલ્લાના તમામ તાલુકાઓમાં માનદ પત્રકાર નિમવાના છે સંપર્ક કરો



મનિષ પ્રજાપતિ
મો.88493 69594

ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત દૈનિક તરફથી

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના નવનિયુક્ત પદાધિકારીશ્રીઓને ખૂબ ખૂબ અભિનંદન



શ્રીમતી પ્રતિભાબેન જૈન
મેયર



શ્રી જતીનભાઈ પટેલ
ડેપ્યુટી મેયર



શ્રી ગૌરાંગભાઈ પ્રજાપતિ
શાસક પક્ષના નેતા



શ્રી દેવાંગભાઈ દાણી
સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન


## ન્યૂઝ બ્રિફ

### ભારત-પાકિસ્તાન વચ્ચે ફાઈનલ થવાની શક્યતા



। નવી દિલ્હી, તા.૧૨ ।

એશિયા કપ ૨૦૨૩માં સુપર-૪નો રોમાંચ હવે બમણો થઇ ગયો છે. ટુર્નામેન્ટમાં અત્યાર સુધી ભારત-પાકિસ્તાન વચ્ચે બે મેચ રમાઈ ચુકી છે. ગ્રુપ સ્ટેજમાં પ્રથમ મેચ વરસાદના કારણે ધોવાઈ ગઈ હતી, પરંતુ બીજી વખત સુપર-૪માં થયેલી ટક્કરમાં ભારતે પાકિસ્તાનને ૨૨૮ રનોથી હરાવ્યું હતું. આ વનડે ઈતિહાસમાં પાકિસ્તાન સામે રનોના મામલે ભારતની સૌથી મોટી જીત છે. આ મેચ સાથે જ સુપર-૪ના પોઈન્ટ્સ ટેબલમાં ભારત પ્રથમ સ્થાને પહોંચી ગયું છે.

### લાલુ પ્રસાદ યાદવ સામે કેસ ચલાવવા ગૃહ મંત્રાલયે મંજૂરી આપી



। નવી દિલ્હી, તા.૧૨ ।

સીબીઆઈને નોકરીના બદલે જમીન કૌભાંડ મામલે લાલૂ પ્રસાદ યાદવ વિરુધ્ધ કેસ ચલાવવાની ગૃહ મંત્રાલય પાસેથી મંજૂરી મળી ગઈ છે. સીબીઆઈએ આ માહિતી રાઉઝ એવન્યુ કોર્ટને આપી હતી. જો કે આ મામલામાં ત્રણ આરોપી અધિકારીઓ પર કેસ ચલાવવા માટે સરકાર તરફથી મંજૂરી મળી ન હતી. સીબીઆઈએ આ મામલે ત્રણ જુલાઈના રોજ સપ્લીમેન્ટ્રી ચાર્જશીટ દાખલ કરી હતી.

### રાજસ્થાનના સીએમ અંગે સોનિયા, રાહુલ-ખડગેનો નિર્ણય અંતિમ : પાયલોટ



। જયપુર, તા.૧૨ ।

આ વર્ષના અંત સુધીમાં રાજસ્થાનમાં ચૂંટણી યોજવાની છે. જેન લઈ રાજકારણ ગરમાયું છે. તમામ પક્ષો દ્વારા સતા પર આવવા માટે જોરશોર પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. આ દરમિયાન સચિન પાયલોટનું એક મોટું નિવેદન સામે આવી રહ્યું છે. કોંગ્રેસના નેતા સચિન પાયલોટે આગામી મુખ્યમંત્રી કોણ હશે તે અંગે મોટો દાવો કર્યો છે.

### સંસદના બન્ને ગૃહમાં નવો ડ્રેસ કોડ લાગુ કરવામાં આવશે

। નવી દિલ્હી, તા.૧૨ ।

અગાઉ કેન્દ્ર સરકારે સંસદનું વિશેષ સત્ર બોલવાની જાહેરાત કરી હતી. આ સત્ર ૧૮થી ૨૨ સપ્ટેમ્બર સુધી ચાલશે. જણાવવામાં આવી રહ્યું છે કે, આ સત્રમાં પાંચ બેઠકો હશે. મહત્વનું છે કે, આ સત્ર દરમિયાન ૧૦થી વધુ મહત્વના બિલ રજૂ કરવામાં આવશે, જેના કારણે વિશેષ સત્ર બોલાવવામાં આવી રહ્યું છે. સંસદના વિશેષ સત્ર દરમિયાન 'એક દેશ એક ચૂંટણી', યુસીસીઅને મહિલા અનામત બિલ પણ રજૂ કરવામાં આવી શકે છે.

# મુકુલ વાસનિકે ગુજરાતમાં એન્ટ્રી કરતા જ લીધું મોટું પગલું

। અમદાવાદ, તા.૧૨ ।

લોકસભાની ચૂંટણી માટે ગુજરાત કોંગ્રેસ એક્વિટ થયું છે. નવા પ્રદેશ પ્રમુખ અને નવા પ્રભારીના જોરે હવે ગુજરાત કોંગ્રેસ લોકસભાની ચૂંટણીમાં ઝંપલાવશે, ત્યારે કોંગ્રેસ દ્વારા લોકસભાની તૈયારીઓ આરંભા દેવાઈ છે. લોકસભાની ચૂંટણી માટે કોંગ્રેસે સહપ્રભારીને પી જવાબદારી સોંપવામાં આવી છે. ગુજરાત કોંગ્રેસ સંગઠન પ્રભારી મુકુલ વસનીકના ત્રણ સહ પ્રભારીમાં લોકસભાની બેઠકોની વહેંચણી કરવામાં આવી છે. એ.આઈ. સી.સી. મંત્રી રામકિશન ઓઝા, બી.એમ. સંદીપ અને ઉષા નાયડુને ગુજરાતની વિવિધ લોકસભા બેઠકોની જવાબદારી સોંપવામાં આવી છે.

રામકિશન ઓઝા : અમદાવાદ પૂર્વ, અમદાવાદ પશ્ચિમ (એસ.સી.), ખેડા, આણંદ, ગાંધીનગર, મહેસાણા, પાટણ, બનાસકાંઠા, સાબરકાંઠા.

બી.એમ. સંદીપ : ભાવનગર, અમરેલી, સુરેન્દ્રનગર, રાજકોટ, જુનાગઢ, પોરબંદર, જામનગર, કચ્છ (એસ.સી.)

ઉષા નાયડુ : પંચમહાલ, દાહોદ (એસ.ટી.), વડોદરા, છોટા ઉદેપુર, ભરૂચ, બારડોલી (એસ.ટી.), નવસારી, સુરત, વલસાડ (એસ.ટી.).

ગુજરાત કોંગ્રેસના પ્રભારી મુકુલ વાસનિક બે દિવસની ગુજરાતની મુલાકાતે છે. તેમની અધ્યક્ષતામાં ગુજરાત કોંગ્રેસ કોર કમિટીની બેઠક મળી હતી. આ બેઠકમાં સંગઠન મજબુત કરવા અંગે વિવિધ સુચનો મેળવાયા હતા. કોર્ડીનેશન સમિતિને મળેલા સુચનોને ધ્યાન પર મુકાયા હતા. કોર કમિટીના વરિષ્ઠ આગેવાનો સાથે આંદોલનાત્મક કાર્યક્રમોની ચર્ચા કરવામાં આવી. લોકસભાની ચૂંટણી સામે સંગઠન અને કાર્યક્રમો કરાશે. લોકપ્રશ્નોને મજબૂતી આપીને અસરકારકતા વધારવા ચર્ચા કરાઈ. જ્યાં નિષ્ક્રિય છે ત્યાં બદલાવ કરી સક્રિય લોકોની નિમણૂક અંગે બેઠકમાં ચર્ચા કરાઈ. આ સાથે જ પોતાની જાતના મૂલ્યાંકન માટે પણ પ્રભારીએ તમામ નેતાઓને સલાહ આપી.



સાબરમતી રિવરફ્રન્ટમાં બોટનું નવું નજરાણું જેની સફર અમદાવાદના લોકો કરી શકશે.

### અમદાવાદમાં ૨૦૧૫થી ચાલતો હતો વેપલો

# હથિયારના સોદાગરની મધ્યપ્રદેશથી ધરપકડ કરાઈ

। અમદાવાદ, તા.૧૨ ।

શહેરની ઝોન-૭ એલસીબીએ થોડા દિવસો પહેલા હથિયારોના ગેરકાયદે વેપારનો પર્દાફાશ કરી નવ પિસ્તોલ, એક રિવોલ્વર, ૬૧ કારતૂસ અને ત્રણ ખાલી મેગઝીન સાથે છ આરોપીઓની ધરપકડ કરી હતી. જે કેસમાં વાસણા પોલીસે હથિયાર આપનાર મુખ્ય આરોપી અપ્સર ઉર્ફે અક્કો ઉર્ફે આફતાબ શેખની એમપીથી ધરપકડ કરી છે.

આરોપીએ પરિવારની જવાબદારી માટે પૈસા મેળવવા માટે ગેરકાયદે હથિયારો વેચ્યા હોવાની કબૂલાત કરી છે. આ સાથે જ સૂત્રોનું કહેવું છે કે, વાસણા પોલીસ આરોપીને પકડવા ગઈ ત્યારે આરોપીએ પોતાની ઓળખ છુપાવી પોતાનું ખોટું નામ બતાવી છટકવાનો પ્રયાસ કર્યો હતો. જો કે, આરોપીના હુલિયા બાબતે પોલીસ જાણતી હોવાથી તે બચી શક્યો ન હતો અને પોલીસ તેને ગાડીમાં બેસાડી અમદાવાદ લઈ આવી હતી. જ્યારે આરોપી સમીર ઉર્ફે સાનુની જ્યારે પોલીસે ધરપકડ કરી ત્યારે તેની બહેને આફતાબને ફોન કરીને જાણ કરી દેતા તેણે પોલીસ સમક્ષ પોતાનું ખોટું નામ બતાવી છટકવાનો પ્રયાસ કર્યો હતો.

મધ્યપ્રદેશથી અમદાવાદમાં હથિયારો વેચવાનું કૌભાંડ ચાલતું હોવાની બાતમી આધારે ઝોન-૭ પોલીસે છ આરોપીઓની ધરપકડ કરી હતી. જેમાં શાહનવાઝ ઉર્ફે શાનુ શેખ, સમીર ઉર્ફે સોનુ પઠાણ, ફરાનખાન પઠાણ, ઉઝેરખાન પઠાણ, ઝૈદખાન પઠાણ, શાહરૂખખાન પઠાણનો સમાવેશ થાય છે.

# વિદેશમાં એડમિશન કરાવવાની લાલચ આપી લાખોની છેતરપિંડી

## વિદેશમાં એડમિશન કરાવવા આ આરોપીઓએ પૈસા લઈ યુનિવર્સિટીની નકલી ફી ભર્યાની સ્લીપ પણ આપી હતી

। અમદાવાદ, તા.૧૨ ।

જો તમને કોઈ વિદેશમાં ભણવા માટે એડમિશન કરાવી આપવાની વાત કરે તો ચેતજો. કેમ કે અમદાવાદના બાપુનગર પોલીસે ત્રણ ગઠિયાની ધરપકડ કરી છે જેને લંડન માં યુનિવર્સિટી વેસ્ટ ઓફ લંડનમાં એડમિશન આપવાનું કહીને લખોની છેતરપિંડી આચરી છે. બાપુનગર પોલીસ ની ગિરફતમાં આવેલા આ આરોપીના નામ છે દર્શિત રૈયાણી, વર્જ માલવિયા અને દીપ પટેલ. બાપુનગર પોલીસે આ ત્રણની ૧૧ લાખની છેતરપિંડીના કેસમાં ધરપકડ કરી છે. ગત ૪ તારીખે ફરીયાદીએ ફરિયાદ નોંધાવી હતી કે પોતાના પુત્રને અભ્યાસ અર્થે વિદેશ એટલે કે લંડન મોકલવો હતો જેને લઈ ને દર્શિત રૈયાણી , વર્જ માલવિયા અને દીપ પટેલ સાથે સંપર્ક થયો હતો. જેમાં યુનિવર્સિટી વેસ્ટ ઓફ લંડન માં કોમ્પ્યુટર એન્જિનીયરીંગના અભ્યાસ માટે એડમિશન કરાવી આપવાનું કહ્યું હતું. જે અભ્યાસની ફી ૧૧ લાખ ૫૦ હાજર ભરવાની હતી. જેથી ફરિયાદીએ પોતાના બેંક એકાઉન્ટ માંથી ૧૧ લાખ ૫૦ હજાર આરોપીઓના ખાતામાં જમા કરાવ્યા હતા. ત્યાર બાદ આરોપીઓએ એક લેટર અને ફીની સ્લીપ સામે વોટ્સએપમાં મોકલી આપી હતી. ત્યાર બાદ ફરિયાદીએ આરોપી તરફથી વૉટ્સએપમાં મળેલ યુનિવર્સિટી વેસ્ટ ઓફ લંડનનો લેટર અને ફી ભરેલ સ્લીપની તપાસ કરતા જાણવા મળ્યું હતું કે આવી કોઈ જ ફી ભરવા માં નથી આવી. ત્યારે ફરિયાદીએ આરોપીઓનો સંપર્ક કરવામાં આવ્યો ત્યારે આરોપી દર્શિત રૈયાણી, વ્રજ માલવિયા અને દીપ પટેલ ધાક ધમકી આપી હતી. પૈસા પરત કરવા બાબતે ત્યારે ફરિયાદીને માલુમ થયું કે પોતે છેતરાયા છે ત્યારે બાપુનગર પોલીસનો સંપર્ક કરી દર્શિત રૈયાણી, વ્રજ માલવિયા અને દીપ પટેલ વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવી હતી. બાપુનગર પોલીસે ફરિયાદના આધારે દર્શિત રૈયાણી, વ્રજ માલવિયા અને દીપ પટેલની ધરપકડ કરી ને પ્રાથમિક પૂછપરછ હાથ ધરી છે. જેમા લેટર અને ફીસ ભરેલ સ્લીપ બનવાતી હોવાનું સામે આવ્યું છે. ત્યારે બાપુનગર પોલીસે તપાસ શરુ કરી છે કે આ લેટર અને સ્લીપ ક્યાંથી બનાવી છે.

# ડીસીપીને રાત્રે ચેકિંગ કરવાની સૂચનાઓ આપવામાં આવી

। અમદાવાદ, તા.૧૨ ।

અમદાવાદમાં બનેલ ઓગણજ લૂંટ કેસ મામલે ગુજરાત હાઈકોર્ટે ગંભીર નોંધ લીધી છે. હાઈકોર્ટે આ કેસમાં વધુ સુનાવણી દરમિયાન પોલીસને મહત્વપૂર્ણ નિર્દેશ કર્યા છે. ત્યારે સોલામાં ટ્રાફિક પોલીસે કરેલા તોડકાંડ બાદ અમદાવાદ શહેર પોલીસ કમિશનરે નવો પરીપત્ર જાહેર કર્યો છે. પોલીકર્મીઓને છ મુદ્દાની સૂચના આપતો પરીપત્ર જાહેર કરાયો છે. જેમાં શહેરની પોલીસને ખાસ સૂચનાઓનો અમલ ફરજિયાતપણે કરવાનું જણાવાયું છે. સોલામાં ટ્રાફીક પોલીસ દ્વારા તોડ કરવાના ગંભીર મુદ્દા બાદ અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર દ્વારા અમલવારી પત્ર જાહેર કરાયો છે. કુલ ૬ મુદ્દા સાથેનો પત્ર જાહેર કરવામાં આવ્યો છે. નાઈટ દરમિયાન પોલીસ અધિકારી કર્મચારી નેમ પ્લેટ સાથે સંપૂર્ણ ડ્રેસમાં રહેવું. નાઈટમાં પોતાને ફાળવેલ પોઈન્ટ પર જ પોલીસ કર્મીએ હાજર રહેવું. નાઈટમાં નાગરિકને ખોટી રીતે હેરાન કરનાર સામે તાત્કાલિક પગલાં લેવા સહિતના અનેક મુદ્દાઓનો તેમાં સમાવેશ કરાયો છે. સોલા તોડકાંડ મુદ્દે ગુજરાત હાઈકોર્ટે ગંભીરતાથી નોંધ લીધી હતી. જેના બાદ પોલીસને મહત્વના નિર્દેશ કર્યા છે. હાઈકોર્ટે કહ્યું હતું કે પોલીસ એરપોર્ટ, રેલવે સ્ટેશન જેવી જગ્યાઓએ ફરજિયાત યુનિફોર્મ પહેરશે. તેમજ યુનિફોર્મ પર ફરજિયાત નેમપ્લેટ લગાવેલી હોવી જોઈએ.

યુનિફોર્મ અને નેમપ્લેટ વગર પોલીસ રાત્રે ડ્યુટી નહીં કરી શકે. તથા મહિલાઓ માટે સ્પેશિયલ સુરક્ષાની જરૂર હોવાનું કોર્ટને લાગ્યું હતુ.

જેથી મહિલા પોલીસ ઓફિસરને પણ રાત્રે ડ્યુટી સોંપવા જણાવ્યું હતું. કોર્ટે પોલીસને મહિલા ઓફિસરોની સુરક્ષાનું ધ્યાન રાખવા પણ ટકોર કરી હતી. સાથે જ આવનારા સમયમાં આવતા તહેવારોને લઈને પોલીસને નાગરિકોની સુરક્ષા વ્યવસ્થા સઘન કરવા જણાવ્યું હતું. આ કેસમાં આગામી ૨૦ સપ્ટેમ્બરના રોજ સુનાવણી હાથ ધરાશે.

## કૌટુંબિક સગાએ બ્લેકમેઇલ કરી અવારનવાર દુષ્કર્મ આચર્યું

। અમદાવાદ, તા.૧૨ ।

શહેરના અમરાઈવાડી વિસ્તારમાં કૌટુંબિક સગાએ એકલતાનો લાભ ઉઠાવી મહિલાની સાડી ખેંચી વીડિયો બનાવી લીધો અને ત્યારબાદ આ વીડિયો વાયરલ કરવાની ધમકી આપી અવારનવાર શારીરિક સંબંધ બાંધ્યો. એટલું જ નહીં, મહિલાને વડોદરા હોટલમાં લઈ ગયો અને ત્યાં પણ તેની મરજી વિરૂદ્ધ શારીરિક સંબંધ બાંધતા મહિલાએ સમગ્ર ઘટનાની જાણ તેના પરિવારજનોને કરી છે.

## વિશેષ લેખ

### લાખો મહિલાઓની પ્રેરણા મૂર્તિ પદ્મશ્રી વુમન : સુધા મૂર્તિ એક અનોખું વ્યક્તિત્વ

# ઈજનેર, અધ્યાપિકા, લેખીકા સામાજિક કાર્યકર્તા, શિક્ષક અને સેવાભાવી સમાજ સેવીકા, દાતા સહીત અનેક ભૂમિકામા સુધા મૂર્તિ મહિલા સમાજનું ગૌરવ



**સાંપ્રત પ્રવાહો**

લેખક : દીપક જગતાપ

હમણાં ટીવી પર કોમેડીયન કપિલ શર્માનો કોમેડી શો જોયો. એમાં ટાટા ગ્રુપની પ્રથમ મહિલા એન્જિનિયર બનનાર સફળ મહિલા સુધા મૂર્તિનો પ્રેરણાદાયક ઈન્ટરવ્યૂ મને સ્પર્શી ગયો. એક મહિલા સફળ ઈજનેર, અધ્યાપિકા, લેખીકા, સામાજિક કાર્યકર્તા, શિક્ષક, અને સેવાભાવી સમાજ સેવીકા, દાતા સહીત અનેક ભૂમિકામા સુધા મૂર્તિએ મહિલા સમાજનું ગૌરવ વધાર્યું છે.જબરદસ્ત સેન્સઑફ હ્યુમર, સેવાની ઉદાત્ત ભાવનાજેવા એક સામટા ગુણો ધરાવતા સુધા મૂર્તિ મહિલા સશક્તિકરણનું ઉત્તમ ઉદાહરણ પુરવાર થયાં છે.બહુ ઓછી મહિલાઓમાઆટલા બધાં ગુણો હોય છે. સુધામૂર્તિ એમાંના એક છે.

એમનો પરિચય જોઈએ તો સુધા મૂર્તિએ તેમની વ્યાવસાયિક કારકિર્દીની શરૂઆત કમ્પ્યુટર સાયન્સ અને એન્જિનિયરિંગમાં કરી હતી. તે ઈન્ફોસિસ ફાઉન્ડેશનના અધ્યક્ષ અને ગેટ્સ ફાઉન્ડેશનની જાહેર આરોગ્ય સંભાળની પહેલના સભ્ય છે. તેમણે અનેક અનાથાલયોની સ્થાપના કરી, ગ્રામીણ વિકાસના પ્રયત્નોમાં ભાગ લીધો, કર્ણાટકની તમામ સરકારી શાળાઓને કમ્પ્યુટર અને પુસ્તકાલયની સુવિધા પ્રદાન કરવાના આંદોલનને સમર્થન આપ્યું, અને હાર્વર્ડ યુનિવર્સિટીમાં ''ધ મૂર્તિ ક્લાસિકલ લાઈબ્રેરી ઓફ ઈન્ડિયા''ની સ્થાપના કરી. સુધા મૂર્તિએ કર્ણાટકની તમામ શાળાઓમાં કમ્પ્યુટર અને પુસ્તકાલયની સુવિધાઓ દાખલ કરવાનું એક સાહસિક કદમ ઉઠાવ્યું. તેમને ૧૯૯૫ માં બેંગ્લોર ખાતે રોટરી ક્લબ દ્વારા "બેસ્ટ ટીચર એવોર્ડ" થી સન્માનિત કરવામાં આવ્યા હતા. સુધા મૂર્તિ તેમના સામાજિક કાર્ય અને કન્નડ અને અંગ્રેજીમાં સાહિત્યમાં ફાળો આપવા માટે જાણીતા છે. ડોલર વહુ એ તેમની મૂળ કન્નડામાં લખાયેલી અને બાદમાં અંગ્રેજીમાં અનુવાદિત થયેલી લોકપ્રિય નવલકથા છે જે ૨૦૦૧માં જી ટીવી દ્વારા એક ધારાવાહિકના તરીકે રજૂ કરવામાં આવી હતી.સુધા મૂર્તિએ મરાઠી ફિલ્મ ''પિતૃઋણ'' અને કન્નડ ફિલ્મ ''પ્રાર્થના''માં પણ કામ કર્યું છે. તેઓ કૌન બનેગા કરોડપતિ સીઝન ૧૧માં પણ જોવા મળ્યા હતા. સુધા મૂર્તિનો જન્મ એક બ્રાહ્મણ પરિવારમાં થયો હતો. તેમનો ઉછેર તેના માતાપિતા તથા નાનાનાની દ્વારા કરવામાં આવ્યો હતો. મૂર્તિએ બી.વી.બી કોલેજ ઓફ એન્જિનિયરિંગ એન્ડ ટેક્નોલોજીમાંથી ઈલેક્ટ્રીકલ એન્ડ ઈલેક્ટ્રોનિક્સ એન્જિનિયરિંગ વિષયમાં પ્રથમ સ્થાન મેળવી કર્ણાટકના મુખ્યમંત્રીને હસ્તે ગોલ્ડ મેડલ મેળવ્યો. ઉપરાંત ભારતીય વિજ્ઞાન સંસ્થામાંથી કમ્પ્યુટર સાયન્સમાં અનુસ્નાતક અભ્યાસમાં પ્રથમ સ્થાન મેળવી ભારતીય ઈજનેરી સંસ્થામાંથી સુવર્ણ ચંદ્રક મેળવ્યો. સુધા મૂર્તિ ભારતની સૌથી મોટી ઓટો ઉત્પાદક ટાટા એન્જિનિયરિંગ અને લોકોમોટિવ કંપની (ટેલકો) ખાતે પ્રથમ મહિલા એન્જિનિયર તરીકે પસંદગી પામ્યાં. તેઓ કંપનીની પૂણે ખાતેની ઓફિસમાં ડેવલપમેન્ટ એન્જિનિયર તરીકે જોડાયા. બાદમાં મુંબઈ અને જમશેદપુર ખાતે પણ કામ કર્યું. તેણે કંપનીના અધ્યક્ષને પોસ્ટકાર્ડ લખીને ટેલ્કો ખાતે લિંગભેદના પક્ષપાતની ફરિયાદ કરી હતી. પરિણામે, તેમને એક વિશેષ ઈન્ટરવ્યૂ દ્વારા નોકરીમાં લેવામાં આવ્યા. બાદમાં તેમણે પુણે ખાતે વોલચંદ ગ્રુપ ઓફ ઈન્ડસ્ટ્રીઝમાં સિનિયર સિસ્ટમ્સ એનાલિસ્ટ તરીકે જોડાયાં.૧૯૯૬માં, તેમણે ઈન્ફોસીસ ફાઉન્ડેશનની શરૂઆત કરી અને આજ સુધી ઈન્ફોસીસ ફાઉન્ડેશનના ટ્રસ્ટી અને બેંગ્લોર યુનિવર્સિટીના પીજી સેન્ટરમાં વિઝિટિંગ પ્રોફેસર રહી ચૂક્યા છે. તેમણે ક્રાઈસ્ટ યુનિવર્સિટી ખાતે પણ અધ્યાપન કાર્ય કર્યુ હતું. તેમના ઘણા પુસ્તકો પ્રકાશિત થયા છે, જેમાંના બે પ્રવાસ, બે તકનીકી પુસ્તકો, છ નવલકથાઓ અને ત્રણ શૈક્ષણિક પુસ્તકો છે.

એન્જિનિયરિંગની તમામ શાખાઓની એમટેકમાં પ્રથમ ક્રમ પ્રાપ્ત કરવા બદલ ભારતના ભારતીય ઈજનેરોના ગોલ્ડ મેડલ કર્ણાટકના મુખ્યમંત્રી દેવરાજ ઉર્સ તરફથી કર્ણાટકની તમામ યુનિવર્સિટીઓનાં



એન્જિનિયરિંગના બી.ઇ.માં સૌથી વધુ ગુણ પ્રાપ્ત કરવા બદલ ગોલ્ડ મેડલ એસએસએલસીમાં સૌથી વધુ ગુણ પ્રાપ્ત કરવા બદલ કેશ એવોર્ડ કર્ણાટકની યુનિવર્સિટી પરીક્ષાઓમાં પ્રથમ સ્થાને રહેવા માટે સીએસ દેસાઈ ઈનામ કર્ણાટકના ઉત્કૃષ્ટ એન્જિનિયરિંગ વિદ્યાર્થી હોવા બદલ કર્ણાટક સરકાર તરફથી યુવા સેવા વિભાગનું ઈનામ ૧૯૯૫: રોટરી ક્લબ ઓફ બેંગ્લુરુ તરફથી શ્રેષ્ઠ શિક્ષકનો એવોર્ડ,પબ્લિક રિલેશન સોસાયટી દ્વારા ઈન્ડિયા સામાજિક સેવા બદલ રાષ્ટ્રીય એવોર્ડકન્નડમાં તેના તકનીકી પુસ્તક માટે 'અત્તિમાબ્બે'' પુરસ્કાર રોટરી દક્ષિણ હુબલી દ્વારા ઉત્તમ સમાજ સેવા માટે એવોર્ડ.૨૦૦૦મા સાહિત્ય અને સામાજિક કાર્ય ક્ષેત્રે સિદ્ધિ બદલ 'કર્ણાટક રાજ્યોત્સવ' વર્ષ ૨૦૦૦ નો રાજ્ય પુરસ્કાર વર્ષ ૨૦૦૦ માટે ઉત્તમ સામાજિક કાર્ય માટે 'ઓજસ્વિની' એવોર્ડ 'મિલેનિયમ મહિલા શિરોમણિ' એવોર્ડ.ચેન્નાઈમાં શ્રી રાજા-લક્ષ્મી ફાઉન્ડેશન દ્વારા ૨૦૦૪ રાજા-લક્ષ્મી એવોર્ડ ૨૦૦૬મા સાહિત્યનો આર.કે. નારાયણ પુરસ્કાર. ૨૦૧૧મા મૂર્તિને ભારતમાં ( કાનૂની શિક્ષણના પ્રસાર અને શિષ્યવૃત્તિને પ્રોત્સાહન આપવા માટે તેમના યોગદાન બદલ માનદ એલ.એલ.ડી. (ડોક્ટર ઓફ લો)ની પદવીથી સન્માનિત કરાયાં.

૨૦૧૩મા નારાયણ મૂર્તિ અને સુધા મૂર્તિને બાસવેશ્વરા મેડિકલ કોલેજ સભાગૃહમાં સમાજમાં ફાળો આપવા બદલ ''બસાવા શ્રી'' એવોર્ડ એનાયત કરવામાં આવ્યો. બાસવા શ્રી એવોર્ડમાં તકતી અને એક લાખનો ચેક આપવામાં આવ્યો છે, સુધા મૂર્તિએ એવોર્ડની રકમ એક અનાથાશ્રમને દાન કરી દીધી.

૨૦૧૮મા મૂર્તિને ક્રોસવર્ડ-રેમન્ડ બુક એવોર્ડ્સ પર લાઈફ ટાઈમ એચિવમેન્ટ એવોર્ડ મળ્યો.

૨૦૧૯મા સુધા મૂર્તિને ટેલિવિઝન તરફથી "હેમ્મેયા-કન્નડિગા" એવોર્ડ મળ્યો. ૨૦૧૯મા આઈઆઈટી કાનપુર દ્વારા તેમને ડોક્ટર ઓફ સાયન્સની માનદ પદવી એનાયત કરાઈ. ભારત સરકાર દ્વારા તેમને ભારતના ચોથા સર્વોચ્ચ નાગરિક એવોર્ડ "પદ્મ શ્રી" એનાયત કરવામાં આવ્યો છે. આટલા બધાં એવોર્ડ અને ઉચ્ચ સન્માન મેળવનાર પહેલી ભારતીય મહિલા કહી શકાય.

સુધા મૂર્તિએ પૂણેના ટેલ્કોમાં એન્જિનિયર તરીકે નોકરી કરતી વખતે એનઆર નારાયણ મૂર્તિ સાથે લગ્ન કર્યા હતા..દંપતીને અક્ષતા અને રોહન નામના બે બાળકો છે. તેની પુત્રી અક્ષતાએ બ્રિટિશ ભારતીય સ્ટેનફોર્ડના તેના ક્લાસમેટ ઋષિ સુનાક સાથે લગ્ન કર્યા. બ્રિટનના વડાપ્રધાન ઋષિ સુનાક સુધા મૂર્તિ ના જમાઈ થાય.તે યુકેમાં ચેરિટીમાં સામેલ હેજ-ફંડમાં ભાગીદાર છે.

મૂર્તિની ઈન્ફોસિસ ફાઉન્ડેશન એક સાર્વજનિક ચેરીટેબલ ટ્રસ્ટ છે.જેની સ્થાપના ૧૯૯૬માં કરવામાં આવી હતી અને મૂર્તિ ટ્રસ્ટીઓમાંના એક છે. ફાઉન્ડેશન દ્વારા તેમણે પૂરગ્રસ્ત વિસ્તારોમાં ૨૩૦૦ મકાનો બનાવ્યા છે. મૂર્તિના સામાજિક કાર્યોમાં આરોગ્ય, શિક્ષણ, મહિલા સશક્તિકરણ, જાહેર આરોગ્ય, કલા અને સંસ્કૃતિ અને તળિયા સ્તરે ગરીબી નિવારણ આવરી લેવામાં આવ્યા છે. દરેક શાળા માટે પુસ્તકાલયની તેમની દીર્ઘદ્રષ્ટિને પરિણામ અત્યાર સુધીમાં ૭૦,૦૦૦ પુસ્તકાલયો સ્થાપવામાં આવ્યા છે. ઉપરાંત બેંગલુરુ શહેરમાં તેમજ ગ્રામીણ વિસ્તારોમાં ૧૬૦૦૦થી પણ વધુ જાહેર શૌચાલયો બનાવવા મદદ કરી રહી છે. તમિલનાડુ અને આંદામાનમાં સુનામી, કચ્છ - ગુજરાતનો ભૂકંપ, ઓરિસ્સા, આંધ્રપ્રદેશમાં વાવાઝોડા અને પૂર અને કર્ણાટક અને મહારાષ્ટ્રમાં દુષ્કાળ જેવી રાષ્ટ્રીય કુદરતી આફતો સમયે પણ રાહત સામગ્રી પૂરી પાડી છે. સુધા મૂર્તિએ જણાવ્યું કે તે અને તેમના પતિ નારાયણ મૂર્તિ (ઈન્ફોસિસના સહ-સ્થાપક) કંપની શરૂ કર્યાના ૩૦ વર્ષ સુધી ક્યારેય રજા લીધી નથી. તેમણે જણાવ્યું કે મારા પતિ હંમેશા કામ કરતા રહ્યા છે. નારાયણ મૂર્તિ વર્ષમાં ૨૨૦ દિવસ ટૂર પર રહેતા હતા. સુધા મૂર્તિએ કહ્યું કે નારાયણ મૂર્તિએ ૧૯૮૧માં ઈન્ફોસિસની શરૂઆત કરી હતી. આ પછી તે પોતાના કામ પ્રત્યે સંપૂર્ણ સમર્પિત થઈ ગયા હતા. ઘરની સમગ્ર જવાબદારી સુધા મૂર્તિના માથે આવી ગઈ હતી. સુધા મૂર્તિએ કહ્યું, ''અમે ઈન્ફોસિસ શરૂ કર્યા પછી ૩૦ વર્ષ સુધી અમે ક્યારેય વેકેશન પર જઈ શક્યા નહોતા કારણ કે નારાયણ મૂર્તિ હંમેશા કામમાં વ્યસ્ત રહેતા હતા. તેઓ વર્ષમાં ૨૨૦ દિવસ ટૂર પર રહેતા હતા. મેં તેમની પાસેથી ક્યારેય કંઈ અપેક્ષા રાખી નથી. મેં બાળકોને ઉછેર્યા. તે ઘર વિશે કંઈ જાણતા નહોતા. જ્યારે અમારા બાળકો બહાર ગયા ત્યારે નારાયણ મૂર્તિને સમજાયું કે મેં તેમને કેટલો સાથ આપ્યો છે. તમને જાણીને નવાઈ લાગશે કે સુધા મૂર્તિએ ૨૪ વર્ષથી એક પણ સાડી ખરીદીનથી!એનું કારણ જણાવતા જણાવે છે કે

ઈન્ફોસિસ ફાઉન્ડેશનના ચેરપર્સન સુધા મૂર્તિએ સાડી ન ખરીદવા પાછળ એક નક્કર કારણ છે. પીટીઆઈના અહેવાલ મુજબ, તેણે છેલ્લે ૨૪ વર્ષ પહેલા કાશી જતા પહેલા સાડી ખરીદી હતી. તેમણે કહ્યું હતું કે જ્યારે તમે કાશી જાઓ છો, ત્યારે તમારે તે વસ્તુ છોડી દેવી પડશે જે તમને સૌથી વધુ આનંદ આપે છે. તેથી તેણે ખરીદી કરવાનું બંધ કરી દીધું, ખાસ કરીને સાડીઓ. તે હવે માત્ર જરૂરી વસ્તુઓ જ ખરીદે છે. તેણીએ કહ્યું કે તે સૌથી વધુ પુસ્તકો ખરીદે છે અને જરૂરી વસ્તુઓની ખરીદી કરે છે. તેમની પાસે ૨૦ હજારથી વધુ પુસ્તકો છે. સુધા મૂર્તિ તેમની બહેન, પરિવારના સભ્યો અને મિત્રો દ્વારા તેમને ભેટમાં આપેલી સાડી પહેરે છે.

### કોહલી-રાહુલની સદી, કુલદીપની પાંચ વિકેટ

# એશિયા કપ સુપર-૪ની મેચમાં ભારત સામે પાક.નો ૨૨૮ રને કારમો પરાજય

## ભારત તરફથી ટોપ ઓર્ડરના ચારેય બેટરોની દમદાર બેટિંગ કુલદીપે પોતાની ફિરકીમાં પાકિસ્તાની બેટરોને ફસાવ્યા

। કોલંબો, તા.૧૨ ।

વિરાટ કોહલી (૧૨૨) અને કેએલ રાહુલ (૧૧૧) ની શાનદાર સદી બાદ કુલદીપ યાદવની ૫ વિકેટની મદદથી ભારતે એશિયા કપ સુપર-૪ની મેચમાં પાકિસ્તાનને ૨૨૮ રને કારમો પરાજય આપ્યો છે. પ્રથમ બેટિંગ કરતા ભારતે ૫૦ ઓવરમાં ૨ વિકેટે ૩૫૬ રન ફટકાર્યા હતા. જેના જવાબમાં પાકિસ્તાનની ટીમ ૩૨ ઓવરમાં ૮ વિકેટે ૧૨૮ રન બનાવી શકી હતી. ઈજાને કારણે પાકિસ્તાનના બે ખેલાડી બેટિંગ માટે આવ્યા નહીં. આ જીત સાથે ભારતે બે પોઈન્ટ મેળવી લીધા છે. પાકિસ્તાન તરફથી ફખર જમાને સૌથી વધુ ૨૭ રન બનાવ્યા હતા. ફખર ઝમાન કુલદીપ યાદવનો શિકાર બન્યો હતો. ઈમામ-ઉલ-હક માત્ર ૯ રન બનાવી બુમરાહની ઓવરમાં આઉટ થયો હતો. હાર્દિક પંડ્યાએ બાબર આઝમ (૧૦) ને બોલ્ડ કરી પેવેલિયન પરત મોકલી આપ્યો હતો. મોહમ્મદ રિઝવાન ૨ રન બનાવી શાર્દુલનો શિકાર બન્યો હતો. આઘા સલમાન ૨૩ રન બનાવી આઉટ થયો હતો. ઈફ્તિખાર અહમદ પણ ૨૩ રન બનાવી કુલદીપનો શિકાર બન્યો હતો. શાદાબ ખાન ૮ રન બનાવી આઉટ થયો હતો. ફહીમ અશરફ ૪ રન બનાવી કુલદીપની ઓવરમાં બોલ્ડ થયો હતો. જ્યારે નસીમ શાહ અને હારિસ રઉફ ઈજાને કારણે બેટિંગ માટે આવ્યા નહીં. ભારત માટે કુલદીપ યાદવે ૮ ઓવરમાં ૨૫ રન આપી ૫ વિકેટ લીધી હતી. આ સિવાય બુમરાહ, હાર્દિક પંડ્યા અને શાર્દુલને એક-એક સફળતા મળી હતી. પાકિસ્તાન સામે એશિયા કપના સુપર-૪ મુકાબલામાં કેએલ રાહુલ અને વિરાટ કોહલીએ ધમાકો કર્યો હતો. ઈજા બાદ વાપસી કરી રહેલા કેએલ રાહુલે ધમાકેદાર અંદાજમાં પોતાની સદી ફટકારી હતી. રાહુલે ૧૦૦ બોલમાં પોતાની સદી પૂરી કરી હતી. આ તેના વનડે કરિયરની છઠ્ઠી સદી છે. વિરાટ કોહલી ૯૪ બોલમાં ૯ ફોર અને ત્રણ સિક્સ સાથે ૧૨૨ રન બનાવી અણનમ રહ્યો હતો. ભારતના સ્ટાર બેટર વિરાટ કોહલીએ પણ વિશ્વકપ પહેલા કમાલ કરી દીધો છે. કોહલી પાકિસ્તાન સામે એશિયા કપની ગ્રુપ મેચમાં સસ્તામાં આઉટ થયો હતો.



### છ ફોર અને બે સિક્સ સાથે પોતાના વનડે કરિયરની ૪૭મી સદી ફટકારી

**ભારતીય ટીમને આ મેચમાં પ્રથમ બેટિંગ કરવા આમંત્રણ મળ્યું હતું. ત્યારબાદ કેપ્ટન રોહિત શર્મા અને શુભમન ગિલે ટીમ ઈન્ડિયાને આક્રમક શરૂઆત અપાવી હતી. બંનેએ પ્રથમ ઓવરથી જ પાકિસ્તાનના સ્ટાર બોલરો સામે ફટકાબાજી શરૂ કરી હતી. બંને ઓપનરોએ પ્રથમ ૧૦ ઓવરમાં ૬૧ રન ફટકારી દીધા હતા. રોહિત શર્મા ૪૯ બોલમાં ૬ ચોગ્ગા અને ચાર સિક્સ સાથે ૫૬ રન બનાવી આઉટ થયો હતો. જ્યારે શુભમન ગિલે ૫૨ બોલમાં ૧૦ ચોગ્ગાની મદદથી ૫૮ રન ફટકાર્યા હતા. બંનેએ પ્રથમ વિકેટ માટે ૧૨૧ રનની ભાગીદારી કરી હતી. પરંતુ આજે તેણે પાકિસ્તાનના બોલરોનો આક્રમક અંદાજમાં સામનો કર્યો હતો. વિરાટ કોહલીએ માત્ર ૮૪ બોલમાં છ ફોર અને બે સિક્સ સાથે પોતાના વનડે કરિયરની ૪૭મી સદી ફટકારી હતી. વિરાટ કોહલીએ પોતાની ઈનિંગ દરમિયાન વનડે કરિયરમાં ૧૩ હજાર રન પણ પૂરા કર્યા હતા. કોહલીએ સૌથી ઓછી ઈનિંગમાં ૧૩ હજાર રન બનાવવાની સિદ્ધિ મેળવી છે.**

### ભારતા તમામ ખેલાડીઓ ભેગા થયા

# રવિન્દ્ર જાડેજાનો બોલ પાકિસ્તાની બેટ્સમેનના મોંમાં વાગતા લોહીલુહાણ

## મેચમાં મોટો અકસ્માત થયો હતો, વાસ્તવમાં રવિન્દ્ર જાડેજાનો એક બોલ પાકિસ્તાની બેટ્સમેન આગા સલમાનના ચહેરા પર વાગ્યો હતો





। કોલંબો, તા.૧૨ ।

કોલંબોના આર પ્રેમદાસા સ્ટેડિયમમાં ભારત અને પાકિસ્તાન વચ્ચે એશિયા કપ ૨૦૨૩ની સુપર-૪ મેચમાં મોટો અકસ્માત થયો હતો. વાસ્તવમાં રવિન્દ્ર જાડેજાનો એક બોલ પાકિસ્તાની બેટ્સમેન આગા સલમાનના ચહેરા પર વાગ્યો હતો. બોલ વાગતાની સાથે જ આગા સલમાનના ચહેરા પરથી લોહી વહેવા લાગ્યું, જેના પછી મેદાનમાં અંધાધૂંધી મચી ગઈ. આખા સલમાનના ચહેરા પરથી લોહી નીકળતું જોઈને ટીમ ઈન્ડિયાના ખેલાડીઓ મેદાનમાં તેની આસપાસ એકઠા થઈ ગયા. મેદાન પર આ દ્રશ્ય જોઈને સ્ટેડિયમમાં હાજર દર્શકો પણ ડરી ગયા. વાસ્તવમાં થયું એવું કે પાકિસ્તાનની ઈનિંગની ૨૧મી ઓવરમાં ટીમ ઈન્ડિયાનો લેફ્ટ આર્મ સ્પિનર રવિન્દ્ર જાડેજા બોલર માટે આવ્યો. આ દરમિયાન પાકિસ્તાનનો બેટ્સમેન આગા સલમાન ક્રિઝ પર હાજર હતો. પાકિસ્તાનની ઈનિંગની ૨૧મી ઓવરમાં ટીમ ઈન્ડિયાના લેફ્ટ આર્મ સ્પિનર ??રવિન્દ્ર જાડેજાના છેલ્લા બોલે આખા સલમાનના ચહેરા પર વાગ્યો. આગા સલમાને તે સમયે હેલ્મેટ પણ પહેર્યું ન હતું. આખા સલમાનના ચહેરા પરથી લોહી નીકળતું જોઈને ટીમ ઈન્ડિયાના ખેલાડીઓ મેદાનમાં તેની આસપાસ એકઠા થઈ ગયા. ટીમના ડૉક્ટર પાકિસ્તાનના ડ્રેસિંગ રૂમમાંથી તરત જ દોડી આવ્યા અને આગા સલમાનને પ્રાથમિક સારવાર આપી. અગાઉ, વિરાટ કોહલી અને લોકેશ રાહુલની અણનમ સદી અને બંને વચ્ચેની અતૂટ બેવડી સદીની ભાગીદારીથી ભારતે વરસાદથી પ્રભાવિત એશિયા કપ ૨૦૨૩ની સુપર-૪ મેચમાં સોમવારે પાકિસ્તાન સામે ૨ વિકેટે ૩૫૬ રન બનાવ્યા હતા. ભારતે પાકિસ્તાન સામે આ ફોર્મેટમાં તેના સર્વોચ્ચ સ્કોરની બરાબરી કરી હતી. પોતાની ૪૭મી સદી દરમિયાન કોહલીએ ૯૪ બોલમાં ૯ ચોગ્ગા અને ૩ છગ્ગાની મદદથી અણનમ ૧૨૨ રન બનાવ્યા હતા. કોહલીએ રાહુલ (અણનમ ૧૧૧) સાથે ત્રીજી વિકેટ માટે ૨૩૩ રનની અતૂટ ભાગીદારી પણ કરી હતી. બંનેએ ડેથ ઓવર્સમાં આક્રમક અભિગમ અપનાવ્યો હતો, જેના કારણે ભારત છેલ્લી ૧૦ ઓવરમાં ૧૦૫ રન જોડવામાં સફળ રહ્યું હતું.

### એશિયા કપમાં ભારતનો શ્રીલંકા સામે મુકાબલો

# રોહિત શર્માના ૨૪૧ વન-ડે ઈનિંગ્સમાં ૧૦ હજાર રન

। કોલંબો, તા.૧૨ ।



ભારત અને શ્રીલંકાની ટીમો કોલંબોમાં આમને-સામને છે. આ મેચમાં ભારતીય ટીમ ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરી રહી છે. આ સાથે જ ભારતીય કેપ્ટન રોહિત શર્માએ વન ડે ઈન્ટરનેશનલ મેચોમાં ૧૦ હજાર રનનો આંકડો પાર કરી લીધો છે. રોહિત શર્માએ ૨૪૧ ઈનિંગ્સમાં ૧૦ હજાર રન બનાવવાની સિદ્ધિ હાંસલ કરી છે. રોહિત શર્માએ શ્રીલંકા સામે પોતાનો ૨૨મો રન બનાવતાની સાથે જ આ વિશેષ માઈલસ્ટોન હાંસલ કર્યો હતો. રોહિત શર્મા વન-ડે ઈન્ટરનેશનલ મેચોમાં સૌથી ઝડપી ૧૦ હજાર રનનો આંકડો પાર કરનાર ત્રીજો વ્યક્તિ બની ગયો છે. આ લિસ્ટમાં વિરાટ કોહલી ટોપ પર છે. વિરાટ કોહલીએ ૨૦૫ ઈનિંગ્સમાં ૧૦ હજાર રનના આંકડાને સ્પર્શ કર્યો હતો. આ યાદીમાં ભારતના પૂર્વ દિગ્ગજ સચિન તેંડુલકર ત્રીજા સ્થાને છે. સચિન તેંડુલકરે ૨૫૯ ઈનિંગ્સમાં આ સિદ્ધિ મેળવી હતી. આંકડા દર્શાવે છે કે અત્યાર સુધી રોહિત શર્મા ૨૪૮ વન-ડે ઈન્ટરનેશનલ મેચ રમી ચૂક્યો છે. રોહિત શર્માએ આ ૨૪૮ ODI મેચોની ૨૪૧ ઈનિંગ્સમાં ૧૦૦૨૫ રન બનાવ્યા છે. રોહિત શર્માના નામે વનડે ફોર્મેટમાં ૩૦ સદી છે. આ સિવાય રોહિત શર્માએ ૫૦ વખત પચાસ રનનો આંકડો પાર કર્યો છે. રોહિત શર્મા ઈતિહાસનો એકમાત્ર એવો બેટ્સમેન છે જેણે ODI ફોર્મેટમાં ત્રણ વખત બેવડી સદીનો આંકડો પાર કર્યો છે. ODI ફોર્મેટમાં રોહિત શર્માએ ૪૯.૧૪ની એવરેજ અને ૯૦.૩૦ની સ્ટ્રાઈક રેટથી રન બનાવ્યા છે.



મુંબઈ ખાતે મેન્સ ક્રિકેટ વર્લ્ડ કપ ટ્રોફી સાથે વિદ્યાર્થીઓએ ફોટો લીધો હતો.

### વિરાટે વન-ડેમાં સૌથી ઝડપી ૧૩ હજાર રનના સચિનના રેકોર્ડને તોડ્યો



। કોલંબો, તા.૧૨ ।

ભારતે એશિયા કપ ૨૦૨૩માં સુપર-૪ રાઉન્ડમાં પાકિસ્તાનને ૨૨૮ રનથી હરાવ્યું હતું. આ ભારતીય ટીમની વનડે ફોર્મેટમાં પાકિસ્તાન સામે સૌથી મોટી જીત હતી. ભારતીય ટીમના સ્ટાર બેટ્સમેન વિરાટ કોહલીએ ૯૪ બોલમાં ૧૨૨ જયારે ઈજાથી લાંબા સમય બાદ ટીમમાં પરત ફરેલા કે એલ રાહુલે ૧૦૬ બોલમાં ૧૧૧ રનની શાનદાર ઈનિંગ રમી હતી. વિરાટ અને રાહુલની શાનદાર સદીના કારણે ભારતે ૩૫૬ રનનો વિશાળ સ્કોર ઉભો કર્યો હતો. જવાબમાં પાકિસ્તાન ટીમ ૩૨ ઓવરમાં માત્ર ૧૨૮ રન જ બનાવી શકી હતી. કુલદીપ યાદવે ગઈકાલની મેચમાં જબરદસ્ત બોલિંગ કરી હતી. કુલદીપે ૨૫ રન આપીને પાકિસ્તાનની ૫ વિકેટ ઝડપી હતી. આ ઉપરાંત વિરાટ કોહલીને પ્લેયર ઓફ ધ મેચ એવોર્ડ પણ મળ્યો હતો. કોહલી સૌથી ઝડપી ૧૩ હજાર રન બનાવનાર ખેલાડી બની ગયો છે. તેણે મહાન ક્રિકેટર સચિન તેંડુલકરનો રેકોર્ડ તોડ્યો હતો. કોહલીએ ૨૬૭ ઈનિંગ્સમાં ૧૩ હજાર રન બનાવ્યા હતા જયારે સચિને ૩૨૧ વનડે ઈનિંગ્સમાં આ આંકડો સ્પર્શ્યો હતો. ગઈકાલની મેચમાં બીજા પણ ઘણાં રેકોર્ડ બન્યા હતા. અહિયાં એવા જ ૧૦ રેકોર્ડ વિશે જણાવવામાં આવ્યું છે.

## લિબિયાના એક શહેરમાં પૂરથી ૨૦૦૦થી વધુનાં મોત

। ડેરના, તા.૧૨ ।

દેશ-દુનિયામાં અનેક જગ્યાએ કુદરતનો કહેર જોવા મળી રહ્યો છે. તાજેતરમાં મોરક્કોમાં વિનાશક ભૂકંપે માનવજીવનને અસ્તવ્યસ્ત કરી નાખ્યું હતું. આ વિનાશકારી ભૂકંપમાં અત્યાર સુધીમાં ૨૮૦૦ લોકોના મૃત્યુ થયા છે. આ ઉપરાંત આફ્રિકન દેશ લિબિયામાં એક કુદરતી આફતે પોક મૂકી છે. લિબિયામાં આવેલ વિનાશક તોફાન અને પૂરના કારણે ભારે તબાહી મચી છે. દેશના પૂર્વી દરિયાકાંઠાના શહેરોમાં પૂરને કારણે બે હજારથી વધુ લોકોના મોત થયા છે અને અનેક લોકો લાપતા છે. પૂર્વી લિબિયન સૈન્યના પ્રવક્તાના જણાવ્યા અનુસાર, ડેરના શહેરમાં પૂરને કારણે લગભગ ૨,૦૦૦ થી વધુ લોકોના મોત થયા છે અને ૫,૦૦૦ થી ૬,૦૦૦ લોકો લાપતા થયા છે.

પૂર્વી લિબિયાના વડાપ્રધાન ઓસામા હમાદે આ ઘટના અંગે જણાવ્યું કે, ડેરના શહેરમાં ભારે પૂરને કારણે વિનાશક સ્થિતિનું સર્જન થયું છે. અહીં અત્યાર સુધીમાં ૨,૦૦૦ લોકોના મોતની આશંકા છે, અને ૫ થી ૬ હજારલોકો લાપતા થયાની સંભાવના છે.

## પોર્ટુગલના શહેરમાં રેડ વાઈનની નદી વહેવા લાગી

। સાઓ લોરેક્રો ડી બૈરૌ, તા.૧૨ ।

પોર્ટુગલમાં રવિવારના દિવસે એક ચોંકાવનારી ઘટના બની હતી. પોર્ટુગલના એક નાનકડા શહેર સાઓ લોરેક્રો ડી બૈરોની શેરીઓમાં રેડ વાઈનની નદી વહેવા લાગી હતી. આ જોઈને ત્યાંના રહેવાસીઓ ચોંકી ગયા હતા. આ ઘટનાનો એક વીડિયો પણ સોશ્યલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. વાયરલ થયેલા આ વીડિયોમાં જોઈ શકાય છે કે લાખો લિટર રેડ વાઈન શહેરની શેરીઓમાં નદીની જેમ વહી રહ્યું છે. મળેલા અહેવાલો મુજબ આ રહસ્યમય વાઈનની નદી શહેરમાં એક ડિસ્ટિલરીમાંથી ઉદ્દભવી હતી, જ્યાં ૨૦ લાખ લિટરથી વધુ રેડ વાઈન બેરલ ધરાવતી ટાંકીઓ અણધારી રીતે ફાટી ગઈ હતી.

### રિક્ટર સ્કેલ પર નોંધાઈ ૫.૧ ની તીવ્રતા

# મણિપુરના ઉખરુલમાં ભૂકંપ, જાન-માલને નુકસાનની ન થઈ

। ઉખરુલ, તા.૧૨ ।



મણિપુરમાં સોમવારે રાત્રે ૧૧.૦૧ કલાકે આ ભૂકંપ આવ્યો હતો. હાલમાં કોઈ જાન-માલના નુકસાનની માહિતી નથી. તમને જણાવી દઈએ કે ૨૧ જુલાઈએ ઉખરુલ જિલ્લામાં ૩.૫ની તીવ્રતાનો બીજો ભૂકંપ આવ્યો હતો. મણિપુરના ઉખરુલ જિલ્લામાં સોમવારે રાત્રે ભૂકંપના જોરદાર આંચકા અનુભવાયા હતા. નેશનલ સિસ્મોલોજી સેન્ટર (NSC) અનુસાર, આ ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૫.૧ માપવામાં આવી હતી. ભૂકંપ ની ઊંડાઈ ૨૦ કિલોમીટર હતી. આ પહેલા બંગાળની ખાડીમાં જીજાંગ, તિબેટ અને મોરોક્કોમાં ભૂકંપના આંચકા અનુભવાયા હતા. દરમિયાન મંગળવારે આંદામાન સમુદ્રમાં ૪.૪ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. NCS અનુસાર, ભૂકંપ મંગળવારે સવારે ૩.૩૯ વાગ્યે આવ્યો હતો અને તે ૯૩ કિલોમીટરની ઉંડાઈએ આવ્યો હતો. સોમવારે વહેલી સવારે બંગાળની ખાડીમાં ૪.૪ની તીવ્રતાનો બીજો ભૂકંપ આવ્યો હતો. NCS, જે દેશમાં ભૂકંપ ની ગતિવિધિઓ પર દેખરેખ રાખવા માટે કેન્દ્ર સરકારની નોડલ એજન્સી છે, તેણે કહ્યું કે ભૂકંપ ૭૦ કિમીની ઊંડાઈએ નોંધાયો હતો.

# સૈન્ય હથિયાર નિષ્ણાતો સાથે કિમ જોંગ રશિયાની મુલાકાતે

## રશિયન પ્રવક્તાએ કહ્યું કે, કિમ જોંગ ઉનની આ મુલાકાત બંને દેશોની દ્વિપક્ષીય વાતચીત માટે મહત્વની છે

। મોસ્કો, તા.૧૨ ।



રશિયા-યુક્રેન યુદ્ધ ઘણા લાંબા સમયથી ચાલી રહ્યું છે. આ યુદ્ધમાં એક નવો વળાંક સામે આવી રહ્યા છે. રશિયા યુદ્ધ માટે કિમ જોંગ ઉન પાસેથી સૈન્ય હથિયારોની ડીલ કરી શકે છે. આ વાત પર અગાઉ એક અમેરિકી મીડિયાએ દાવો કર્યો હતો. આ મામલે કહેવામાં આવી રહ્યું છે કે ઉત્તર કોરિયાના તાનાશાહ કિમ જોંગ ઉન આજે રશિયાની મુલાકાતે ગયા છે. આ મુલાકાતમાં કિમ જોંગ ઉન સાથે હથિયારો બનાવતી કંપનીના માલિકો પણ ગયા છે તેવો એક જાપાની મીડિયાએ દાવો કર્યો હતો. જાપાનની ક્યોડો ન્યૂઝ એજન્સી અનુસાર, કિમ જોંગ ઉન રશિયાના ખાસન સ્ટેશન પર ઉતર્યા છે. ગઈકાલે કિમ જોંગ ઉન ખાનગી ટ્રેન દ્વારા ઉત્તર કોરિયાની રાજધાની પ્યોંગયાંગથી રશિયા જવા રવાના થયા હતા. આ પ્રવાસમાં તેમની સાથે વિદેશ મંત્રી અને સૈન્ય હથિયાર નિષ્ણાતો પણ હાજર છે. રશિયન પ્રવક્તાએ કહ્યું કે, કિમ જોંગ ઉનની આ મુલાકાત બંને દેશોની દ્વિપક્ષીય વાતચીત માટે મહત્વની છે. તેમણે કહ્યું કે, આ સમયગાળા દરમિયાન બંને દેશોના પ્રતિનિધિમંડળો વચ્ચે વાતચીત થશે અને જો સહમતિ બનશે તો કેટલાક કરારો પણ થઈ શકે છે. જો કે, ખાસન પ્રશાસને કિમ જોંગ ઉનના આગમન અંગે મૌન સાધ્યું હતું.

એજન્સી અનુસાર, અમેરિકી નેશનલ સિક્યોરિટી કાઉન્સિલના પ્રવક્તા એડ્રિન વોટસને જણાવ્યું કે, અગાઉ રશિયન ડિફેન્સ મીનીસ્ટર પ્યોંગયાંગના પ્રવાસે ગયા હતા અને આ પ્રવાસ દરમિયાન ઉત્તર કોરિયાએ રશિયા સાથે આર્ટિલરી દારૂગોળોની ડીલને મંજૂર કરવા પ્રયાસ કર્યો હતો. આ માટે એવું માનવામાં આવી રહ્યું છે કે કિમ જોંગ ઉન આ મુલાકાતમાં ડીલને સફળ બનવાનો પ્રયાસ કરશે. ઉત્તર કોરિયાની એક એજન્સીનું માનવું છે કે, કિમ જોંગ ઉને સત્તાધારી પક્ષના ઘણા નેતાઓને પણ પોતાની સાથે લીધા છે. આ ઉપરાંત સૈન્ય અધિકારીઓ પણ બેઠકમાં હાજરી આપશે. ચાર વર્ષ બાદ કિમ જોંગ ઉન અને વ્લાદિમીર પુતિન વચ્ચે આ બીજી મુલાકાત છે.

## તંત્રી લેખ...

# પરિણામોનો સંદેશ, ચૂંટણી પહેલાં પાર્ટી માટે ઝાટકો..

રાષ્ટ્રીય રાજધાની દિલ્હીમાં જી-૨૦ની ઐતિહાસિક શિખર બેઠક માટે વિશ્વના દિગ્ગજ નેતાઓના આગમન વચ્ચે છ રાજ્યોની સાત વિધાનસભા બેઠકો માટે થયેલ પેટા ચૂંટણીઓનાં પરિણામો ઉપરછલ્લી રીતે ભલે મિશ્ર દેખાતાં હોય, પરંતુ વિપક્ષી ગઠબંધન બન્યા બાદ અને આ વર્ષે પાંચ રાજ્યો તથા આગામી વર્ષે લોકસભા ચૂંટણી પહેલાં આવેલાં આ પરિણામોના સુસ્પષ્ટ રાજકીય સંદેશ છે. એકંદરે જોઈએ તો સાત બેઠકોમાંથી ચાર બેઠકો વિપક્ષી ગઠબંધનના ખાતામાં ગઈ છે, જ્યારે ભાજપે ત્રણ બેઠકો જીતી છે. આ સાતમાંથી ઉત્તર પ્રદેશની ઘોસી પર બધાની નજરો હતી, જે બેઠક સપાએ પોતાની પાસે જાળવી રાખી છે, તેમ છતાં પક્ષપલટુ અને અવસરવાદી દારા સિંહની ભારે અંતરથી હાર ભાજપ માટે ચિંતાજનક તો છે જ. ખાસ કરીને એટલા માટે કે ઘોસીની પેટાચૂંટણીને વિપક્ષી ગઠબંધન અને ભાજપ વચ્ચે સીધી લડાઈ ગણાવવામાં આવી રહી હતી. લોકસભા ચૂંટણી પહેલાં ઉત્તર પ્રદેશમાં પેટા ચૂંટણીઓનાં આ પરિણામો ભાજપ માટે સુખદ ન કહી શકાય. જોકે ભાજપ પાસે ત્રણ સીટો હતી અને તેણે ત્રણ જ સીટો જીતી પણ લીધી છે. ત્રિપુરાની ધનપુર સીટ પર તો તેણે પોતાનો કબ્જો યથાવત રાખ્યો જ છે, બોક્સનગરમાં માકપાને તેણે લગભગ ૩૦,૦૦૦ મતોના ભારે અંતરથી હરાવી. એવામાં ત્રિપુરાની ૬૦ સદસ્યોની વિધાનસભામાં ભાજપની સીટો વધીને ૩૩ થઈ ગઈ. તેનાથી સ્પષ્ટ છે કે છ મહિના પહેલાં ત્રિપુરાની સત્તામાં પાછી ફરેલી ભાજપનો દબદબો યથાવત છે. એવી જ રીતે ઉત્તરાખંડની બાગેશ્વર સીટ પર કોંગ્રેસ સાથે આકરી ટક્કર છતાં તેણે એના પર કબ્જો જાળવી રાખ્યો છે. પરંતુ પશ્ચિમ બંગાળમાં જલપાઈગુડીની ધુપગુડી સીટ પર ભાજપની હાર લોકસભા ચૂંટણી પહેલાં પાર્ટી માટે મોટો ઝાટકો છે. જોકે આ બેઠક તૃણમૂલના ઉમેદવારે નજીવા અંતરેથી જીતી છે, પરંતુ તૃણમૂલની જીત વિપક્ષી ગઠબંધનનો ઉત્સાહ વધારનારી છે. વિપક્ષી ગઠબંધનના ઝારખંડ મુક્તિ મોરચાએ ડુમરી સીટ પર પોતાનો કબ્જો જાળવી રાખ્યો છે, તો કેરળની પુથપુલ્લી સીટ પર યુડીએફના ચાંડી ઓમાને ભારે અંતરથી જીત મેળવીને પોતાની સીટ બચાવી લીધી છે. આ દૃષ્ટિએ જોઈએ તો ગઠબંધનના પ્રદર્શનને સંતોષજનક જ કહી શકાય, પરંતુ પેટા ચૂંટણીઓમાં તેમની વચ્ચેના ડખા પણ સામે આવી ગયા છે. જેમ કે ઘોસીમાં સપાને કોંગ્રેસનું સમર્થન હતું, પરંતુ બાગેશ્વરમાં કોંગ્રેસ મુકાબલામાં હોવા છતાં સપાએ પોતાના ઉમેદવાર ઉતારી દીધા હતા. બીજી તરફ મમતાની ટીએમસી પણ બંગાળમાં એકલા ચાલોની જ નીતિ અપનાવી શકે છે અને લોકસભા ચૂંટણીમાં બેઠકોની વહેંચણીમાં તે દાદાગીરી કરી શકે છે. એનાથી પણ એ જાણ થાય છેકે લોકસભા ચૂંટણીમાં સીટો પર સહમતી બનાવવી વિપક્ષી ગઠબંધન માટે કેટલું પડકારજનક રહેવાનું છે.

### શ્રાવણ માસના શિવ મહિમા ૨૭

# રામેશ્વરમ જ્યોર્તિલિંગનો મહિમા જાણીએ



**વિશેષ**

**યશપાલસિંહ ટી. વાઘેલા**



શ્રાવણ માસ મેઘરાજાની હાજરી વગર કાળઝાળ ગરમી મોંઘવારી વચ્ચે સડસડાટ પસાર થઈ ગયો શ્રાવણ માસનો છેલ્લો સોમવાર શિવાલયોમાં શિવ ભક્તોની ભીડ રહી.. ગઈકાલે જૈન સંપ્રદાયમાં પર્યુષણ મહાપર્વની શરૂઆત થઈ. માનવી ધર્મ ગ્રંથો સ્થાનો ગુરુઓ અને તહેવારો થકી સુખ શાંતિ સલામતી સમૃધ્ધિ ઈચ્છે છે. પરંતુ ક્યાંકને ક્યાંક મોહમાયા સ્વાર્થના વર્તુળમાં ફસાઈને પોતેતો દુ:ખી થાય પણ બીજાને દુ:ખી કરે છે ત્યારે તહેવારો થકી વેરઝેરની ભાવના દૂર કરી પોતે અને અન્ય જીવોને શાંતિ આપવા પ્રયત્ન કરે છે. મિચ્છામી દુક્કડમ. પ્રતિક્રમણ એજ દર્શાવે છે. આજે આપણે શ્રાવણ માસમાં શિવ મહિમામાં દશ જ્યોર્તિલિંગનો અને શિવ ભોળાનાથના મહિમા આગળ જાણ્યો. અગિયારમા રામેશ્વરમ જ્યોર્તિલિંગનો મહિમા શ્રાવણ માસમાં શિવ મહિમા ૨૭માં જાણીએ. રામેશ્વરમ મંદિર ભગવાન શિવને સમર્પિત હિંદુ મંદિર છે, જે દેશના તમિલનાડુ રાજ્યના રામેશ્વરમ શહેરમાં આવેલું છે. તે બાર જ્યોતિર્લિંગો માંનું એક છે. આ મંદિર બધાં હિંદુ મંદિરોમાં સૌથી લાંબી પરસાળ ધરાવે છે. મંદિરના શિવલિંગની સ્થાપના ભગવાન રામે લંકા જતા પહેલા કરી હતી. તમિલનાડુમાં આ જ્યોતિર્લિંગ સમુદ્રના કિનારે આવેલું છે.અહીંયાં શ્રીરામે ભગવાન શંકરની પૂજા કરી હતી. રાવણ સાથે યુદ્ધમાં કોઈ પાપ ન થાય તે કારણે ભગવાન રામે મંદિર માં શિવજીની આરાધના કરી હતી રામેશ્વરમ હિન્દુ ધર્મનાં મહત્ત્વનાં તીર્થ સ્થળોમાંનું એક છે.નારાયણ ના સ્વરૂપ એવા શ્રીરામ અને શિવ જીનો વસવાટ આ તીર્થમાં છે. શ્રી રામેશ્વરમનાં દર્શનથી પદ અને વિજય પ્રાપ્તિનું ફળ મળે છે. ભગવાન વિષ્ણુ પૃથ્વી લોક પર રામચંદ્ર તરીકે અવતર્યા હતા તે વખતે દુષ્ટ રાવણ તેમની પત્ની સીતાનું હરણ કરી લંકા જતો રહયો હતો સીતાની શોધમાં શ્રી રામ અને લક્ષ્મણ કિષ્કિંધા નગરી માં રહી, ક્ષુગ્રીવને હિતકારી બની વાલીને માર્યો હતો.

સુગ્રીવ હનુમાન જી તથા અન્ય વાનરોની સહાય લઈ શ્રીરામ દક્ષિણના સમુદ્ર કિનારે ગયા હતા.ત્યાં શ્રીરામને તૃષા લાગતા લક્ષ્મણ જળ લઈ આવ્યા જ્યાં જળ ગ્રહણ કરતા હતા કે તેમણે શંભુનું સ્મરણ થયું તેમણે યાદ આવ્યું કે શિવ દર્શન વિના પાણી કઈ રીતે પીવાય ? શ્રીરામે પ્રભુનું સ્મરણ કરી પાર્થિવ શિવ પુજા કરી,પછી વિધિવિધાન મુજબ શિવની પુજા કરીને પ્રાર્થના કરતા કહ્યું હે ભોળા નાથ આપ શ્રી મારૂ સદૈવ મારું રક્ષણ કરો આપની સહાય વિના કાર્ય સિધ્ધી અશક્ય છે આપના વરદાનથી રાવણે અહં કારી થઈ ત્રિલોક જીત્યા છે.એને જીતવો મુશ્કેલ છે શ્રીરામ સદા શિવ ભોળાનાથ ની પ્રાર્થના કરી હે શંકર, જય જય ભોળે એમ ઊંચે થી ઘોષણા કરી શિવ સમક્ષ નૃત્ય કરવા લાગ્યા. તે મળે ભોળાનાથ પ્રસન્ન થઈ વરદાન માગવા કહ્યું શ્રીરામે કહ્યું; રાવણ સામેના યુદ્ધ માં મારો વિજય માગવા કહ્યું. શ્રીરામે પછી પુનઃ પ્રાર્થના કરી આપ સંતુષ્ટ થયા હોય તો જગત ના લોકોને પાવન કરવા આપશ્રીને અહી રહેવું યોગ્ય છે.

શ્રીરામની પ્રાર્થનાથી શિવ રામેશ્વર જ્યોતિ લીંગ રૂપે સ્થિર થયા.પછી શિવ કૃપાથી શ્રી રામે રાવણ તથા રાક્ષસોનો નાશ કરી સીતાને પ્રાપ્ત કર્યા.રામેશ્વરજ્યોતિ લીંગની પુજા ભોગ તથા મોક્ષ દેનારું છેલ્લ,રામેશ્વર પહોંચવા ચેન્નાઈથી અચવાનો મદુરાઈથી તેમજ તીરચીરપલ્લી થી યાત્રા માટે યાતાયાતની સગવડ ઉપલબ્ધ છે રામેશ્વર એક નાનું અને ભારત ને જમીન થી હટીને સાગરની વચ્ચો વચ્ચ આવેલું તીર્થ છે સમુદ્ર પર રેલવે એ બાંધેલો લાંબો દર્શનીય પુલ પસાર કરીને પન્ન અને મંડપ નામના રેલવે સ્ટેશને મદ્રાસ થઈને આવી શકાય છે પામવન થી ઉત્તર–દક્ષિણે રામેશ્વર અને પૂર્વ પશ્ચિમે ધનુષ્ય કોટિ આવેલા છે સુનામીમાં નાશ પામેલા આ સ્ટેશનના તો અવશેષો જ જોઈ શકાય છે.ભગવદ્ગગો મંડળ નોંધે છે કે શિવના સ્વયં પ્રકાશ બાર જ્યોતિલીંગ માહેનું સેતુબંધ પાસેનું એક જ્યોતિ લીંગ ધરાવતું તીર્થ ક્ષેત્ર રામેશ્વર છે આર્યાવર્ત યાત્રામાં ઉલ્લેખ છે કે અહીના મંદિરનો વિસ્તાર વિધન વિઘામાં છે. વાચક ચાહક શિવ ભક્તો આપના ઉત્સાહ ઉમંગભેર સહકારથી શ્રાવણ માસમાં શિવ મહિમા રજૂ કર્યો તેમાં કયાંક પ્રિન્ટ કે અન્ય પ્રકારની ક્ષતિ જણાઈ હોય તો મનોમન સુધારી વાંચી હશે..

આપ સૌના સારા પ્રતિભાવો કલમને ઉત્તમ બળ પુરું પાડે છે આવો સાથ સહકાર ઉત્સાહ ઉમંગ કાયમ રાખશો. સદા શિવ ભોળા નાથ શંભુ દેવાધિ દેવ મહાદેવ સૌની મનોકામના પૂરી કરે તેવી પ્રાર્થના સાથે અસ્તુ. આવતી કાલે વૈજનાથ જ્યોર્તિલિંગનો મહીમા જોઈશું.

## વિશેષ લેખ

### શીર્ષક- શિવાલયનો મહિમા

# જ્યાં તારકાસુર હણાયો તે જગ્યાએ કુમારેશ લિંગની કાર્તિકેયના હાથે વિજયસ્તંભની સ્થાપના થઈ અને એ જ છે સ્તંભેશ્વરનું લીંગ



**સદગુરુ વચનામૃત**

**સંકલન - ફાલ્ગુની વસાવડા**

શ્રાવણ અંતિમ તબક્કામાં પહોંચી ગયો છે અને લોકો પોતાની ભક્તિની પરાકાષ્ઠાએ શિવને આરાધી રહ્યા છે ગુજરાત ભરમાં વિવિધ સ્થળે શિવાલય આવેલા છે, અને દરેકની કોઈને કોઈ ખાસ લાક્ષણિકતા છે. કોઈનો ઈતિહાસ ત્રેતાયુગ કે દ્વાપર યુગ સાથે જોડાયેલો હોય, તો કોઈનો વિધર્મીઓના આક્રમણથી શિવ પોતે મંદીરની રક્ષા કરી હોય, એવો પણ હોય છે. પરંતુ આજે આપણે એવા શિવાલયની વાત કરવા જઈ રહ્યાં છીએ જ્યારે ભગવાન શિવ શંકર પોતાનો ગૃહસ્થાશ્રમ હજી શરૂ કર્યો ન હતો, એટલે કે સતી જ્યારે દક્ષ યજ્ઞમાં બળીને ભસ્મ થઈ ગયાં, પછી ભગવાન શિવ શંકર સમાધિસ્થ થઈ ગયા હતાં, અને ત્યારે પૃથ્વી પર તાડકાસુર નામના રાક્ષસે પ્રાપ્ત કરી ત્રાસ ફેલાવ્યો હતો, અને તેનો વિનાશ કંઈ રીતે થયો તે આપણે જોઈએ. ભરૂચ જિલ્લાના જંબુસર તાલુકા પાસે કંબોઇ ગામ મહીસાગરના દરિયા વચ્ચે દાદાની આ દર્શનલીલા કરાવનાર તીર્થનું નામ છે " સ્તંભેશ્વર " કાવી કંબોઈના સ્તંભેશ્વર મહાદેવનું આ શિવલીંગ ગુપ્ત શિવલીંગ છે. આ તીર્થનો ઉલ્લેખ શ્રી મહાશિવપુરાણમાં રૂદ્રસહિતાં ભાગ ૨ અધ્યાય ૧ પાન નં ૩૫૮ ઉપર તથા અઢાર પુરાણોમાંનાં સૌથી મોટા સ્કંદ મહાપુરાણમાં કુમારીકા ખંડમાં વિસ્તારથી વર્ણવેલ છે. સ્કંદ પુરાણ પ્રમાણે પાંચ ગુપ્ત શિવલીંગ છે.જેમાંનું એક સૌરાષ્ટ્રનાં દરીયાકાંઠે ભાવનગર પાસે છે,જે વર્ષમાં એકજ વાર દર્શન આપે છે, બીજુ તે કાવી કંબોઈ મહીસાગરનાં સંગમ કાંઠે બાકીના ત્રણ શિવલીંગ મળ્યા નથી. ચોવીસ કલાકમાં બે વખત દરીયાની ભરતી સાથે આ શિવલિંગ પાણીમાં સમાઈ જાય છે, અને ઓટ થવા સાથે ક્રમશઃ એ શિવલિંગના દર્શન થાય છે, જે દ્રશ્યના તમે સાક્ષી બનશો તો ભાવવિભોર બની જશો. ખાસ કરીને અગિયારસ બારસ તેરસની તિથી એ એક તરફ સૂર્યાસ્ત થતો હોય, અને બીજી તરફ ભરતી ઉતરતી હોય તે સમયે સૂર્ય ડૂબવાની સાથે દરીયાની વચ્ચે મહાદેવનાં શિવલીંગના દર્શન કરતાં ભાવિક ભક્તોને અલૌકિક અનુભૂતિ ન થાય તો જ નવાઈ. ન શિખર , ન મંદિર , ન ધજા , ચાંદનીમાં દરિયાનાં ઉછળતાં મોજા વચ્ચે આવા દર્શન તો ભોળાનાથના ભાવિક ભક્તોને ભક્તિમાં તલ્લીન કરી દે છે. દર્શન પહેલાં શિવલિંગના મહાત્મ્ય વિશે જાણશો તો તમારા દર્શનનું મહત્વ બેવડું થઈ જશે. શ્રી સ્તંભેશ્વર મહાદેવની પ્રાચીન કથા સ્કંધ પુરાણની કથા પ્રમાણે પરમ શિવભક્ત તારાકાસુરે અતિ લાંબો સમય તપ કરીને " મને ફક્ત શિવપુત્ર જ અને તે પણ સાત દિવસનો જ મારી શકે, તે સિવાય હું કોઈનાથી પણ ના મરૂં. "આવું વરદાન માંગવા પાછળનો તારકાસુરનો મૂળ આશય તો અમર થવાનો હતો, કારણ કે શિવજી તો વૈરાગી છે. તેમના લગ્ન સંસાર કે બાળકનો પ્રશ્ન જ નથી, એવું તે વિચાર તો હતો, માટે એવું વરદાન પ્રાપ્ત કરીને ત્રણ લોકમાં ત્રાસ ફેલાવી હાહાકાર મચાવી દીધો. તેમાંથી મુક્તિ શંકર પાર્વતીના પુત્ર દ્વારા તારકાસુરના નાશથી જ થાય. શિવ શક્તિથી શ્વેત પર્વતના કુંડમાં ઉત્પન્ન થયેલા કુમાર જો બે દિવસમાં તારકાસુરને ન મારે તો બીજા કોઈથી તે ક્યારેય ન મરાય તેવી ભયંકર ઘડી આવી પહોંચતા વિષ્ણુ ભગવાને કુમાર કાર્તિકેયજીને તેમના જન્મનો હેતુ સમજાવ્યો. છેવટે બે દિવસમાં એટલે કે સાત દિવસના બાળક કાર્તિકેયે તારકાસુરનો નાશ કરવા તારકાસુરની નગરી એટલે આજના ધુવારણ પાસે આવેલ તારાપુર. આજે પણ ત્યાં તારકાસુરનો ટેકરો હયાત છે. દેવોના સૈન્ય તારકાસુર સાથે અસુર સેનાનો નાશ કર્યો અને વિજય મેળવ્યો. આમ વિજય થવા છતાં કુમાર કાર્તિકેયને તારકાસુર શિવભક્ત હતો, તેના નાશ કર્યાનો ડંખ રહેતો હતો, અને કાર્તિકેય પિતૃ ભક્તની હત્યાનું પ્રાયશ્ચિત કરવા માંગતા હતા.

વિષ્ણુ ભગવાને તેમને કહ્યું કે, શિવભક્ત તારકાસુરને મારવો પડ્યો તે બાબતનો શોક દૂર કરવા અખંડ શિવલીંગની સ્થાપના કરો.આમ જ્યાં તારકાસુર હણાયો તે જગ્યાએ કુમારેશ લિંગ તથા વિજયસ્તંભની સ્થાપના કરો.આમ જ્યાં તારકાસુર હણાયો તે જગ્યાએ શિવનંદન કુમાર કાર્તિકેયના હસ્તે કુમારેશ લિંગ સ્તંભેશ્વરની સ્થાપના થઈ . સ્તંભેશ્વર મહાદેવ શિવલીંગની પૂજા કરનાર, સંગમમાં સ્નાન કરી પાપરહિત બની સ્તંભેશ્વરનું અર્ચન ભાવપૂર્વક દર્શન કરી કોઈ ભક્ત મનોકામના યાચે તો તે ભોળાનાથ અવશ્ય પૂર્ણ કરે છે. મનોકામના પૂર્ણ થયા બાદ ભાવિકે માત્ર ફરી પ્રભુના દર્શન કરવા આવવું પડે છે. સ્તંભેશ્વર તીર્થ મહિસાગર સંગમ પર આવેલું છે, તેનું મહાત્મ્ય પણ અનેરુ છે . શિવ કુમાર સ્વામિ કાર્તિકેયજીને પણ આ તીર્થ અંગે ભગવાન શિવના આર્શિવચન છે, કે વારાણસીમાં જેમ હું વિશ્વનાથ રૂપે છું, તેમ આ ગુપ્ત ક્ષેત્રમાં કુમારેશલીંગમાં રહીશ, અને જો તમે કોઈ એક એક સ્થાનમાં બધા જ તીર્થોનો સંયોગ ચાહતા હોય તો પરમ પૂણ્યમય મહિસાગર સંગમ તીર્થમાં ગુપ્ત ક્ષેત્ર કંબોઈ જાઓ. ધર્મદેવનાં વરદાન પ્રમાણે મહિસાગર સંગમતીર્થ સ્તંભેશ્વર તીર્થની શનિવારની અમાવસ્યા એ સ્નાન તથા યાત્રા કરવાથી પ્રભાસની દસ વાર , પુષ્કરની સાત વાર અને પ્રયાગની આઠ વાર યાત્રા કરવાથી જે ફળ પ્રાપ્ત થાય છે તે ફક્ત અહીં એક જ વાર સ્નાન યાત્રા કરવાથી આ સર્વે તીર્થક્ષેત્રોની યાત્રાનું ફળ પ્રાપ્ત થાય છે. સ્તંભેશ્વર તીર્થનું આ કુમારેશ લીંગ ગુપ્ત શિવલીંગ છે, જેનો ખ્યાલ છેલ્લા દોઢ દાયકાથી આવ્યો અને તેનું આજે સ્વામી, વિધાનંદજી જતન કરી રહ્યાં છે. આ તીર્થમાં દરિયા કાંઠે સંસ્કૃત શિક્ષણનો એક સરાહનીય પ્રયાસ છેલ્લા ઘણા વર્ષથી ચાલી રહ્યો છે. સંસ્કૃત હવે સંસ્કૃતિથી દુર ચાલી ગયેલી ભાષા રહી છે. તેમ છતાં પણ આજે જે મહાકાવ્યોનું અસ્તિત્વ છે, તે સંસ્કૃતને આભારી છે. હવે પછીના પેઢીમાં સંસ્કૃતનું અસ્તિત્વ ટકી રહે તે માટે એક શ્રેષ્ઠ પ્રયાસ કાવી કંબોઈમાં સ્તંભેશ્વર આશ્રમમાં વિધાનંદજી મહારાજ કરી રહ્યાં છે. અહીં સમસ્ત ભારતમાંથી થોડા વિધાર્થીઓ ઋદ્રપાઠ, યોગ વૈદિક સંધ્યા, ત્રિકાળ સંધ્યા, વેદપઠન, જ્યોતિષવિધા, વ્યાકરણ વગેરે શીખી રહ્યા છે જે કાશીના વિદ્વાન આચાર્ય દ્વારા શિક્ષણ અપાઈ રહ્યું છે. આ વિધાર્થીઓ તથા કાશીના વિદ્વાન આચાર્યો દ્વારા યાત્રીકોને પુજા, અર્ચના, અભિષેક, જેવી ધાર્મિક વિધીઓ કરાવે છે. તથા આશ્રમની યજ્ઞશાળામાં પણ હોમાત્મક , પાઠાત્મક , લઘુરુદ્ર તથા દરેક અમાસ ને પૂનમે પિતૃતર્પણનું આયોજન પણ ચીવટ પૂર્વક કરવામાં આવે છે.તો ભાવિક ભક્તો શ્રાવણ મહિનામાં પૂજા, અર્ચના, અભિષેક, દર્શન પ્રદક્ષિણા કરી શિવ પુજાનું પુણ્ય લેવાં માટે પહોંચી જતા હોય છે. પુરાણ પ્રસિદ્ધ સ્તંભેશ્વર તીર્થમાં જ્યાં વિશેષ કરીને દરિયાદેવ જ્યારે શિવલીંગ ઉપર આપોઆપ અભિષેક કરે છે, તે દર્શન મનોહારી હોય છે. આ પૌરાણીક તીર્થના માહાત્મ્યે લઈ ભાવિકોએ જીવનમાં એક વખત દર્શન કરવા જેવા છે. તેમ અહીં દર્શન કરી ધન્યતા અનુભવતાં અનેક ભાવિકોનું કહેવું છે, પણ હા આ સમય પત્રક સાથે રાખજો નહીં તો દાદાના દર્શનને બદલે માત્ર ઘુઘવતા મહીસાગરનાં દર્શનથી જ સંતોષ માનવો પડશે.

સૌરાષ્ટ્રના ભાવનગર પાસે આવેલા કોળીયાક ના દરિયા કિનારે પણ આવું એક ગુપ્ત શીવલીંગ એટલે કે નિષ્કલંક મહાદેવ નું મંદિર છે. જ્યાં નથી ઘુમ્મટ, નથી મંદિર, અને સ્વયં દરિયો તેને અભિષેક કરે છે. સૌરાષ્ટ્રના મોટાભાગના શિવલિંગની સ્થાપના, મહાભારત કાળમાં થયેલી છે, એવું પુરાણોમાં જાણવા મળે છે. કૌરવ-પાંડવો ના કુરુક્ષેત્રમાં મહા ભીષણ યુદ્ધમાં પાંડવોનો વિજય થયો, અને પાંડવોને હાથે પોતાના ભાઈભાંડુઓની હત્યા થઈ, આથી તેઓ મનોમન ઉદ્વિગ્ન રહેતો હતા, અને તેઓ આ કારણસર ભગવાન વેદ વ્યાસ પાસે જાય છે, અને ભગવાન શ્રીકૃષ્ણ પાસે પણ જાય છે. ભગવાન શ્રીકૃષ્ણ તેમને એક કાળી ધજા આપે છે, અને કહે છે કે આ ધજા જ્યાં આગળ સફેદ થઈ જાય ત્યાં આગળ તમારુ પાપ નિષ્કલંક કઈ જશે, અને પાંડવો આ ધજા લઈને ઠેરઠેર ઘૂમે છે. અર્જુનને રોજ શિવની આરાધનાનું વ્રત હોવાથી, જ્યાં જ્યાં રાત્રી રોકાણ કરે છે, ત્યાં પાર્થિવ શિવલિંગની સ્થાપના કરે છે. એમ કરતાં કરતાં તેઓ સૌરાષ્ટ્રના ભાવનગર પાસેના કોળીયાક ગામના દરિયા કિનારે આવે છે, અને ધજાનો રંગ સફેદ થઈ જાય છે. આથી પાંચે ભાઈઓ અહીં પાર્થિવ શિવલિંગની કરે છે, અને ત્યાં આગળ તેમનો કલંક ધોવાઈ ગયું હોવાથી, આ મંદિરને નિષ્કલંક મહાદેવ એવું નામ આપવામાં આવ્યું. દરિયામાં ઓટ હોય, ત્યારે આ મંદિરનાં દર્શને જઈ શકાય છે. દરિયા કિનારાથી અંદર એક કિલોમીટરના અંતરે આ શિવલિંગો આવેલા છે, અને ભાવિક ભક્તો ખૂબ શ્રદ્ધાથી આ શિવલિંગની પૂજા-અર્ચના કરે છે. નિષ્કલંક મહાદેવ મંદિરે શ્રાવણ માસ એટલે કે ભાદરવી અમાસ, અને ઋષિ પાંચમ મેળા નું પણ એક અનોખું મહત્ત્વ છે. બે વરસથી તો કોરોના કાળને કાયદાની ગાઈડ લાઈનને, અનુસરીને મેળાઓ બંધ રખાયા છે. નહીં તો અહીં લાખોની સંખ્યામાં શ્રદ્ધાળુ ભક્તો ઉમટી આવે છે. ભગવાનનું સ્થાન મંદિરમાં જે રીતે આલેખ્યું છે, તેમ ભગવાન શિવ શંકરનું એક સ્થાન મંદિર પણ છે, તો આ મન મંદિરમાં તેનો જય ઘોષ થતો રહે, એ માટે થઈને નિત્ય તેના નામ મંત્રનું સ્મરણ કરવું પણ બહુ જરૂરી છે. તો બોલો ઓમ નમઃ શિવાય, ઓમ નમઃ શિવાય, હર હર મહાદેવ.

# શું તમારી પણ કમરમાં બહુ દુખાવો થાય છે?



ઘણા લોકો કમરના દુખાવાને ગંભીરતાથી નથી લેતા અને ડૉક્ટર પાસે જવાનું ટાળે છે. સમૂહમાં સ્નાયુને મજબૂત કરવા અને મુદ્રામાં સુધારો કરવા માટેની કસરતો કરવાથી રાહત થાય છે. કેવી પરિસ્થિતિમાં ડૉક્ટર પાસે ક્યારે જવું જોઈએ? આ પ્રશ્નનો જવાબ આપતાં ડૉ. ધ્યાન પટેલ કહે છે કે, "જ્યારે કમરના દુખાવાના કારણે પગ સુધી દુખાવો થતો હોય, પગમાં ચડવાની સમસ્યા સર્જાય તો તરત ડૉક્ટર પાસે જવું જોઈએ." બ્રશ કર્યા પછી આટલી કાળી ખજૂર ખાઓ, મોટી રાહત થઈ જશે. કાળી ખજૂર ખાવાથી હેલ્થને અનેક ઘણાં ફાયદાઓ થાય છે. આજની આ ભાગદોડ ભરી જીંદગીમાં અનેક લોકોને કમરનો દુખાવો થતો હોય છે. આમ, તમે ડેઈલી કાળી ખજૂર ખાઓ છો તો અનેક ઘણી સમસ્યાઓમાંથી રાહત મળી જશે. કાળી ખજૂર બજારમાં સરળતાથી મળી રહે છે. કાળી ખજૂરનું સેવન તમે રેગ્યુલર કરો છો તો કમરના દુખાવાથી લઈને શરીરને બીજા અનેક ઘણાં ફાયદાઓ થાય છે. એક અહેવાલ અનુસાર દરેક લોકોએ દિવસમાં બેથી ત્રણ કાળી ખજૂર સવારમાં બ્રશ કર્યા પછી ખાવી જોઈએ. તમે નિયમિત રીતે કાળી ખજૂર ખાઓ છો તો દવા લેવાની પણ જરૂર નહીં પડે. તો જાણો તમે પણ દરરોજ કાળી ખજૂર ખાવાથી હેલ્થ અને સ્કિનને થતા આ અઢળક ફાયદાઓ વિશે. તમને કમરમાં બહુ દુખાવો થાય છે અને તમે કંટાળી ગયા છો તો દરરોજ સવારમાં કાળી ખજૂર ખાવાનું શરૂ કરી દો. આ માટે તમે બ્રશ કર્યા પછી તરત જ ત્રણથી ચાર ખજૂર ખાઓ. ખજૂર તમે રેગ્યુલર ખાશો તો કમરના દુખાવામાંથી તમને છૂટકારો મળી જશે. કાળી ખજૂરમાં રહેલા ગુણો તમને અનેક સમસ્યાઓમાંથી બચાવે છે. કાળી ખજૂર આર્યુવેદિક એક્સપર્ટ પણ ખાવાની સલાહ આપતા હોય છે. કાળી ખજૂર ખાવાથી ઈમ્યુનિટી સિસ્ટમ સ્ટ્રોંગ થાય છે. કાળી ખજૂરમાં રહેલા ગુણો ઈમ્યુનિટી સિસ્ટમ સ્ટ્રોંગ કરીને તમને અનેક પ્રકારની બીમારીઓથી બચાવે છે. કાળી ખજૂર તમે બાળકોને ખવડાવો છો તો પણ અનેક ઘણો ફાયદો થાય છે. કાળી ખજૂર ખાવાથી ફિવર પણ જલદી આવતો નથી. તમે ડેઈલી કાળી ખજૂર ખાઓ છો તો હિમોગ્લોબિન સારું થાય છે. ઘણાં લોકોમાં લોહીની ઉણપ હોય છે. આ લોહીની ઉણપને પૂરી કરવા માટે કાળી ખજૂર ખાવી જોઈએ. કાળી ખજૂરથી શરીરમાં લોહી ઝડપી બને છે. સ્કિન પર નેચરલી રીતે ગ્લો લાવવા માટે તમે કાળી ખજૂર ખાવાનું શરૂ કરી દો. કાળી ખજૂર ખાવાથી સ્કિન પર મસ્ત ગ્લો આવે છે અને સાથે ખીલ, કાળા ડાઘા દૂર થઈ જાય છે. કાળી ખજૂર તમારે દરરોજ સવારમાં બ્રશ કર્યા પછી ખાલી પેટે બેથી ત્રણ ખાવાની રહેશે. બેથી ત્રણ ખજૂર ખાવાથી કમરના દુખાવાથી લઈને ઉપર જણાવ્યા મુજબની બધી તકલીફોમાંથી રાહત થાય છે. આ દુખાવો સામાન્ય રીતે બેસતી વખતે કે ઊભા રહેવાથી, શરીરને બેડોળ રીતે વાળવાથી અથવા ખોટી રીતે ભાર ઉપાડવાથી અયોગ્ય મુદ્રાને કારણે થાય છે. પીઠનો દુખાવો સામાન્ય રીતે ગંભીર પરિસ્થિતિ ઊભી કરતો નથી અને તે મોટા ભાગના કિસ્સાઓમાં, તે એકથી બે અઠવાડિયાંમાં સારો થઈ જાય છે. પેઈનકિલરની મદદથી તેનો ઈલાજ કરી શકાય છે. કમરના દુખાવાનાં કારણો અંગે વાત કરતાં અમદાવાદ ઑર્થોપેડિક સર્જન ડૉ. ધ્યાન પટેલ કહે છે કે કમરનો દુખાવો આમ તો ઘણાં બધાં કારણોને લીધે થઈ શકે છે, પરંતુ મોટા ભાગે આ દુખાવો ચાર કારણોને લીધે થતો હોય છે. તેઓ કમરના દુખાવાનાં કારણો વિશે વાત કરતાં કહે છે કે, "કમરના મણકાની આસપાસના સ્નાયુમાં સોજો ચડવાના કારણે કમરનો દુખાવો થઈ શકે છે. કોઈ ભારે વસ્તુ ઉપાડવાથી, ધક્કો મારવાથી, અસામાન્ય રીતે બેસવાની ટેવને કારણે પણ અચાનક કમરના સ્નાયુ પર સોજો ચડી શકે છે.

# ક્યારે દાંત નહીં તૂટે, મોંમાથી વાસ નહીં આવે



આજનાં આ સમયમાં બહુ ઓછા લોકો એવા હોય છે જેઓ પોતાની ઓરલ હેલ્થની કેર યોગ્ય રીતે લેતા હોય છે. આ કારણે અનેક લોકોને મોંમાથી વાસ, દાંતમાં દુખાવાથી લઈને બીજી અનેક ફરિયાદો રહેતી હોય છે. ઓરલ હેલ્થની કેર સ્કિન અને વાળની જેમ કરવાની હોય છે. પરંતુ વાત કરવામાં આવે તો બહુ ઓછા લોકો ઓરલ હેલ્થ પર પૂરતુ ધ્યાન આપતા હોય છે. ઓરલ હેલ્થનું ધ્યાન ના રાખવાને કારણે મોંમાથી વાસ આવવી, દાંત પીળા થવા, દાંત તૂટવાની શરૂઆત થવી આ દરેક પ્રકારની સમસ્યાઓ થાય છે. તો આજે અમે તમને રસોડામાં પડેલી એવી વસ્તુઓ વિશે જણાવીશું જેની મદદથી તમે સરળતાથી મોંને લગતી અનેક પ્રકારની તકલીફોમાંથી રાહત મળી જશે. મોંમાથી વાસ વધારે આવે છે તો તમે બે લવિંગ મોંમા મુકવાનું શરૂ કરી દો. આમ કરવાથી વાસ નહીં આવે અને તમને બીજા સાથે વાત કરવામાં શરમ આવશે નહીં. ઘણાં બધા લોકોને મોંમાથી વાસ આવવાની સમસ્યા હોય છે. દાંતમાં બહુ દુખાવો થાય છે અને તમે કંટાળી ગયા છો તો આ પાવડર બેસ્ટ છે. આ ચૂર્ણ તમે ફટાફટ ઘરે બનાવી શકો છો. આ પાવડર બનાવવા માટે સૌ પ્રથમ તજ, લવિંગ અને કા મરીની માત્રા એક પ્રમાણમાં લઈ લો. હવે લીમડાના પાન લો અને મિક્સરમાં પાવડરમાં બનાવી લો. હવે આ બધી વસ્તુઓને બરાબર મિક્સ કરી લો. પછી આ ચૂર્ણને હાથમાં લો અને બ્રશની મદદથી બ્રશ કરીએ એ રીતે કરી લો. આ પાવડર દાંતના દરેક દુખાવાને દૂર કરી શકે છે. ૧૦ થી ૧૨ લીમડાના પાન, ૪ લવિંગ, ૫ તજ, ૬ કાળા મરી, એક ચમચી હળદર, બે જાયફળ અને ૫ થી ૬ તુલસીના પાન લો. હવે આ બધી વસ્તુને મિક્સર જારમાં લઈ લો અને પાવડર બનાવી લો. ત્યારબાદ આ પાવડરથી દિવસમાં ત્રણથી ચાર વાર દાંત પર ઘસો અને ૨ મિનિટ માટે રહેવા દો. ત્યારબાદ મીઠાના પાણીના કોગળા કરી લો. આ પાવડથી તમે નિયમિત સવારે અને સાંજે બ્રશની જેમ કરો છો તો દાંત મજબૂત થાય છે. આ સાથે દાંત જલદી સડશે પણ નહીં અને મોંમાથી વાસ પણ નહીં આવે.

# શું જે આપણી આંખોને ગંભીર નુકસાન અને આંખના પેશીઓને નુકસાન થતું બચાવે છે તે વિટામિન સી છે??



તમે બટાકા-ટામેટાનું શાક ખાધું હશે. પરંતુ ટામેટાં અને બટાટા એક સાથે તમારી આંખ નીચેના ડાર્ક સર્કલથી પણ છુટકારો આપાવે છે. આ માટે, એક ટમેટાની પેસ્ટ બનાવો અને બટાકાને મિશ્રણ કરો. હવે આ બંનેને મિક્સ કરીને પેસ્ટ તૈયાર કરો અને આંખોની નીચે હાજર ડાર્ક સર્કલ પર લગાવ્યા પછી અડધો કલાક સૂકાયા બાદ ચહેરો ધોઈ લો જરૂરી પોષક તત્વોની યાદીમાં ટોચનું સ્થાન વિટામિન છ છે. આ વિટામિનનો પૂરતો પુરવઠો મેળવવાની એક નિશ્ચિત રીત એ છે કે બીટા-કેરોટિન ધરાવતાં ફળો અને શાકભાજીનું સેવન કરવું, જે વિટામિનનું એક સ્વરૂપ 'રેટિનલ' માં રૂપાંતરિત થાય છે. છ. રેટિના અને 'ઓપ્સિન' નામના પ્રોટીનનું મિશ્રણ 'રોડોપ્સિન' ઉત્પન્ન કરે છે, જે આંખના રેટિનામાં એક મુખ્ય રંગદ્રવ્ય છે જે સારી દ્રષ્ટિમાં ફાળો આપે છે. વિટામિન એ એક મજબૂત એન્ટીઑકિસડન્ટ પણ છે અને ઓક્સિજનના ઉપ-ઉત્પાદનોને દૂર કરે છે જે આંખને નુકસાન પહોંચાડે છે. પ્રોટીન વિટામીન છ ને તેના કાર્યોમાં મદદ કરવા અને આંખના સ્નાયુઓને શ્રેષ્ઠ રીતે કામ કરવા માટે, આપણને સારી માત્રામાં પ્રોટીનની જરૂર છે. વિટામીન સી જો કે જ્યારે પ્રકાશ આપણી આંખોમાં પ્રવેશે છે ત્યારે દ્રષ્ટિ ઉત્પન્ન થાય છે, આ જ પ્રકાશ કેટલાક રસાયણો ઉત્પન્ન કરે છે જે આંખને નુકસાન પહોંચાડી શકે છે. જે આપણી આંખોને આવા નુકસાનથી બચાવે છે તે વિટામિન સી છે. બી-કોમ્પ્લેક્સ વિટામીન. આપણા આહારમાં વિટામિન્સની બી-કોમ્પ્લેક્સ શ્રેણીનો સમાવેશ એ સુનિશ્ચિત કરશે કે આંખો સ્વસ્થ રીતે કાર્ય કરે છે. બી-કોમ્પ્લેક્સ વિટામિન્સ આંખોની આસપાસની ત્વચાને પણ મુલાયમ અને કોમળ રાખે છે, જેથી કાગડાના પગની જેમ વૃદ્ધત્વના કોઈ ચિહ્નો ન રહે. વિટામિન ઈ. આંખોને વધુ સરળતાથી અને ઓછા પ્રયત્નો સાથે ધ્યાન કેન્દ્રિત કરવા દે છે. તે નવી રક્તવાહિનીઓ બનાવવામાં મદદ કરે છે અને આંખની વિકૃતિઓથી પીડાતા જોખમને ઘટાડે છે. લોખંડ, ખનિજોમાં, આયર્ન આંખની પેશીઓમાં રક્તના પરિભ્રમણમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. આયર્નનો અભાવ થાક અને સુસ્તીનું કારણ બને છે, જે આંખોમાં સહેલાઈથી દેખાય છે અને તે જુવાન દેખાવને છીનવી લેશે. જ્યારે આપણી આંખો પર તણાવ અને થાક વધે છે, ત્યારે આંખો નબળી થવા લાગે છે. જેથી આંખની કાળાશ પડી થાય છે. જેને ડાર્ક સર્કલ કહેવામાં આવે છે. આંખોની આસપાસની ત્વચા ખૂબ નાજુક હોય છે અને લોહીના પ્રવાહમાં સ્થિરતા અથવા ભેજની ખોટને લીધે આંખની નીચેની ત્વચા ખરાબ થઈ જાય છે. ડાર્ક સર્કલ દૂર કરવા માટે તમે લાલ ટમેટાંનો ઉપયોગ કરી શકો છો. તે તમારી આંખો હેઠળના ડાર્ક સર્કલોમાંથી છુટકારો અપાવશે. ઝિંક આંખોને ઈન્ફેક્શનથી બચાવે છે. સેલેનિયમ, એક એન્ટીઑક્સિડન્ટ, આંખના પેશીઓને નુકસાન થતું અટકાવે છે. આંખના સ્વાસ્થ્ય માટે ભારતીય વાનગીઓ. ઓટ્સ અને અળસી ની રોટી ની રેસીપી । અળસીની રોટી । હેલ્ધી રોટી એક ચટપટી રોટી જે સામાન્ય રોટી જેવી જ છે અને જીભમાં સ્વાદ ભરાઈ રહે એવો એનો મધુર સ્વાદ તમને જરૂરથી પસંદ પડશે. ઓટ્સ અને અળસી ની રોટી સંપૂર્ણપણે પૌષ્ટિક સામગ્રી વડે તૈયાર કરવામાં આવી છે જે રક્તના ઉંચા દબાણવાળા માટે અતિ ઉત્તમ છે, કારણકે ઓટસ્ માં રહેલા બીટા ગ્લુકાગોન ઉચ્ચ રક્તદાબ અને રક્તમાં કોલેસ્ટ્રોલના પ્રમાણને દાબમાં રાખવા મદદરૂપ રહે છે.

# નપુંસકો માટે રામબાણ ઈલાજ છે આ છોડ, અનેક મોટી બીમારીઓને પણ મારશે લાત





નપુંસકતાનું નિવારણ સપ્તપર્ણીઃ આ છોડમાં ઘણા ઔષધીય ગુણો રહેલા છે. આ છોડના મોટાભાગના ભાગોમાં ઔષધીય ગુણો હોવા છતાં, તેની છાલનો ઉપયોગ સદીઓથી મેલેરિયાના ઈલાજ માટે કરવામાં આવે છે. અર્પિત બડકુલ, દમોહઃ સપ્તપર્ણી આયુર્વેદમાં તે દવાઓમાંથી એક માનવામાં આવે છે. જેમાં ઘણા પ્રકારના સ્વાસ્થ્ય લાભો છે. તે સદાબહાર વૃક્ષ છે. જેમાં ડિસેમ્બરથી માર્ચ દરમિયાન નાના લીલા અને સફેદ ફૂલો નીકળે છે. મધ્યપ્રદેશના બુંદેલખંડ વિસ્તારમાં આ ઔષધીય છોડ ભાગ્યે જ જોવા મળે છે. પરંતુ, આજે પણ, આ ઔષધીય છોડ દમોહ જિલ્લાના દૂરના ગ્રામીણ વિસ્તારોમાં જોવા મળે છે, જે ખૂબ જ મજબૂત અને ખાસ સુગંધ આપે છે. આ છોડ ભારતમાં મોટાભાગે હિમાલયના પ્રદેશો અને આસપાસના વિસ્તારોમાં ઉગે છે. છોડની છાલ રાખોડી રંગની હોય છે. જો કે, પરંપરાગત રીતે તેનો ઉપયોગ ક્રોનિક ડાયેરિયા, પેટમાં દુખાવો, સાપ કરડવાની સારવાર, દાંતના દુઃખાવા અને મરડો સહિત હજારો રોગોની સારવાર માટે થાય છે. તદુપરાંત આ છોડના પાંદડાનો ઉપયોગ બેરીબેરી (વિટામીન B૧ની ઉણપને કારણે થતો રોગ)ની સારવાર માટે થાય છે. વનસ્પતિના મોટા ભાગના ભાગોમાં ઔષધીય ગુણો હોવા છતાં તેની છાલનો ઉપયોગ મેલેરિયાને મટાડવા માટે સદીઓથી કરવામાં આવે છે. આમ, સપ્તપર્ણી અનેક રોગોની સારવારમાં અસરકારક છે. આ સિવાય, આ છોડમાં પ્રજનન ક્ષમતા વધારવાનો ગુણ પણ છે. આયુષ વિભાગના નિષ્ણાત ડૉ.બ્રજેશ કુલપરિયાએ જણાવ્યું હતું કે, સપ્તપર્ણી એક ઔષધીય છોડ છે. જેમાં સાત પાંદડાઓનો સમૂહ છે. જેના કારણે આ છોડને સપ્તપર્ણી નામ મળ્યું છે.

# વાળ પાતળા-પાંખા થઇને ખરી રહ્યા છે?



ચોખાના સાદા પાણીની સરખામણીમાં ફર્મેન્ટેડ ચોખા નું પાણી વધારે ફાયદાકારક સાબિત થાય છે. તેને બનાવવું પણ સરળ છે તેના માટે અડધો કપ ચોખાને ધોઈ અને બે દિવસ સુધી પાણીમાં રૂમ ટેમ્પરેચર પર પલાળી રાખો. બે દિવસ પછી આ પાણીનો ઉપયોગ ગાળીને કરવો. વાળ ખરાવા પાછળ ઘણાં કારણોમાંથી એક છે ડેન્ડ્રફ અને ડ્રાય સ્કાલ્પ. સ્કાલ્પમાં વારંવાર ખંજવાળ આવવાના કારણે પણ વાળ પાતળા અને પાંખા થઈને તૂટી જાય છે. કાળા, લાંબા અને ઘટ્ટ વાળ દરેક મહિલાની ઈચ્છા હોય છે, પરંતુ મોટાંભાગની મહિલાઓના વાળ એટલાં પાતળા હોય છે કે તે કમજોર હોવાના કારણે તૂટીને ખરી જાય છે. જો તમે પણ આવી સમસ્યાથી પીડાઈ રહ્યા હોવ તો સામાન્ય ચાથી તેનો ઈલાજ કરી શકાય છે. આયુર્વેદિક ચાની રેસિપી જણાવી છે. જેને પીવાથી સતત ખરતા વાળ ઉપરાંત વાળને લગતી તમામ સમસ્યાઓ દૂર કરવાના ઉપાય જણાવ્યા છે. ડોક્ટર અનુસાર, આ આયુર્વેદિક ચા પીવાથી તમારાં વાળની તમામ પ્રકારની તકલીફો દૂર થઈ શકે છે. એટલું જ નહીં, દરેક સિઝનમાં વાળ ઘટ્ટ, મજબૂત અને રેશમી બને છે. જો તમે પાતળા, ખરાત વાળ, ટાલ અને ઉંદરી જેવી સમસ્યાથી પીડાતા હોવ તો આ આયુર્વેદિક ઉપાય અજમાવી જૂઓ. જાસૂદમાં ઠંડકના ગુણો રહેલા છે જે શરીરના કફ અને પિત્તને શાંત અને બેલેન્સ કરે છે. આયુર્વેદમાં તેનો કેશ્ય એટલે કે, વાળની ક્વોલિટીને ઈમ્પ્રૂવ કરતી ઔષધિ તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે. વિટામિન સી, ફ્લેવોનોઈડ્સ, એમિનો એસિડ્સ, મ્યુકિલેજ ફાઈબર, મોઈશ્ચર કન્ટેન્ટ અને એન્ટીઓક્સિડન્ટ્સથી ભરપૂર જાસૂદ વાળને મૂળથી મજબૂત બનાવીને તેને ઘટ્ટ બનાવવા માટે ઉપયોગી છે. આ સિવાય તે વાળના નેચરલ ટેક્સચરને રક્ષણ પુરૂ પાડે છે અને તેનો દેખાવ સ્મૂધ અને સોફ્ટ બનાવે છે. મોરિંગા જેને આપણે સરગવા તરીકે ઓળખીયે છીએ, તેની તાસીર ગરમ હોય છે, જે શરીરના કફ અને વાત્તને બેલેન્સ કરવા માટે ઉપયોગી છે. સરગવાના પ ાનમાં આયર્ન, વિટામિન બી, ફૉલોટ, કેલ્શિયમ, વિટામિન એ અને ઝીંક જેવા પોષકતત્વો રહેલા છે, જે વાળના ગ્રોથને વધારે છે અને તેને પોષણ પણ આપે છે. મીઠા લીમડો પણ જાસૂદની માફક તાસીરમાં ઠંડો હોવાના કારણે તે ખરતા વાળ અટકાવવા ઉપરાંત અકાળે સફેદ થતા વાળની સમસ્યા દૂર કરીને વાળના ગ્રોથમાં વધારો કરે છે. તેમાં ઈન્સ્યૂલિન સેન્સિટિવિટી અને હોર્મોન બેલેન્સ કરવાના ગુણો પણ છે.

BOLLYWOOD NEWS FLASH

## ૧૫ વર્ષ પછી ફરી શરૂ કરી ટ્રેનિંગ, પૈસાના અભાવે રાઈફલ ખરીદી શકી નહીંઃ ભારતી




। મુંબઈ, તા.૧૨ ।

અભિનેત્રી અને કોમેડિયન ભારતી સિંહ અત્યારે શોથી દૂર છે. જો કે, આજકાલ તે તેના યુટ્યુબ વ્લોગ દ્વારા ચાહકોનું મનોરંજન કરે છે. અભિનય અને કોમેડી સિવાય ભારતીને રાઈફલ શૂટિંગનો પણ ઘણો શોખ છે. તેણે રાઈફલ શૂટર તરીકે નેશનલ્સમાં પણ ભાગ લીધો છે. વાસ્તવમાં, ભારતીએ તાજેતરમાં એક વીડિયો વ્લોગ શેર કર્યો હતો, જેમાં અભિનેત્રીએ જણાવ્યું હતું કે લગભગ ૧૫ વર્ષ પછી તેણે ફરીથી રાઈફલ શૂટિંગની પ્રેક્ટિસ શરૂ કરી છે. ભારતીએ જણાવ્યું કે પૈસાની અછતને કારણે તે નેશનલ્સ દરમિયાન પોતાના માટે રાઈફલ ખરીદી શકી ન હતી. આ તે જ સમય હતો જ્યારે તેને પહેલી વાર સમજાયું કે તેણે શક્ય તેટલા પૈસા કમાવવા પડશે જેથી તે તેની જરૂરિયાતો પૂરી કરી શકે. તેના નવીનતમ વ્લોગમાં, ભારતીએ તેની શૂટિંગ પ્રેક્ટિસની ઝલક બતાવી. વીડિયોમાં ભારતી નિશાના પર ખૂબ જ સારા શોટ્સ મારતી જોવા મળી રહી છે. આ જોઈને ભારતીના કોચે તેને સલાહ આપી કે તેણે રોજ ફરીથી રાઈફલ શૂટિંગની પ્રેક્ટિસ શરૂ કરવી જોઈએ. ભારતીએ કહ્યું-'૧૫ વર્ષ પહેલાં હું રાઈફલ શૂટિંગની પ્રેક્ટિસ કરતી હતી. હું તે સમયે નેશનલ્સ માટે જતી હતી. તે સમયે દરેક પાસે પોતાની રાઈફલ હતી અને હું યુનિવર્સિટી વતી જતી હતી. ભારતીએ આગળ કહ્યું- 'અમારી પાસે ઘરમાં એટલા પૈસા નહોતા કે રાઈફલ ખરીદી શકીએ. તે સમયે હું મારી જાતને ખૂબ કોસતી હતી. ત્યારે જ મેં મારી જાતને વચન આપ્યું હતું.

# પુજા ભટ્ટે દુનિયાની સામે તેના પિતાને લીપ કીસ કરી હતી



। મુંબઈ, તા.૧૨ ।

જાણીતા ફિલ્મ ડિરેક્ટર મહેશ ભટ્ટ અને તેમની પુત્રી અભિનેત્રી પુજા ભટ્ટના સંબંધો પણ ખુબ ચર્ચામાં રહ્યાં છે. એક સમયે પિતા મહેશ ભટ્ટે પોતાની જુવાનજોત પુત્રીને લીપ કરીને મેગેજિનના કવર પેજ પર તેનો ફોટો છપાવ્યો હતો. આ સમાચારોએ હલચલ મચાવી દીધી હતી. વર્ષો બાદ પુજા ભટ્ટે આ મુદ્દે પોતાની ચુપકીદી તોડી છે. પિતા મહેશ ભટ્ટને ચુંબન કેમ કર્યું હતું તે મુદ્દે પૂજાએ ખુલીને વાત કરી છે. જેમાં સ્પષ્ટતા આપતા તેણે શાહરૂખ ખાનના નિવેદનને ટાંક્યું છે. પૂજા ભટ્ટે તાજેતરમાં જ ઈન્ટરવ્યુ દરમિયાન મહેશ ભટ્ટને લઈને થયેલા વિવાદ અંગે પોતાનું મૌન તોડ્યું હતું. પૂજા ભટ્ટે મીડિયા સાથે વાત કરતા કહ્યું કે આ એક ક્ષણ હતી. આ સાથે તેણે પોતાનો ખુલાસો આપતાં શાહરૂખ ખાનના એક નિવેદનનો પણ ઉલ્લેખ કર્યો. વર્ષો પહેલા એક મેગેઝિનમાં પૂજા ભટ્ટ અને મહેશ ભટ્ટનો ફોટો પ્રકાશિત થતાં જ તે સમયે હોબાળો મચી ગયો હતો. મેગેઝીનના કવર પેજ પર મહેશ ભટ્ટ તેમની પુત્રી પ જા ભટ્ટને લિપ કિસ કરતા જોવા મળ્યા હતા. તે સમયે પૂજા કંઈપણ કહેવાનું ટાળતી જોવા મળી હતી. પરંતુ વર્ષો પછી પૂજા ભટ્ટે મહેશ ભટ્ટ અને તેના કિસિંગ ફોટોને લઈને પોતાનું મૌન તોડ્યું છે. પૂજા ભટ્ટે તાજેતરમાં એક ઈન્ટરવ્યુ દરમિયાન ૧૯૯૦માં લીધેલા આ ફોટો અંગે પોતાનું મૌન તોડ્યું હતું. જ્યારે પૂજા ભટ્ટને પૂછવામાં આવ્યું કે શું તેણીને તેના પિતાને કિસ કરવાનો પસ્તાવો છે? તેના પર પૂજા ભટ્ટે કહ્યું- 'ના, કારણ કે હું તેને ખૂબ જ સરળ રીતે જોઉં છું.

# એ સ્ત્રી મારી દાદીની ઉંમરની હતી : અભિનેતા મોહિત રૈના



। મુંબઈ, તા.૧૨ ।


અભિનેતા મોહિત રૈનાએ ભલે ઉરી, કાફિર, શિદ્દત અથવા મિસિસ સિરિયલ કિલર જેવા પ્રોજેક્ટ્સમાં કામ કર્યું હોય, પરંતુ ચાહકો હજુ પણ તેમને ભગવાન શિવના પાત્ર માટે ઓળખે છે. અભિનેતાએ ટીવી સીરિયલ 'દેવો કે દેવ મહાદેવ'માં ભગવાન શિવની ભૂમિકા ભજવી હતી.હવે તાજેતરમાં મોહિતે તેના પાત્ર વિશે વાત કરી હતી. તેણે કહ્યું કે ભગવાન શિવના પાત્રને કારણે તેના ચાહકો તેમની સાથે ખાસ જોડાણ અનુભવે છે. આ દરમિયાન મોહિતે શો સાથે જોડાયેલી એક રસપ્રદ ઘટના પણ જણાવી, જ્યારે એક વૃદ્ધ મહિલાએ તેના પગને સ્પર્શ કર્યો. મોહિતે તે સુંદર ઘટનાનો ઉલ્લેખ કર્યો જેના પછી તેને સમજાયું કે તે તેના ચાહકો અને ભગવાન વચ્ચેની કડી છે. મોહિતે કહ્યું- 'એકવાર એક વૃદ્ધ મહિલા મારી પાસે આવી અને મારા પગને સ્પર્શ કર્યો. જ્યારે મેં તેમ કરવાની ના પાડી અને કહ્યું કે તમે મારી દાદીની ઉંમરના છો તો મહિલાએ કહ્યું કે મને તેમને રોકવાનો કોઈ અધિકાર નથી'. વૃદ્ધ મહિલા વિશે વાત કરતાં મોહિતે કહ્યું, માજીએ કહ્યું કે હું તમને પગે નથી લાગતી, તમે મારા માટે મારા ભગવાન સાથે જોડાવાનું માધ્યમ છો. તમે મને થોડીક સેકંડ માટે આધ્યાત્મિક રીતે તેની સાથે જોડાવાથી રોકી શકતા નથી'. મોહિતે કહ્યું - 'આ તે દિવસ હતો જ્યારે મને પહેલીવાર અહેસાસ થયો કે હું ચાહકો અને તેમના ભગવાન વચ્ચેનું માધ્યમ છું.

## ૨૩ અને ૨૪ સપ્ટેમ્બરે ૩૩ શહેરોમાં ફેસ્ટિવલનું આયોજન, ૩૦ શહેરોમાં ફિલ્મો ફરીથી રિલીઝ થશે

# દેવ આનંદની ૧૦૦મી જન્મજયંતિ પર ફિલ્મ ફેસ્ટિવલ ઉજવવાની તૈયારીઓ

। મુંબઈ, તા.૧૨ ।

ફિલ્મ હેરિટેજ ફાઉન્ડેશન દેવ આનંદની ૧૦૦મી જન્મજયંતિ નિમિત્તે બે દિવસીય ઉત્સવનું આયોજન કરવા જઈ રહ્યું છે. આ સમયગાળા દરમિયાન, તેમની ફિલ્મો મુંબઈ, હૈદરાબાદ, અમદાવાદ, તિરૂવનંતપુરમ, ચેન્નાઈ, બેંગલુરુ, કોલકાતા, લખનૌ, ગુવાહાટી, ઈન્દોર, જયપુર, નાગપુર, દિલ્હી જેવા ૩૦ શહેરોમાં ૫૫ સિનેમા હોલમાં પ્રદર્શિત કરવામાં આવશે. આ તહેવાર ૨૩ અને ૨૪ સપ્ટેમ્બરે ઉજવવામાં આવશે - ૨૬ સપ્ટેમ્બરે તેમના જન્મદિવસના બે દિવસ પહેલા. ફિલ્મ હેરિટેજ ફાઉન્ડેશનઃ આ ફેસ્ટિવલ નેશનલ ફિલ્મ ડેવલપમેન્ટ



કોર્પોરેશન ઓફ ઈન્ડિયા અને નેશનલ ફિલ્મ આર્કાઈવ ઓફ ઈન્ડિયા અને PVR INOXના સહયોગથી ઉજવવામાં આવશે. ફેસ્ટિવલની થીમ હશે, 'આનંદ@૧૦૦ – ફોરએવર યંગ'! આ સમય દરમિયાન તેની 'હમ દોનો', 'તેરે ઘર કે સામને', 'સીઆઈડી', 'ગાઈડ', 'જ્વેલ થીફ' અને 'જોની મેરા નામ' જેવી ફિલ્મો દર્શાવવામાં આવશે. આયોજકોના જણાવ્યા અનુસાર, આ પહેલીવાર છે જ્યારે કોઈ સરકારી સંસ્થા કોઈ ફિલ્મ ફેસ્ટિવલ માટે આટલા મોટા પાયે બિન-લાભકારી સંસ્થા સાથે સહયોગ કરી રહી છે. આ ફેસ્ટિવલ માટે, નેશનલ ફિલ્મ હેરિટેજ મિશન હેઠળ, દેવ આનંદની ફિલ્મોને 4K રિઝોલ્યુશનમાં મોટી સ્ક્રીન પર જોવા માટે ખાસ રિસ્ટોર કરવામાં આવી છે.

# સાઉથના સુપરસ્ટાર અલ્લુ અર્જુનની પુષ્પા ૨ની રિલીઝ ડેટ કન્ફર્મ



। મુંબઈ, તા.૧૨ ।

વર્ષ ૨૦૨૧માં પુષ્પાનું પાત્ર ભજવીને અલ્લુ અર્જુને સ્ક્રીન પર ધૂમ મચાવી હતી. આ ફિલ્મે લોકોના દિલ પણ જીતી લીધા અને બોક્સ ઓફિસ પર બમ્પર કમાણી કરી હતી. અલ્લુ અર્જુનનો લુક હોય કે પછી ફિલ્મના ડાયલોગ, બધું જ ખૂબ જ પોપ્યુલર થયું હતું. હવે અલ્લુ અર્જુનના તમામ ફેન્સ લાંબા સમયથી આ ફિલ્મના બીજા ભાગની રાહ જોઈ રહ્યા છે. દરેકના મનમાં સવાલ છે કે આ ફિલ્મ ક્યારે રિલીઝ થશે. હવે અલ્લુ અર્જુને પોતે આ સવાલનો જવાબ આપ્યો છે. અલ્લુ અર્જુને પુષ્પા ૨ ની રિલીઝ ડેટ જાહેર કરી છે. સોમવારે તેને સોશિયલ મીડિયા પર એક પોસ્ટ શેર કરીને જણાવ્યું કે તેની ફિલ્મ ક્યારે રિલીઝ થશે. તમને જણાવી દઈએ કે પુષ્પા ૨ ૧૫ ઓગસ્ટ ૨૦૨૪ના રોજ થિયેટરોમાં રિલીઝ થશે. એટલે કે અલ્લુ અર્જુન ફરી એકવાર પુષ્પાના રૂપમાં સ્ક્રીન પર ધૂમ મચાવશે. અલ્લુ અર્જુને એક નવું પોસ્ટર પણ કર્યું હતું શેર.

રિલીઝ ડેટની જાહેરાત કરવાની સાથે અલ્લુ અર્જુને એક નવું પોસ્ટર પણ શેર કર્યું છે, જેમાં તેનો ફેસ દેખાડવામાં આવ્યો નથી. માત્ર તેનો હાથ જ દેખાય છે. પોસ્ટર પર મોટા અક્ષરથી લખેલું છે, '૧૫ ઓગસ્ટ ૨૦૨૪.' તમને જણાવી દઈએ કે, રશ્મિકા મંદાના પહેલા ભાગમાં અલ્લુ અર્જુન સાથે જોવા મળી હતી. પુષ્પા ૨ ૧૫ ઓગસ્ટ ૨૦૨૪ના રોજ થિયેટરોમાં રિલીઝ થશે : અલ્લુ અર્જુન પુષ્પા ફિલ્મ સ્ક્રીન પર ધૂમ મચાવશે. આ ફિલ્મમાં ફહદ ફાસીલ પણ હતો, જેને આઈપીએસ ભંવર સિંહ શેખાવતનો રોલ પ્લે કર્યો હતો. સામંથા રૂથ પ્રભુ પણ આ ફિલ્મનો એક ભાગ હતી. તે એક ગીતમાં જોવા મળી હતી.

થોડા સમય પહેલા અલ્લુ અર્જુનની આ ફિલ્મનો એક એનાઉન્સમેન્ટનો વીડિયો પણ રીલિઝ થયો હતો, જેને જોયા બાદ ફેન્સ ખૂબ જ ઉત્સુક બની ગયા હતા. હવે રિલીઝ ડેટ જાહેર કરીને અલ્લુ અર્જુને ફેન્સની ઉત્સુકતા વધુ વધારી દીધી છે. ફેન્સ પુષ્પા ૨ માટે એક્સાઈટેડ થઈ ગયા છે.

# ઝાલોદ તાલુકા પંચાયતની ચૂંટણીમાં પ્રમુખ અને ઉપપ્રમુખની ચૂંટણી માટે જામતો જંગ

## ભાજપના અમુક સભ્યો અંડરગ્રાઉંડ થતાં વિવિધ ચર્ચાઓ એ જોર પકડયું

। પંકજ પંડિત ઝાલોદ, તા.૧૨ ।

ઝાલોદ તાલુકા પંચાયતની ચૂંટણી આગામી ૧૪ મી સપ્ટેમ્બરના રોજ યોજાવાની છે. આ ચૂંટણી પહેલા તાલુકા પંચાયતના અમુક સભ્યો અંડરગ્રાઉંડ થઈ જતાં નગરમાં અનેક જાતની અફવાઓ એ જોર પકડયું છે. જે સભ્યો અંડરગ્રાઉંડ થયેલ છે તે સભ્યોને મનાવવા માટે પાર્ટી તરફથી એડી ચોટીનું જોર લગાવવામાં આવી રહ્યું છે. નગરમાં ચાલતી વાતો મુજબ આ વખતે નારાજ થયેલ સભ્યો કોના સાથે મળીને કોને સત્તા સત્તાનું સુકાન સોંપે તે હાલ હાલ જાણી શકાતું નથી. પ્રમુખ ઉપપ્રમુખની મહત્વની ચૂંટણીમાં હાલ કોઈ પણ રાજકીય ગણિત બેસતું હોય તેમ લાગતું નથી.

ઝાલોદ તાલુકા પંચાયતની ચૂંટણી ૧૪ સપ્ટેમ્બરના રોજ યોજાનાર છે. ઝાલોદ તાલુકા પંચાયતમાં કુલ ૩૮ બેઠકો છે. જેમાં ભાજપ ૨૬, કોંગ્રેસ ૧૦, અપક્ષ ૨ બેઠકો છે. ૩૮ બેઠક ધરાવતું ઝાલોદ તાલુકા પંચાયતમાં બે સભ્યોના મરણ થયેલ હોવાથી ૩૬ સભ્યો ચૂંટણીમાં ભાગ લેનાર છે. ભાજપના અમુક નારાજ સભ્યો અંડરગ્રાઉંડ થતાં તે લોકો કોને સાથ આપે છે અને કેવી રીતે સત્તાનું ચોખટું ગોઠવાય છે તે હાલ સ્પષ્ટ પણે જાણી શકાતું નથી. આ વખતે તાલુકા પંચાયતના પ્રમુખ માટે મહિલા અનામતની બેઠક છે જેથી સત્તાનું સમીકરણ કયા પક્ષ બાજુ ઢળે છે તે જોવાનું રહ્યું. કયો પક્ષ કોને પ્રમુખ ઉપપ્રમુખ પદનું મેન્ડેટ આપે છે તેના પર ચૂંટણીનું સમીકરણ ગોઠવાશે.

ભાજપના અમુક સભ્યો જે અંડરગ્રાઉંડ થયેલ છે જો તે બીજા પક્ષને સમર્થન આપે તો ભાજપ પાર્ટીમાં સંકલનના અભાવને લઈ આંતરીક જૂથબંધી કે પ્રમુખ બનવાની લાલચમાં આ બધી ઘટનાઓ બની રહેલ છે તે હાલ જાણવું રસપ્રદ છે. ભાજપના અંડરગ્રાઉંડ થયેલ તાલુકા પંચાયત સભ્યોને ભાજપ પાર્ટી મનાવવામાં સફળ થશે કે કેમ તે આવનાર સમય જ બતાવશે.... આવનાર પ્રમુખ ઉપપ્રમુખની ચૂંટણીમાં ભાજપ સત્તા જાળવી રાખશે કે કેમ....તે વિશે અનેક તર્કવિતર્ક નગરમાં ચર્ચાઈ રહ્યાં છે.

# દાહોદ જિલ્લા અનુસૂચિત જાતિ મોરચાની ભાજપ કાર્યાલય ખાતે બેઠક યોજાઈ




। ઝાલોદ, તા.૧૨ ।

આજરોજ તારીખ ૧૨-૦૯-૨૦૨૩ ના રોજ દાહોદ જિલ્લા અનુસૂચિત જાતિ મોરચાની ભાજપ કાર્યાલય ખાતે બેઠક યોજાઈ જેમાં દાહોદ જિલ્લા અનુ.જા.મો ગુજરાત પ્રદેશ પ્રભારી ભૂધાભાઈ ખડાયતા તથા દાહોદ જિલ્લા પ્રભારી ભરતભાઈ શ્રીમાળી દાહોદ જિલ્લા મોરચાના પ્રમુખ દેવચંનભાઈ પરમાર અને મહામંત્રી વિજયભાઈ પીઠાયા, નાનુભાઈ વણકર તથા જિલ્લા એસ.સી.મોર્ચાનાં તથા મંડળ મોર્ચાઓ નાં પ્રમુખ દિપકભાઈ નૈયા, નરેશભાઈ મકવાણા, અલ્કેશભાઈ ચાવડા, વિજયભાઈ ડામોર, અમરભાઈ નાગોરી, નગીનભાઈ મકવાણા, જિલ્લાના હોદેદારોની બેઠક મળી તેમાં તારીખ ૧૭ સપ્ટેમ્બર દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિવસ થી આગામી કાર્યક્રમો લોકસભા સુધી જે કંઇ કાર્યક્રમ ૧૯ કાર્યક્રમ કરવાના છે તે સંદર્ભે ચર્ચા વિચારણા કરવામાં આવી અને બાબાસાહેબ આંબેડકરની સંકલ્પ ભૂમિ વડોદરા થી મધ્યપ્રદેશ બાબાસાહેબના જન્મ સ્થળ મહુ ખાતે ૧૦૦૦ બાઈકો સાથે જવાનું હોય ત્યારે એનું આગોતરું આયોજન કરવાના સંદર્ભે કાર્યકર્તાઓ સાથે ચર્ચા વિચારણા કરવામાં આવી.

### રાજપીપલામાં ડો. આંબેડકર ભવન હોલ ખાતે

# પદાધિકારી-અધિકારીઓની પ્રેરક ઉપસ્થિતિમાં માન. રાષ્ટ્રપતિ દ્વારા વર્ચુઅલ રીતે અભિયાન લોન્ચ થશે

। દીપક જગતાપ રાજપીપળા, તા.૧૨ ।

મિશન "અંત્યોદય" ના સંકલ્પને અનુસરીને દરેક ગામમાં તમામ પ્રકારની આરોગ્ય સેવાઓને સંતૃપ્ત કરવાના તેમજ વિવિધ આરોગ્ય સંભાળ યોજનાઓ વિશે જાગૃતી વધારવાના લક્ષ્યને હાંસલ કરવા માટે આયુષ્યમાન ભવઃ અભિયાનને ભારત દેશના રાષ્ટ્રપતિ દ્વારા તા.૧૩/૦૯/૨૦૨૩ ના રોજ સવારે ૧૨:૦૦ કલાકે થી વર્ચુઅલ રીતે લોન્ચ કરવામાં આવશે. જે અંતર્ગત નર્મદા જિલ્લામાં જિલ્લા કક્ષાએ ડો. આંબેડકર ભવન હોલ, ગાંધીચોક, રાજપીપલા ખાતે નર્મદા જિલ્લાના પદાધિકારીઓ/અધિકારીઓ ની હાજરીમા આ વર્ચુઅલ લોન્ચીંગને જોવા માટે અભિયાનની માહિતીની જાણકારી માટે પ્રોગ્રામ રાખવામાં આવેલ છે. સાથેસાથે દરેક તાલુકા કક્ષાએ, હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર કક્ષાએ પણ કુલ ૨૦૫ જગ્યાએ આ વર્ચુઅલ લોન્ચીંગને જોવા માટે પ્રોગ્રામ રાખવામાં આવેલ છે. આયુષ્યમાન ભવઃ મુખ્યત્વે ત્રણ ઘટકો સાથેનું એક છત્ર અભિયાન છે. આયુષ્યમાન આપકે દ્વાર ૩.૦ જેમાં પી.એમ. જે.એ.વાય યોજના હેઠળ લાયક લાભાર્થીઓને આયુષ્માન કાર્ડના વિતરણ માટે ૧૭ મી સપ્ટેમ્બર ૨૦૨૩ થી ઝુંબેશ સ્વરુપે કાર્યવાહી કરી આપણા જિલ્લામાં એક પણ લાયક લાભાર્થી બાકી ન રહે તેની ખાતરી કરી કાર્ડ ની નોંધણી કરવામા આવશે. આયુષ્યમાન મેળા અભિયાન જેમાં દરેક હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર ખાતે આરોગ્ય મેળા ૧૭ મી સપ્ટેમ્બર ૨૦૨૩ થી દર શનિવારે સાપ્તાહિક આરોગ્ય મેળા યોજાશે.

# જસદણની એક વાડીના કુવામાં એક શ્રમિક પરિવારના દોઢ વર્ષના બાળકનું પડી જતાં મોત

હુસામુદીન કપાસી

। જસદણ, તા.૧૨ ।



જસદણમાં એક આદીવાસી પરિવારના એકના એક બાળકનું કુવામાં પડી. જતાં મોત નિપજતાં આ શ્રમિક પરિવારમાં હૈયાફાંટ રુદન સાથે માતમનો કોહ-રામ મચી જવા પામ્યો હતો આ અંગે પ્રાપ્ત વિગતો મુજબ જસદણના જુના જંગવડ પર બાબુભાઈ શુળીયાની વાડીના કુવામાં એક દોઢ વર્ષનું બાળક પડી ગયાની જાણ જસદણ ફાયર બ્રિગેડને થતાં પ્રતાપ ભાઈ સોલંકી અને સ્ટાફ તાત્કાલિક ધોરણે ઘટના સ્થળે પહોંચી કામગીરી હાથ ધરી હતી પરંતુ અંતે સિત્તેર ફૂટ-ની ઊંડાઈ ધરાવતાં ત્રીસ ફૂટ પાણી ધરાવતાં આ કૂવામાંથી દોઢ વર્ષના રાજવીરની અંતે લાશ મળતાં મધ્યપ્રદેશના અલી રાજપુર જીલ્લાના બડાભાવટા ગામનાં શ્રમિક પરિવારમાં આભ ફાટ્યું હોય એવી સ્થિતિ નિર્માણ પામી હતી કિશનભાઈ ચૌહાણ અને તેમની પત્નિ સહિતનો પરિવાર વાડીમાં મજૂરી કામ કરતો તેમને સંતાનમાં મુતક રાજવીર ઉ. વ. દોઢ એક માત્ર સંતાન હતું તે સોમવારે સાંજે કુવા પાસે રમતો હતો અને અચાનક કુવામાં પડી જતાં અને મોતને ભેટ્યો હતો.

# રાજકોટના મેયર નયનાબેનને આવકારતા દુરૈયાબેન મુસાણી

। જસદણ, તા.૧૨ ।



રાજકોટ કૉર્પોરેશનના નવા મેયર તરીકે આજે નયનાબેન પેઢડીયા ચુંટાઈ આવતાં તેમને રાજકોટ દાઉદી વ્હોરા સમાજ મહિલા ગ્રુપના અગ્રણી શ્રીમતિ દુરૈયાબેન એસ મુસાણીએ આવકારી અભિનંદન પાઠવ્યા હતા તેમણે જણાવ્યું હતું કે નયનાબેન એક શિક્ષિત મહિલા છે રાજકોટની કેટલીક પીડાઓ છે તે સમજી શકે છે ત્યારે તેઓ આગામી પોતાની ટ્રમમાં જે બહેનો જાહેર જીવનમાં છે અને ભવિષ્યમાં તેઓ રાજ-કોટનું નામ ઊંચું કરી શકે છે એવી બહેનોને શક્ય એટલો લાભ આપી એક ખરાં અર્થમાં પુરુષ સમોવડી સાર્થક કરે જેથી અન્ય મહિલાઓ સહીત બીજા લોકોને પણ લાભ મળે એવી આશા સાથે અભિનંદન અને શુભેચ્છા પાઠવી હતી.

# સાબરમતી નદી પર ગાંધીનગર જિલ્લાના અંબોડ ગામે બેરેજ બનાવવા રૂ.૨૨૦ કરોડથી વધુ રકમની વહીવટી મંજૂરી અપાઈ : કુંવરજીભાઈ બાવળીયા

। ગાંધીનગર, તા.૧૨ ।

સાબરમતી નદીને પુનઃજીવિત કરીને પાણીના સ્તર વધુ ઊંચા લાવવાના હેતુથી મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં ધરોઈ ડેમથી અમદાવાદ સુધી નદી પર વિવિધ સ્થળોએ સાત જગ્યાએ સીરીઝ ઓફ બેરેજ બનાવવાની યોજના અમલી બનાવવામાં આવી છે. આ સીરીઝ ઓફ બેરેજના આયોજનના ભાગરૂપે સાબરમતી નદી પર માણસા તાલુકાના અંબોડ ગામે બેરેજ બનાવવા રૂ.૨૨૦.૬૮ કરોડની યોજનાને આજે વહીવટી મંજૂરી આપવામાં આવી છે તેમ, જળ સંપત્તિ મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળીયાએ જણાવ્યું હતું. મંત્રીશ્રી કુંવરજીભાઈએ વધુ વિગતો આપતા કહ્યું હતું કે, આ અંબોડ ખાતે બેરેજ તૈયાર થવાથી અંદાજે ૨૧૦ મિલિયન ક્યુબિક ફૂટ પાણીનો સંગ્રહ થવાથી ૬ થી ૭ કિલોમીટર લંબાઈમાં સરોવરનું નિર્માણ થશે. જેનાથી ગાંધીનગર જિલ્લાના માણસા, ગાંધીનગર અને પ્રાંતિજ તાલુકાના અંબોડ, ઈન્દ્રાજપુર, પોયડા, વરસોડા સીતવાડા, ગુનમા, ઓરણ અને માધવગઢ એમ આઠ ગામોને લાભ થશે. યોજના તૈયાર થવાથી આ વિસ્તારની અંદાજે ૧,૧૦૦ હેક્ટર જમીનને સિંચાઈનો પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે લાભ થશે.




આજરોજ કડાણા તાલુકાના કડાણા ગામે શ્રાવણ માસ દરમિયાન વદ બારસ ને તા. ૧૧-૯-૨૩ ના રોજ છેલ્લો સોમવાર હોઈ સત્સંગ ભજન મંડળ દ્વારા ભજન તેમજ સમૂહ આરતી નો પ્રોગ્રામ શ્રી ઈસ્ટદેવ એકલિંગજી મહાદેવ ના સાનિધ્ય માં સાંજે ૭-૦૦ કલાકે રાખવામાં આવ્યો હતો. જેમાં બ્રહ્મ સમાજ ના દરેક માણસો એ સમૂહમાં ભાગ લીધો હતો. સમગ્ર વાતાવરણ ભક્તિમય બન્યું હતું. ઉપસ્થિત ભકતજનોએ પ્રસાદી લઈ ધન્યતા અનુભવી હતી.

# વરેડિયા ગ્રામ પંચાયતના મહિલા સરપંચ વિરુદ્ધ અવિશ્વાસની દરખાસ્ત : સરપંચે વિપક્ષનાં આરોપોને પાયાવિહોણા ગણાવ્યા

## ગ્રામ્યમત લઈ કાર્યવાહી કરવામાં આવે, કરેલા વિકાસના કામો ઈ-સ્વરાજ એપ પર મુકવામાં આવ્યાં છે : ફજિલાબેન દુધવાલા

। મલેક યસદાની ભરૂચ, તા.૧૨ ।



ભરૂચ જિલ્લાના વરેડિયા ગ્રામ પંચાયતના સરપંચ ફઝીલાબેન દુધવાલા વિરુદ્ધ ગ્રામ પંચાયત વિપક્ષના છ સદસ્યો દ્વારા અવિશ્વાસની દરખાસ્ત રજુ થતા સમગ્ર જિલ્લા તેમ જ તાલુકામાં આ મુદો ચર્ચાનો વિષય બનવા પામ્યો છે ત્યારે અવિશ્વાસની દરખાસ્તને લઈ સરપંચ દ્વારા પ્રેસ કોન્ફરન્સ બોલાવી વિપક્ષ દ્વારા પોતાની વિરૂધ્ધ કરાયેલા તમામ આરોપોને પાયા વિહોણા ગણાવતા સમગ્ર મામલામા નવો વળાંક આવ્યો છે

આ અંગે મળતી માહિતી મુજબ ભરૂચ તાલુકાના વરેડિયા ગ્રામ પંચાયતના ઉપસરપંચ દ્વારા અન્ય પાંચ સભ્યોને લઈને ગ્રામ પંચાયતના ઈનચાર્જ તલાટી કમમંત્રી કરણસિંહ ચાવડા સમક્ષ અવિશ્વાસની દરખાસ્ત રજુ કરી હતી, તેમજ આ સંદર્ભે તાલુકા વિકાસ અધિકારીને પણ કાર્યવાહી કરવા જણાવ્યું હતું. ત્યારે વરેડીયા ગામના મહિલા સરપંચે ગ્રામ પંચાયત કચેરી ખાતે એક પ્રેસ કોન્ફરન્સ બોલાવીને તેમના વિરૂધ્ધ કરાયેલ તમામ આક્ષેપોનો રદીઓ આપ્યો હતો અને તલાટી દ્વારા આ બાબતે ગ્રામજનોનો મત લઈ કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ કરી હતી. સરપંચ ફાજીલાબેન દુધવાલાએ જણાવ્યું હતું કે પાછલાં બે વર્ષમાં મે બાવીશ થી પચ્ચીસ લાખના વિકાસના કામો કર્યા છે જે ઈ સ્વરાજ એપ પર ઓનલાઈન મુકેલ છે જો કોઈને લાગતું હોય કે મે કોઈ કામમા ચેંડા કર્યા હોય તો મારા વર્ક ઓર્ડરની માહિતી આરટીઆઈ દાખલ કરી માંગી શકો છો અને જો એ વર્ક ઓડર મુજબ કામ ન થયા હોય તો તે સંબધિત અધિકારી જે સજા કરશે એ મને મંજુર છે તેમની વિરૂધ્ધ અવિશ્વાસ દખાસ્તમા જણાવ્યા મુજબ સરપંચ વિકાસના કામો થવા દેતા નથી એવા આરોપનું ખંડન કરતાં તેમણે જણાવ્યું હતું કે ગામનુ દરેક કામ વોર્ડ મુજબ ગ્રાન્ટને અનુલક્ષીને થાય છે મે પંચાયતના દરેક સભ્યોને જણાવ્યું હતું કે દરેક સભ્યો તેમના વોર્ડના બાકી કામોની રજૂઆત કરે જેમ જેમ ગ્રાન્ટ આવશે તેમ તેમ આપણે કામ કરતા જઈશુ મે સભ્યો ને સમય પણ આપેલો પરંતુ એ લોકોએ કોઈ પણ જાતની માહિતી મને આપી નથી તેમણે વધુમા જણાવ્યુ હતુ કે હુ ગામને વિકાસશીલ ગામ બનાવવા માંગુ છુ પરંતુ વિરોધીઓ મારા ઉપર ખોટા આરોપો લગાવી કામોમાં વિક્ષેપ ઉભો કરે છે.તેમણે ગ્રામ પંચાયતના સભ્ય રાજેશભાઈ સોલંકી ઉપર આક્ષેપ કરતા જણાવ્યું હતું કે તેઓ ગામમાં રહેતા જ નથી તો તેમને કઈ રીતે ખબર કે ગામનો વિકાસ ક્યાં અટક્યો છે??

તેમણે ઉપ સરપંચ ઉપર આક્ષેપ કરતા જણાવ્યું હતું કે તેઓ સત્તાની લાલસામાં બે મિટિંગમાં ગેરહાજર રહી ત્રીજી મિટિંગમાં જ હાજર થાય છે જેથી કરી તેમના ઉપર કોઈ પગલાં ન લઈ શકાય. ગ્રામજનોએ જણાવ્યા મુજબ સરપંચ ફજિલાબેન શિક્ષિત મહિલા હોવાથી ચુંટણી બાદ ગ્રામ પંચાયતના તમામ આઠ સભ્યોએ તેમને સર્વાનુમતે ટેકો જાહેર કર્યો હતો. ગ્રામજનોએ મહિલા સરપંચની કામગીરીના વખાણ કર્યા હતા. ત્યારે હવે આરોપ પ્રત્યારોપ વચ્ચે તપાસમા શું નીકળશે અને તાલુકા વિકાસ અધિકારી આ મામલે શુ પગલાં લે છે એ જોવુ રહ્યુ.

# વરેડિયા ગ્રામ પંચાયતના મહિલા સરપંચ વિરુદ્ધ અવિશ્વાસની દરખાસ્ત : સરપંચે વિપક્ષનાં આરોપોને પાયાવિહોણા ગણાવ્યા

। હિંમતનગર તા.૧૨ ।

અરવલ્લી જિલ્લામાંથી એસ. ટી. વિભાગમાં ડ્રાઈવર અને કંડકટરની નોકરી મેળવવા માંગતા રબારી સમાજના યુવક યુવતીઓને પરીક્ષાલક્ષી સચોટ અને સંપૂર્ણ માર્ગદર્શન આપવા નગરપાલિકા હોલ તલોદ ખાતે સેમીનારનું આયોજન કરવા આવ્યું હતું. એસ. ટી. નિગમના નિવૃત્ત સચિવ શ્રી કે.ડી. દેસાઈએ પરીક્ષાર્થી ઉમેદવારોને સિલેબસ, પરીક્ષા પદ્ધતિ પ્રમાણે સખત મહેનત કરી ઉતીર્ણ થવા સઘન માર્ગદર્શન આપી સફળતા માટે શુભેચ્છાઓ પાઠવી હતી.સમાજમાંથી આગળ વધી નોકરી મેળવી સમાજને કાયમ ઉપયોગી બની રહેવા શીખ આપી હતી. આ સેમિનારમાં મોટી સંખ્યામાં એસ. ટી. વિભાગમાં ડ્રાયવર, કંડકટરની ભરતી પરીક્ષામાં ભાગ લેનારા યુવકોએ હાજર રહી સચોટ માર્ગદર્શન મેળવ્યું હતું. આ કાર્યક્મમાં ટ્રસ્ટના પ્રમુખશ્રી લીલાભાઈ એસ. રબારી, ઉપપ્રમુખશ્રી નાગજીભાઈ એચ. રબારી, ટ્રસ્ટીશ્રી મનહરભાઈ દેસાઈ, મંત્રીશ્રી વાસુદેવભાઈ દેસાઈ ટ્રસ્ટના સભ્યશ્રીઓ, અધિક કલેકટર શ્રી જગદીશભાઈ દેસાઈ, એસ. ટી. કર્મચારી મંડળના પ્રમુખશ્રી રામજીભાઈ, સમાજના દાતાશ્રી દિનેશભાઈ દેસાસણ, શ્રી જગમાલભાઈ દેસાઈ સમાજના આગેવાનો, વડીલો હાજર રહી કાર્યક્મને સફળ બનાવ્યો હતો.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**
આજના દિવસે તમારા ઉત્સાહને વધારવા માટે તમારા મગજમાં ઉજ્જવળ તથા ગરિમાયુક્ત ચિત્ર ઊભું કરો. માતા અથવા પિતાની સેહત પર આજ તમારે વધારે ધન ખર્ચ કરવું પડી શકે છે. આનાથી તમારી આર્થિક સ્થિતિ બગડશે પરંતુ સંબંધો માં મજબૂતી આવશે? બાળકો સાથે તમારો કઠોર વ્યવહાર તેમને નારાજ કરશે. તમારે તમારી જાત પર કાબૂ રાખવાની તથા યાદ રાખવાની જરૂર છે કે આ બાબત તમારી વચ્ચે અંતરાયો જ ઊભા કરશે.

**વૃષભ (બ,વ,ઉ) :**
આજના દિવસે કામના સ્થળનું તથા ઘરનું દબાણ આજે તમને ગુસ્સાહાળા સ્વભાવના બનાવશે. આજે તમારા માતા પિતા માં થી કોઈ તમને ધન ની બચત સંબંધી વાત પર ભાષણ આપી શકે છે, તમારે તે વાતો ઘણા ધ્યાન થી સાંભળવા ની જરૂર છે નહીંતર આવનારા સમય માં તકલીફ તમારેજ વેઠવી પડશે? દિવસને અદભુત બનાવવા માટે પરિવારના સભ્યો તથા નિકટના મિત્રો સાથે ભેગા મળી મેળાવડો યોજો.

**મિથુન (ક,છ,ઘ) :**
આજના દિવસે સંઘર્ષ ટાળો કેમ કે એનાથી તમારી બીમારી ઓર વકરી શકે છે. તમે જાણો છો એવા લોકો દ્વારા આવકનો નવો સ્રોત ઊભો થશે. સંબંધીઓ સહકાર આપશે તથા તમારા મગજને સંતાપ આપતો ભાર હળવો કરશે. આજ નો દિવસ તમે ખૂબ વ્યસ્ત રહેશો પરંતુ સાંજે તમારી મનપસંદ વસ્તુઓ કરવા માટે પૂરતો સમય મળશે.

**કર્ક (ડ,હ) :**
આજના દિવસે દોડધામભર્યો દિવસ હોવા છતાં સારો દિવસ. એક નવો આર્થિક સોદો પાર પડશે અને નાણાંનો નવો ધોધ વહેતો થશે. તમારો ભાઈ તમારી જરૂરિયાતો પ્રત્યે તમારી ધારણા કરતાં વધુ સહકાર આપશે. તમારો દેખાવ સુધારે એવા ફેરફાર કરો તથા ભાવિ ભાગીદારોને આકર્ષો. લગ્નજીવન કેટલી આડઅસરો સાથે આવે છે, તમે તેમાંની કેટલીક આજે અનુભવશો.

**સિંહ (મ,ટ) :**
આજના દિવસે સંતપુરૂષ પાસેથી મળેલું દિવ્ય જ્ઞાન તમને આશ્વાસન અને રાહત પૂરી પાડશે. એક નવો આર્થિક સોદો પાર પડશે અને નાણાંનો નવો ધોધ વહેતો થશે. તમે જો પાર્ટી કરવાની યોજના ઘડી રહ્યા હો તો તમારા ખાસ મિત્રને જરૂર આમંત્રણ આપજો-એવા ઘણા લોકો હશે જે તમારો ઉત્સાહ વધારશે. એવા લોકો કે જેઓ અત્યાર સુધી એકલા છે, તે આજે કોઈ ખાસ વ્યક્તિ ને મળવા ની સંભાવના છે.

**કન્યા (પ,ઠ,ણ) :**
આજના દિવસે ભૂતકાળના સાહસમાં સફળતા તમારા આત્મવિશ્વાસને વધારશે. જૂની શિલ્પકૃતિઓ તથા ઘરેણાંમાં રોકાણ લાભ તથા સમૃદ્ધિ લાવશે. ઘરમાં સુધારણા લાવવાની યોજના વિશે વિચારજો. આજે તમને તમારા જીવનમાં સાચા પ્રેમની કમી સાલશે.ચિંતા ન કરો સમય સાથે બધું જ બદલાઈ જાય છે અને તેમાં તમારૂં રૉમેન્ટિક જીવન પણ અપવાદ નથી.

**તુલા (ર,ત) :**
આજના દિવસે યોગ તથા ધ્યાન તમને સ્વસ્થ રહેવામાં તથા માનસિક રીતે ફિટ રહેવામાં મદદ કરશે. ઉતાવળા નિર્ણય લેતા નહીં- ખાસ કરીને ત્યારે તમે મહત્વના આર્થિક સોદા પાર પાડવાના હો. તમારા ઉદાર વર્તનનો લાભ તમારા બાળકોને ન લેવા દો. પ્રેમ અમર્યાદિત છે, પ્રેમ બેશુમાર છે, તમે આ વતો પહેલા પણ સાંભળી હશે. પણ આજે તમે તેનો અનુભવ કરશો.

**વૃશ્ચિક (ન,ય) :**
આજના દિવસે નિરાશાવાદી અભિગમ ટાળવો જોઈએ કારણ કે તે તમારી શક્યતાઓને ન માત્ર ન્યૂનતમ કરશે બલ્કે તમારા શરીરની સંવાદિતામાં પણ ખલેલ પહોંચાડશે. આજે ફક્ત બેઠા રહેવા કરતાં-કોઈક પ્રવૃત્તિ સાથે સંકળાઓ-જે તમારી આવકની ક્ષમતાને વધારશે. આજે પ્રેમનો જાદુ તમને અંધ કરી મુકશે. આ પરમ સુખને માણો.

**ધન (ભ,ધ,ફ) :**
આજના દિવસે બહાર જવું-પાર્ટીઓ તથા જલસાઘર તમને આજે આનંદિત મિજાજમાં રાખશે. જે લોકો લઘુ ઉદ્યોગ કરે છે તે લોકો ને આજે પોતાના કોઈ નજીકી દ્વારા સલાહ મળી શકે છે જેના દ્વારા તેમને આર્થિક લાભ થવા ની શક્યતા છે. હિંમતભર્યા નિર્ણયો તથા પગલાં હકારાત્મક પરિણામો લાવશે. જો તમને લાગે કે અમુક લોકો સાથે જોડાવું.

**મકર (ખ,જ) :**
આજના દિવસે કામની વચ્ચે આરામ લો તથા શક્ય હોય એટલા હળવા બનવાની કોશિષ કરો. ધન નું આવાગમન આજના સંપૂર્ણ દિવસ રહેશે અને સાંજ થતા તમે અમુક ધન બચાવી શકશો? મિત્રો સાથે સાંજ મોજ-મજા માટે તથા રજાઓના આયોજન માટે સારી રહેશે. આજે પણ તમારી માનસિક સ્થિતિ સમાન રહી શકે છે. આજે તમારા જીવનસાથી સાથેની તમારી શારીરિક નિકટતા તેની શ્રેષ્ઠતાએ હશે.

**કુંભ (ગ,શ,સ) :**
આજના દિવસે ખૂલ્લામાં રાખેલું ખાણું ખાતી વખતે ખાસ કરીને તકેદારી રાખવી. પણ બિનજરૂરી તાણ ન લેતા કેમ કે તેનાથી તમારા ટૅન્શનમાં ઓર વધારો થશે. અણધાર્યા બિલ આર્થિક બોજો વધારશે. મોટી વયની વ્યક્તિની તબિયત ચિંતાનું કારણ બનશે. આજે જો તમે ખરીદી માટે જશો તો તમે પોતાની માટે સારૂં ડ્રેસ મટિરિયલ ખરીદશો.

**મીન (દ,ચ,ઝ,થ) :**
આજના દિવસે તમારી સૌથી મોટી મૂડી છે તમારી રમૂજવૃત્તિ, તમારી બીમારીને સાજી કરવા તેનો ઉપયોગ કરો. જો ભવિષ્ય માં તમારે નાણાકીય રીતે મજબૂત થવું છે તો આજ થીજ ધન ની બચત કરો. સંબંધીઓ સહકાર આપશે તથા તમારા મગજને સંતાપ આપતો ભાર હળવો કરશે. પ્રેમ, ચુંબન, આલિંગન અને મજા, તમારા જીવનસાથી સાથે રોમાન્યનાં આ બધાં પાસાં અનુભવવાનો દિવસ છે.

**ન્યૂઝ બ્રિફ**

## ભારત-મિડલ ઈસ્ટ કોરિડોર સમજૂતીથી ચીન રોષે ભરાયું

। નવી દિલ્હી, તા.૧૨ ।

ભારતમાં યોજાયેલી જી-૨૦ ઘણા વૈશ્વિક મુદાઓ અને દેશો-દેશો સાથે કેટલા મહત્વના એગ્રીમેન્ટને મંજૂરી મળી. જેમાં ભારત માટે ખૂબ જ મહત્વ એવા મધ્ય પૂર્વ, અમેરિકા અને યુરોપ સાથે કોરિડોર બનાવવા માટે સમજૂતી થઈ હતી. આ કોરિડોર માટે એવું મનાઈ છે કે ચીનના બેલ્ટ એન્ડ રોડ પ્રોજેક્ટને ટાર્ગેટ કરવા માટે આ પગલું લેવામાં આવ્યું છે. જેને લઈ ચીનને પેટમાં દેખુવો થઈ શકે છે. આ મામલે ચીનની પહેલી પ્રતિક્રિયા સામે આવી છે. ચીને ગઈકાલે નિવેદન આપતા કહ્યું હતું કે, અમે આ કોરિડોરનું સ્વાગત કરીએ છીએ, પરંતુ તેનો હેતુ સાથે મળી વિકાસ અને કનેક્ટિવિટીને પ્રોત્સાહન આપવાનો હોવો જોઈએ. તે ભૌગોલિક રાજનીતિનું હથિયાર ન બનવું જોઈએ. આ પ્રોજેક્ટ ભારત માટે ખૂબ જ મહત્વનો મનાય રહ્યો છે. આ પ્રોજેક્ટને વિકસાવવા માટે સંકળાયેલા તમામ દેશોએ સાથે આવી એમઓયુપર હસ્તાક્ષર પણ કર્યા છે. આ પ્રોજેક્ટ અંગે કેટલાક નિષ્ણાતો જણાવે છે કે આ કોરીડોર ચીનના બેલ્ટ એન્ડ રોડ ઈનિશિએટિવ (બીઆરઆઈ)ને સીધો પડકાર આપી શકે છે. ચીન તેના આ પ્રોજેક્ટને તૈયાર કરવા છેલ્લા ૧૦ વર્ષથી મહેનત કરી રહ્યું છે. ચીનને આ પ્રોજેક્ટને તૈયાર કરવા માટે અત્યાર સુધીમાં અબજો ડોલરનો ખર્ચ કર્યો કરી નાખ્યો છે. આઈએમઈસીહેઠળ તૈયાર થયેલ આ પ્રોજેક્ટ ભારતના બંદરોને યુએઈના જળમાર્ગ સાથે જોડશે. ત્યારબાદ તેને રોડ અને રેલ દ્વારા સાઉદી સાથે જોડવામાં આવશે. પછી જોર્ડન, ઈઝરાયેલ અને ઈટલી સાથે તેની કનેક્ટિવિટીને વધારવામાં આવશે.



નવી દિલ્હી ખાતે ગ્લોબલ સિમ્પોઝિયમના ઉદ્‌ઘાટન દરમિયાન રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ અને કેન્દ્રીય કૃષિ મંત્રી નરેન્દ્રસિંહ તોમાર પણ હાજર રહ્યા હતાં.

**ભિવાનીમાં જીવતા સળગાવાયેલા નાસિર-જુનૈદ હત્યાકાંડમાં કાર્યવાહી**

## નાસિર-જુનૈદ હત્યાકાંડમાં મોનૂ માનેસરની પોલીસે ધરપકડ કરી

**ગૌરક્ષક મોનૂ માનેસર નાસિર અને જુનૈદ હત્યાકાંડ બાદ ૮ મહિનાથી ફરાર હતો**

। ગુરૂગ્રામ, તા.૧૨ ।

હરિયાણા પોલીસે ભિવાનીમાં જીવતા સળગાવી દેવામાં આવેલા નાસિર-જુનૈદ હત્યાકાંડમાં મોટી કાર્યવાહી કરી છે. ગૌરક્ષક મોનૂ માનેસરને ગુરૂગ્રામથી પોલીસે કસ્ટડીમાં લીધો છે. હરિયાણા પોલીસ હવે તેને રાજસ્થાન પોલીસને સોંપી શકે છે. મોનૂ માનેસર પર ભિવાનીમાં જીવતા સળગાવી દેવામાં આવેલા નાસિર અને જુનૈદની હત્યાનો આરોપ છે.

ગૌરક્ષક મોનૂ માનેસર ભિવાનીમાં જીવતા સળગાવવામાં આવેલા નાસિર અને જુનૈદ હત્યાકાંડ બાદ ૮ મહિનાથી ફરાર હતો. ૧૬ ફેબ્રુઆરી ૨૦૨૩ના રોજ હરિયાણાના ભિવાનીમાં બોલેરો ગાડીમાં સળગી ગયેલી હાલતમાં બે મૃતદેહો મળી આવ્યા હતા. તપાસ બાદ સામે આવ્યું હતું કે, બંને મૃતદેહ રાજસ્થાનના ગોપાલગઢના જુનૈદ અને નાસિરના હતા. હરિયાણાના અનેક ગૌરક્ષકો પર નાસિર અને જુનૈદની હત્યાનો આરોપ લગાવવામાં આવ્યો હતો.

**પ્રોફિટ બુકિંગના દબાણને કારણે સ્થાનિક શેરબજારો ફ્લેટ બંધ**

## સેન્સેક્સમાં ૯૫ પોઈન્ટનો વધારો, નિફ્ટીમાં 3 પોઈન્ટનો ઘટાડો નોંધાયો

**ટીસીએસમાં ત્રણ ટકાનો ઉછાળો જોવા મળ્યો હતો તે જ સમયે, એનટીપીસીમાં ત્રણ ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો**

। મુંબઈ, તા.૧૨ ।

પ્રોફિટ બુકિંગના દબાણને કારણે સ્થાનિક શેરબજારો મજબૂત શરૂઆત છતાં ફ્લેટ બંધ થયા છે. બીએસઈસેન્સેક્સ ૯૪.૦૫ પોઈન્ટ અથવા ૦.૧૪ ટકાના વધારા સાથે ૬૭,૨૨૧.૧૩ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. તે જ સમયે, એનએસઈનિફ્ટી ૩.૧૫ પોઈન્ટ અથવા ૦.૦૨ ટકાના ઘટાડા સાથે ૧૯,૯૯૩.૨૦ પોઈન્ટના સ્તરે બંધ થયો હતો. ટીસીએસમાં ત્રણ ટકાનો ઉછાળો જોવા મળ્યો હતો. તે જ સમયે, એનટીપીસીમાં ત્રણ ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો. ઈન્ફોર્મેશન ટેક્નોલોજી સિવાય અન્ય તમામ ક્ષેત્રીય સૂચકાંકો લાલ નિશાનમાં બંધ થયા છે. તે જ સમયે, ઓટો, કેપિટલ ગુડ્સ, પાવર, ઓઈલ એન્ડ ગેસ, મેટલ અને રિયલ એસ્ટેટ ઈન્ડેક્સમાં ૧-૩ ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો. બીએસઈમિડકેપ ઈન્ડેક્સમાં ત્રણ ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો. તે જ સમયે, સ્મોલકેપ ઈન્ડેક્સમાં ચાર ટકાનો ઘટાડો નોંધાયો હતો.

**ટામેટા ૮૦ પૈસા કિલોએ ખરીદવા કોઈ તૈયાર નથી!**

## ૩૦૦ રૂપિયા કિલો વેચાતા ટામેટા હવે ૮૦ પૈસા પ્રતિ કિલો

**રાજધાનીનાં એક શહેરમાં, ખેડૂતોને ટામેટાં ફેંકી દેવાનાં ભાવે વેચવા પડે છે : અહીં એક કિલો ટામેટા ૮૦ પૈસા છે**

। લાતુર, તા.૧૨ ।

એક સમયે ૩૦૦ રૂપિયા પ્રતિ કિલોના ભાવે વેચાતા ટામેટાના ભાવ હવે સામાન્ય થઈ ગયા છે. દેશમાં સામાન્ય લોકોને ૩૦ થી ૪૦ રૂપિયા પ્રતિ કિલોના ભાવે ટામેટાં મળી



રહ્યા છે, પરંતુ ખેડૂતોની ટેન્શન વધી ગઈ છે. ખેડૂતોને ટામેટાનો પાક નકામા ભાવે વેચવાની ફરજ પડી રહી છે. મહારાષ્ટ્રના લાતુરમાં ખેડૂતોની હાલત એવી છે કે તેમને ટામેટાનો પાક માત્ર ૮૦ પૈસા પ્રતિ કિલોના ભાવે વેચવો પડે છે. જથ્થાબંધ બજારમાં તેના ભાવમાં તીવ્ર ઘટાડો થયો છે, જેના કારણે ખેડૂતો ટામેટાના પાકનો ખર્ચ વસૂલ કરી શકતા નથી. લાતુરના એક ખેડૂતનું કહેવું છે કે તેણે ૨ થી ૩ હેક્ટરમાં ટામેટાંની ખેતી કરી હતી જેથી તેને સારો નફો મળી શકે. આ પાક તૈયાર કરવા માટે ૨ થી ૩ લાખ રૂપિયાનો ખર્ચ થાય છે, પરંતુ હવે સ્થિતિ એવી છે કે તેઓ પોતાનો ખર્ચ પણ વસૂલ કરી શકતા નથી. ખેડૂતોએ તેની સામે વાંધો ઉઠાવ્યો છે અને રસ્તા પર ટામેટાં ફેંકીને વિરોધ કર્યો છે. ખેડૂતોએ સરકારને તેના યોગ્ય ભાવ મળે તેવી અપીલ કરી છે. ઉલ્લેખનીય છે કે થોડા દિવસો પહેલા જ ટામેટાંના ભાવ આસમાને પહોંચ્યા હતા. ભારે વરસાદ અને પુરવઠાના અભાવને કારણે દેશમાં ટામેટાંનો ભાવ ૨૦૦ થી ૩૦૦ રૂપિયાની આસપાસ પહોંચી ગયો હતો. આવી સ્થિતિમાં, મોટો નફો મેળવવા માટે, મોટાભાગના સ્થળોએ ટામેટાની ખેતી શરૂ થઈ, જેની અસર ઉપજ પર પડી. વધુ ઉત્પાદનને કારણે ટામેટાંનો પુરવઠો વધ્યો છે. સપ્લાય ચેઈન ફરી શરૂ થતાં, ટામેટાં મોટી માત્રામાં બજારોમાં પહોંચવા લાગ્યા. જેના કારણે ટામેટાંના ભાવમાં ભારે ઘટાડો જોવા મળ્યો હતો. કેન્દ્રીય કૃષિ મંત્રાલયના ડેટા પર નજર કરીએ તો ૨૦૦૫-૦૬માં ૫,૪૭,૦૦૦ હેક્ટરમાં ખેતી થઈ હતી જ્યારે ઉત્પાદન ૯૯,૬૮,૦૦૦ હેક્ટર સુધી હતું. જ્યારે સત્ર ૨૦૨૨-૨૩માં ટામેટાની ખેતી ૮,૬૪,૦૦૦ એકરમાં થઈ હતી અને ઉત્પાદન વધીને ૨,૬૨,૦૦૦ એકર થઈ ગયું હતું.

**કેનેડાના પીએમ સોમવારે પોતાના દેશ માટે રવાના થવાના હતા**

## પ્લેનમાં ટેક્નિકલ ખામીને લીધે જસ્ટીન ટ્રૂડોએ દિલ્હીમાં ૩૬ કલાક રોકાવું પડ્યું

**પ્લેનમાં ટેક્નિકલ ખામીને લીધે જ કેનેડાનું પ્રધિનિધિમંડળે પણ ૩૬ કલાક સુધી દિલ્હીમાં જ રોકાઈ જવાની ફરજ પડી**

। નવી દિલ્હી, તા.૧૨ ।

કેનેડાના પીએમ જસ્ટિન ટૂડો ગઈકાલે ભારતથી પોતાના દેશ જવા રવાના થયા હતા ત્યારે તેમના પ્લેનમાં ટેકનિકલ ખામી સર્જાઈ હતી જેના કારણે તે પોતાના દેશ પરત ફરી શક્યા ન હતા અને તેમને દિલ્હીમાં જ રોકાઈ જવું પડ્યું હતું. તેમને પોતાના દિકરા સાથે બે દિવસ દિલ્હીની હોટલમાં જ રોકાવું પડ્યું હતું. કેનેડાના પ્રધાનમંત્રી જસ્ટિન ટૂડો જી-૨૦ સમિટમાં ભાગ લેવા માટે ૮મી સપ્ટેમ્બરના રોજ દિલ્હી પહોંચ્યા હતા. તેમણે રવિવારના રોજ પ્રધાનમંત્રી મોદી સાથે દ્વિપક્ષિય બેઠક કરી હતી. આ બેઠકમાં ખાલિસ્તાનનો મુદ્દો પણ વડાપ્રધાને ઉઠાવ્યો હતો. આ બેઠક બાદ પ્રેસ કોન્ફરન્સમાં પ્રધાનમંત્રી ટૂડોએ કહ્યું હતું કે અમે હિંસા રોકવા તૈયાર છીએ કેનેડા હમેશા અભિવ્યકિત સ્વતંત્રતા, અંતરાત્માની સ્વતંત્રા અને શાંતિપૂર્ણ વિરોધની સ્વતંત્રાની રક્ષા કરશે.

**ઉત્તરાખંડમાં આગામી ૭૨ કલાક સુધી યલો અને ઓરેન્જ એલર્ટ જારી**

## ઉત્તરાખંડમાં આગામી ૭૨ કલાક સુધી યલો અને ઓરેન્જ એલર્ટ જારી

। નવી દિલ્હી, તા.૧૨ ।

ઉત્તરાખંડ, દિલ્હી અને ઉત્તર પ્રદેશ સહિત દેશના ઘણા ભાગો હવામાનની અસરનો સામનો કરી રહ્યા છે. યુપીમાં વરસાદની વિવિધ ઘટનાઓમાં ૧૧ લોકોના મોત થયા છે. જ્યારે ઉત્તરાખંડમાં આગામી ૭૨ કલાક સુધી ભારે વરસાદને લઈને યલો અને ઓરેન્જ એલર્ટ જારી કરવામાં આવ્યું છે. સૌથી પહેલા વાત કરીએ રાજધાની દિલ્હીની. સોમવારે દિલ્હીમાં આખો દિવસ ભેજયુક્ત અને હળવો વરસાદ પડ્યો હતો. તે જ સમયે, મહત્તમ તાપમાન ૩૩.૫ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જે વર્ષના આ સમય માટે સામાન્ય છે. દિલ્હીમાં વર્ષની શ્રેષ્ઠ હવાની ગુણવત્તા નોંધાયાના એક દિવસ પછી, હવાની ગુણવત્તા બગડી અને સંતોષકારક શ્રેણીમાં નોંધાઈ હતી.

દિલ્હીમાં લઘુત્તમ તાપમાન ૨૩.૭ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જે સિઝનની સરેરાશ કરતાં બે ડિગ્રી ઓછું છે. સફદરજંગ વેધશાળામાં ઝરમર વરસાદ નોંધાયો હતો જ્યારે પાલમ વેધશાળામાં એક મીમી વરસાદ નોંધાયો હતો. ભેજનું પ્રમાણ ૬૮ ટકાથી ૯૭ ટકા વચ્ચે રહ્યું હતું. હવામાન વિભાગે આગાહી કરી છે કે મંગળવારે આકાશ સામાન્ય રીતે વાદળછાયું રહેશે અને મહત્તમ અને લઘુત્તમ તાપમાન અનુક્રમે ૩૫ અને ૨૫ ડિગ્રી સેલ્સિયસની આસપાસ રહેવાની શક્યતા છે. હવામાન વિભાગે જણાવ્યું હતું કે ૧૪ સપ્ટેમ્બર સુધી AQI સંતોષકારક શ્રેણીમાં રહેવાની સંભાવના છે. રવિવારે રાષ્ટ્રીય રાજધાનીમાં વરસાદ અને ઠંડા પવન બાદ તાપમાનમાં પાંચ ડિગ્રીનો ઘટાડો થયો હતો અને મહત્તમ તાપમાન ૨૮.૩ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. કમિશન ફોર એર ક્વોલિટી મેનેજમેન્ટ (CAQM) અનુસાર, રવિવારે દિલ્હીમાં ૨૪ કલાકનો AQI ૪૫ નોંધાયો હતો, જે સારી શ્રેણીમાં હતો. ઉત્તરાખંડમાં ફરી ચોમાસાનો વરસાદ જારી રહ્યો છે. હવામાન કેન્દ્રના જણાવ્યા અનુસાર હાલમાં વરસાદથી રાહત મળવાની કોઈ શક્યતા નથી. રાજ્યમાં આગામી ૭૨ કલાકમાં ભારે વરસાદને લઈને યલો અને ઓરેન્જ એલર્ટ જારી કરવામાં આવ્યું છે. હવામાન કેન્દ્રના જણાવ્યા અનુસાર, રાજ્યના દેહરાદૂન, ચંપાવત, નૈનીતાલ, ઉધમ સિંહ નગર, ટિહરી, પૌરી, બાગેશ્વર, ચમોલી, અલ્મોડા, ઉત્તરકાશી, હરિદ્વાર અને બાગેશ્વર જિલ્લામાં કેટલાક સ્થળોએ ભારે ગાજવીજ સાથે મૂશળધાર વરસાદની સંભાવના છે. જેના કારણે આ જિલ્લાઓમાં ચેતવણી આપવામાં આવી છે.

**વિશેષ**

**બનાસકાંઠા જિલ્લામાં આજ દિન સુધીમાં ૧૩,૫૦,૦૦૦ લાભાર્થીની સામે ૮,૦૮,૪૪૧ આયુષ્યમાન કાર્ડ નીકળ્યા**

# માન. રાષ્ટ્રપતિ દ્વારા આયુષ્માન ભવ : કાર્યક્રમના લોન્ચીંગને અનુલક્ષી પાલનપુર ખાતે કલેક્ટર વરૂણકુમાર બરનવાલના અધ્યક્ષસ્થાને પ્રેસ કોન્ફરન્સ યોજાઇ

**જિલ્લાવાસીઓને રક્તદાન કરવાની અપીલ કરતાં કલેક્ટર : જિલ્લાના હેલ્થ એન્ડ વેલનેશ સેન્ટરોમાં આયુષ્યમાન મેળાનું આયોજન**

આજે દેશના માન. રાષ્ટ્રપતિશ્રી આયુષ્માન ભવઃ કાર્યક્રમનું લોન્ચીંગ કરવાના છે એને અનુલક્ષી પાલનપુર ખાતે કલેક્ટરશ્રી વરૂણકુમાર બરનવાલના અધ્યક્ષસ્થાને પ્રેસ કોન્ફરન્સ યોજાઈ હતી. જેમાં કલેક્ટરશ્રીએ આયુષ્યમાન ભવઃ કાર્યક્રમની માહિતી આપતા જણાવ્યું કે, આરોગ્ય વિભાગની આયુષ્યમાન ભારત યોજના સહિત તમામ યોજનાઓનો લાભ લાભાર્થીઓને પોતાના ગામમાં જ મળી રહે તે માટે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આગામી તા. ૧૭ સપ્ટેમ્બરથી આ અભિયાનની શરૂઆત કરવામાં આવનાર છે. તા. ૨ ઓક્ટોબરના રોજ આયુષ્યમાન ગ્રામસભા અંતર્ગત ગામમાં લાભ લીધેલ લાભાર્થીના અનુભવ શેર કરી વધુમાં વધુ અને બાકી રહી ગયેલા લાભાર્થીઓ કાર્ડ મેળવે તે માટે પ્રચાર-પ્રસાર કરીને જન જાગૃતિ હાથ ધરાશે અને જે ગામમાં ૧૦૦% કામગીરી થઈ હોય તેમને પ્રોત્સાહીત કરાશે. આ ઉપરાંત દરેક તાલુકામાં રક્તદાન કેમ્પનું પણ આયોજન કરવામાં આવ્યું છે. જિલ્લાવાસીઓને રક્તદાન કરવાની અપીલ કરતાં કલેક્ટરશ્રીએ કહ્યું કે, લોકો રક્તદાન અને અંગદાન કરતા થાય એ માટે જિલ્લામાં ૭૧ ઈમ્જીદ્ધ ટીમ દ્વારા ૧૧૦ જેટલી હાયર એજ્યુકેશનની સંસ્થાઓમાં રક્તદાન અને અંગદાન અંગેની જાગૃતિ ફેલાવવામાં આવશે. જિલ્લાના હેલ્થ એન્ડ વેલનેશ સેન્ટરોમાં આયુષ્યમાન મેળાનું આયોજન પણ કરવામાં આવ્યું છે.

કલેક્ટરશ્રીએ કહ્યું કે, બનાસકાંઠા જિલ્લાની તમામ ગ્રામ પંચાયત અને ૧૨૧ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર પરથી આયુષ્યમાન કાર્ડ એનરોલમેટીઅષ થઈ ઘરના જે સભ્યો કે જેમણે કાર્ડ નિકાળવાના બાકી છે તે સભ્યો પણ આધાર બેઝ આયુષ્યમાન કાર્ડ મેળવે તે માટે ઝુંબેશ હાથ ધરાશે. બનાસકાંઠા જિલ્લામાં આજ દિન સુધીમાં ૩,૫૦,૦૦૦ ફેમિલીની સામે ૩,૨૬,૯૧૪ ના આયુષ્યમાન કાર્ડ નીકળી ગયેલા છે. અને ૧૩,૫૦,૦૦૦ લાભાર્થીની સામે ૮,૦૮,૪૪૧ આયુષ્યમાન કાર્ડ નીકળી ગયા છે. અત્રે ઉલ્લેખનીય છે કે, પ્રધાનમંત્રી ટી.બી. મુક્ત ભારત અભિયાન અંતર્ગત બનાસકાંઠા જિલ્લામાં કુલ- ૮૧ નિક્ષય મિત્ર રજીસ્ટર થયેલ છે. આ તમામ નિક્ષય મિત્ર દ્વારા ૯ સપ્ટેમ્બર-૨૦૨૨ થી આજ દિન સુધી કુલ- ૭,૭૨૫ ન્યુટ્રીશન પોષણ કીટ આપવામાં આવી છે. પોષણ કીટમાં તેલ, મગ, ચણા, સીંગ દાણા અને ઘઉંની સામગ્રી દર મહિને આપવાની હોય છે. આગામી સમયમાં પ્રધાનમંત્રી ટી.બી. મુક્ત ભારત અભિયાન અંતર્ગત દરેક હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર ખાતે આગામી સમયમાં ૩૦૦ થી વધારે નિક્ષય મિત્ર નોંધવાનું આયોજન કરવામાં આવ્યું છે. આ વર્ષે ૪૦ આરોગ્ય સંસ્થાઓનું નેશનલ કક્ષાનું એસેસ્મેન્ટ થઈ અને સર્ટીફીકેટ મેળવેલ છે. બનાસકાંઠા જિલ્લાના તમામ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, સામૂહિક આરોગ્ય કેન્દ્રો અને SDH ખાતે સાફ સફાઈ અને કાયાકલ્પ અંતર્ગત કામગીરી કરાશે.






તા.૧૭/૦૯/૨૦૨૩થી તા.૦૨/૧૦/૨૦૨૩ના સમયગાળા દરમ્યાન આરોગ્યના કેમ્પો યોજવાના છે. તેમાં ડાયાબિટીસ, હાઈપર ટેન્શન, હદયરોગ, લકવો, ઓરલ કેન્સર, બ્રેસ્ટ કેન્સર અને ગર્ભાશયના મુખનું કેન્સર જેવા રોગોની પ્રાથમિક તપાસ અને સ્ક્રિનિંગની કામગીરી દરેક ગામમાં કરવામાં આવશે. આયુષ્માન આપકે દ્વાર ૩.૦ અંતર્ગત ૭૦,૦૦૦ થી વધુ લાભાર્થીને આયુષ્યમાન ભારત એમજેએવાય ના પીવીસી કાર્ડનું વિતરણ કરાશે.

**આયુષ્માન ભવઃ કાર્યક્રમ અંતર્ગત તાલુકા કક્ષાએ બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન**

આયુષ્માન ભવઃ કાર્યક્રમ અંતર્ગત બનાસકાંઠા જિલ્લાના તમામ ૧૪ તાલુકાઓમાં તાલુકા કક્ષાએ બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં તા. ૧૮ સપ્ટેમ્બરના રોજ ડીસા અને દાંતા તાલુકામાં, તા. ૨૧ ના રોજ પાલનપુર, વડગામ, દિયોદર અને દાંતીવાડા તાલુકામાં, તા. ૨૫ ના રોજ અમીરગઢ, સૂઈગામ, ભાભર અને લાખણી તાલુકામાં, તા. ૨૮ ધાનેરા અને વાવ, તા. ૦૨ ઓક્ટોબરના રોજ થરાદ અને કાંકરેજ તાલુકામાં આરોગ્ય વિભાગ દ્વારા બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રસંગે જિલ્લા વિકાસ અધિકારીશ્રી સ્વપ્રિલ ખરે, મદદનીશ કલેક્ટરશ્રી સ્વપ્રિલ સિસલે, પ્રાંત અધિકારીશ્રી પી.સી.દવે, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી ડૉ. જયેશ પટેલ, અધિક જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી ડૉ. જીજ્ઞેશ હરીયાણી સહિત સારી સંખ્યામાં પત્રકારશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

**૨૦૧૬થી આજ સુધી ૧૧૪૯ લોકોને ભારતીય નાગરિત્વ આપવામાં આવેલ છે**

**આ તમામ નાગરિકતા અધિનિયમ પ્રમાણે ૭ વર્ષથી એક જ સ્થળે રહેતા વિદેશી નાગરિકોને બંધારણીય પ્રક્રિયા અનુસરીને નાગરિકતા પત્ર આપવામાં આવે છે**

# ગૃહ પ્રધાન હર્ષ સંઘવીએ ૧૦૮ પાકિસ્તાની લોકોને ભારતીય નાગરિકતા આપી



। અમદાવાદ, તા.૧૨ ।

આજે રાજ્યના ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી દ્વારા અમદાવાદમાં વસતા ૧૦૮ પાકિસ્તાની લઘુમતીઓ ને ભારતીય નાગરિકતા પત્ર એનાયત કર્યુ. અમદાવાદ જિલ્લા કલેક્ટર દ્વારા પાકિસ્તાની લઘુમતીઓને નાગરિકત્વ આપવામાં આવતું હોય છે. પરંતુ તેના માટે ચોક્કસ પ્રક્રિયા અનુસરવી જરૂરી હોય છે. આ તમામ નાગરિકતા અધિનિયમ પ્રમાણે ૭ વર્ષથી એક જ સ્થળે રહેતા વિદેશી નાગરિકોને બંધારણીય પ્રક્રિયા અનુસરીને નાગરિકતા પત્ર આપવામાં આવે છે. જો કે રાજ્ય અને કેન્દ્રની આઈ. બી. ટીમ દ્વારા યોગ્ય ચકાસણી થયા બાદ તેઓને સ્વીકાર પત્ર એનાયત થતું હોય છે. જેના આધારે બાકીના નિયમોનુસાર જરૂરી પૂરાવા રજૂ કર્યા બાદ જિલ્લા કલેક્ટર કચેરી દ્વારા આખરી નાગરિકતા પ્રમાણપત્ર આપવાની જોગવાઈ છે. અમદવાદના જિલ્લાવહીવટી તંત્રને ૨૦૧૬થી આજ સુધી ૧૧૪૯ લોકોને ભારતીય નાગરિત્વ આપવામાં આવેલુ છે. વર્ષ ૨૦૧૬ અને ૨૦૧૮ ના ગેઝેટથી ગુજરાત રાજ્યમાં અમદાવાદમાં શરણ મળી છે. જેમાં ૨૦૧૭માં ૧૮૭ તેમજ ૨૦૧૮માં ૨૫૬ અને ૨૦૧૯માં ૨૦૫ શરણાર્થીઓ ભારતના નાગરિક બનાવવામાં આવ્યા હતા. તેમજ ૨૦૨૦માં ૬૫ અને ૨૦૨૧માં ૨૧૧ નાગરિકો ભારતના નાગરિક બની અમદવાદમાં શરણ મેળવી હતી. અમદવાદ,ગાંધીનગર અને કચ્છ જિલ્લા કલેક્ટરને અફઘાનિસ્તાન, બાંગ્લાદેશ અને પાકિસ્તાની લઘુમતિ ધરાવતા(હિન્દુ, શીખ, બૌધ્ધ, જૈન, પ ારસી અને કિશ્ર્ચન) ધર્મના લોકોને નાગરિકતા પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા છે.

સમગ્ર ભારતમાં અમદાવાદ જિલ્લો નાગરિકતાનું પ્રમાણપત્ર એનાયત કરવમાં મોખરે બન્યો છે. હાલ ૧૦૦થી વધુ અરજી સેન્ટ્રલ એજન્સી દ્વારા એમની પ્રોસેસ ચાલી રહી છે. તેમજ ભારતીય નાગરિત્વ મળતા હવે આ નાગરિકોને અમદાવાદ સિવાય અન્ય સ્થળોએ જવા માટે કલેક્ટર પરવાનગી માંથી પણ મુક્તિ મેળવીને ભારતનું નાગરિત્વ મેળવ્યું છે.

**ન્યૂઝ બ્રિફ**

## શાકભાજીનો પૂરતો ભાવ ન મળતા ખેડૂતોની હાલાકી વધી

। સુરેન્દ્રનગર, તા.૧૨ ।

સુરેન્દ્રનગરના ખેડૂતોને શાકભાજીના પૂરતા ભાવ ન મળતા પશુઓને શાકભાજી ખવડાવવા મજબુર બન્યા છે. ખેડૂતો માર્કેટમાં શાકભાજી વહેંચવા ગયેલા પરંતુ પુરતા ભાવ ન મળતા શાકભાજીના ઢગલા કરીને પશુઓને ખવડાવ્યું હતુ. મહામહેનતે વાવેતર કરેલા શાકભાજીના ભાવ અચાનક તળિયે પહોંચી જતા ખેડૂતોને રાતા પાણીએ રોવાનો વારો આવ્યો છે. શાકભાજીના ભાવ અચાનક ઘટી જતા ખેડૂતોએ ભીંડા અને રીંગણ સહિતના શાકભાજી પશુઓને ખવડાવ્યા હતા. શાકભાજી પશુઓને ખવડાવતા હોવાનો વીડિયો વાયરલ થયો છે. શાકભાજીના યોગ્ય ભાવ મળે તેવી ખેડૂતોએ સરકાર પાસે માગ કરી હતી.

## નર્મદા નિગમની અમરેશ્વર બ્રાંચ કેનાલમાં ઠેર ઠેર ગંદકીનું સામ્રાજય

। વડોદરા, તા.૧૨ ।

વડોદરાના શિનોરમાંથી પસાર થતી નર્મદા કેનાલમાં ગંદકીનુ સામ્રાજ્ય જામ્યુ છે. અમરેશ્વર કેનાલ ખૂબ જ ગંદકી જોવા મળી રહી છે. કેનાલમાં અનેક ઠેકાણે ગાબડા પડ્યા છે. ખેતરોમાં પણ ખેડૂતોને સિંચાઈ માટે ખેતરમાં ગંદકી સાથેનુ પાણી સ્વિકારવુ પડી રહ્યુ છે. કેનાલનુ ગંદકી સાથેનુ પાણી ખેડૂતોના ખેતરો સુધી પહોંચતુ હોવાને લઈ રોષ ફેલાયો છે. વડોદરાના શિનોરમાંથી પસાર થતી નર્મદા કેનાલમાં ગંદકીનુ સામ્રાજ્ય જામ્યુ છે. અમરેશ્વર કેનાલ ખૂબ જ ગંદકી જોવા મળી રહી છે. કેનાલમાં અનેક ઠેકાણે ગાબડા પડ્યા છે. ખેતરોમાં પણ ખેડૂતોને સિંચાઈ માટે ખેતરમાં ગંદકી સાથેનુ પાણી સ્વિકારવુ પડી રહ્યુ છે. કેનાલનુ ગંદકી સાથેનુ પાણી ખેડૂતોના ખેતરો સુધી પહોંચતુ હોવાને લઈ રોષ ફેલાયો છે. કેનાલમાં અનેક જગ્યાએ ઝાડ પણ પડેલલા જોવા મળે છે, તો અનેક ઠેકાણે વૃક્ષો ઉગી નિકળ્યા છે.

## અમદાવાદમાં એક કોમ્પ્યુટર શિક્ષકે સાબરમતી નદીમાં કુદીને આપઘાત કર્યો

। અમદાવાદ, તા.૧૨ ।

અમદાવાદમાં એક કોમ્પ્યુટર શિક્ષકે સાબરમતી નદીમાં કુદીને આપઘાત કરી લીધો હતો. આપઘાતના પાંચ દિવસ બાદ હવે રિવરફ્રન્ટ પોલીસે ગુનો નોંધીને તપાસ શરુ કરી છે. પત્ની અને સાસુના ત્રાસથી કંટાળીને શિક્ષકે આપઘાત કરી લીધો હતો. પિયરમાં જતી પત્નિને તેની માતા ચઢામણી કરતી હતી. જેની વાતોમાં આવીને પતિ પર ત્રાસ ગુજરાતી હોવાને લઈ આખરે શિક્ષક પતિએ આપઘાત કરી લીધો હતો.અમદાવાદમાં એક કોમ્પ્યુટર શિક્ષકે સાબરમતી નદીમાં કુદીને આપઘાત કરી લીધો હતો. આપઘાતના પાંચ દિવસ બાદ હવે રિવરફ્રન્ટ પોલીસે ગુનો નોંધીને તપાસ શરુ કરી છે. પત્ની અને સાસુના ત્રાસથી કંટાળીને શિક્ષકે આપઘાત કરી લીધો હતો. પિયરમાં જતી પત્નિને તેની માતા ચઢામણી કરતી હતી. જેની વાતોમાં આવીને પતિ પર ત્રાસ ગુજરાતી હોવાને લઈ આખરે શિક્ષક પતિએ આપઘાત કરી લીધો હતો.

**રાષ્ટ્રપતિ મુર્મુ વિધાનસભાને સંબોધશે**

# રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ બે દિવસના ગુજરાત પ્રવાસે

**રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુને પ્રોજેક્ટનું ઉદઘાટન કરવા અને વિધાનસભામાં ભાષણ આપવા માટે આમંત્રણ આપ્યું છે**

। ગાંધીનગર, તા.૧૨ ।

ગુજરાત વિધાનસભા બુધવારથી શરૂ થઈ રહી છે ત્યારે રાષ્ટ્રપતિ મુર્મુ વિધાનસભાને સંબોધશે. ૧૩ સપ્ટેમ્બરે ગુજરાતની ઈ-એસેમ્બ્લી લોન્ચ કરશે. ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે ૧૫મી ગુજરાત વિધાનસભાનું ચોમાસું સત્ર ૧૩ સપ્ટેમ્બરે બપોરે ૧૨ વાગ્યે બોલાવ્યું છે. આ સત્ર ત્રણ દિવસનું ટૂંકું સત્ર હશે. ગુજરાત વિધાનસભાના ચોમાસું સત્રમાં બે બિલ રજૂ કરવામાં આવશે. તેમાં મેડિકલ યુનિવર્સિટી બિલ અને કોમન યુનિવર્સિટી બિલનો સમાવેશ થાય છે. એપ્લિકેશન લોન્ચ થયા બાદ



ગૃહની કાર્યવાહી સંપૂર્ણપણે પેપરલેસ થઈ જશે. આ માટે ગૃહની તમામ બેઠકો પર ટેબલેટ પણ લગાવવામાં આવ્યાં છે. હવે ગૃહમાં ધારાસભ્યો પેન-કાગળથી નહીં પરંતુ ટેબલેટથી સવાલ પૂછીને તેમના વિસ્તારના મુદ્દાઓ ઉઠાવશે. તમામ સ્થળોની સંપૂર્ણ વિગતો ટેબલેટમાં રેકોર્ડ કરવામાં આવશે. તેના અમલીકરણ સાથે ગૃહ સંપૂર્ણ રીતે ઓનલાઈન થઈ જશે.

પેપરલેસ બનાવવા માટે વિધાનસભાને ડિજિટલ રૂપ આપવામાં આવ્યું છે. આ માટે ભાજપ, કોંગ્રેસ અને આપના ધારાસભ્યોને ગૃહમાં ટેબલેટનો ઉપયોગ કરવા અંગે તાલિમ પણ આપવામાં આવી છે. રાષ્ટ્રપતિ દ્રોપદી મુર્મુના હસ્તે ગુજરાત ઈ-વિધાનસભાનું લોકાર્પણ કરવામાં આવશે. કેન્દ્ર સરકાર આ વર્ષે ૧૭ સપ્ટેમ્બરે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિવસ પર આયુષ્યમાન ભવ કાર્યક્રમ શરૂ કરશે. જેથી કરીને સરકાર દ્વારા ચલાવવામાં આવતી તમામ આરોગ્ય યોજનાઓ છેવાડાના લોકો સુધી પહોંચાડી શકાય. ધારાસભ્યો વિધાનસભા ગૃહમાં ટેબલેટનો કેવી રીતે ઉપયોગ કરી શકશે તે અંગે એક મોક વિધાનસભાનું આયોજન કરવામાં આવ્યું છે. કેવી રીતે પ્રશ્નો પૂછવા કઈ રીતે ટેબલેટનો ઉપયોગ કરવો સહિતની બાબાતોનું રિહર્સલ કરવામાં આવશે. જેથી વિધાનસભા સત્ર દરમિયાન ગૃહમાં ઉપસ્થિત ધારાસભ્યોને કોઈ મુશ્કેલી પડે નહીં.


**ગુજરાતે વિકાસની હરણફાળ ભરી અને દેશનું રોલ મોડલ રાજ્ય બન્યું**

## ભૂપેન્દ્ર પટેલે ગુજરાતના મુખ્યમંત્રી તરીકે ૨ વર્ષ પૂર્ણ કર્યા

**દેશમાં પ્રથમ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ૨૭ ટકા અનામત લાગુ કરવાનો નિર્ણય પણ ગુજરાત સરકારે લીધો છે**

। ગાંધીનગર, તા.૧૨ ।

સરળ વ્યક્તિત્વ ધરાવતા 'દાદા' કડક નિર્ણયો માટે પણ જાણીતા છે. પાછલા ૨ વર્ષમાં CM તરીકે ભૂપેન્દ્ર પટેલે કેટલાક દમદાર નિર્ણયો પણ લીધા છે. જે



ચર્ચાનું કારણ પણ બન્યા હતા. જેમાં વિનાશક બિપોરજોય વાવાઝોડામાં 'ઝીરો કેઝ્યુલિટી'ની વાત હોય કે પછી દ્વારકાના દરિયાકાંઠે ગેરકાયદે દબાણો પર બુલડોઝર ફેરવવાની વાત હોય. CM તરીકે આ નિર્ણયોને ભૂપેન્દ્ર પટેલની મોટી સિદ્ધિ માનવામાં આવી રહી છે. મુખ્યપ્રધાન તરીકે ભૂપેન્દ્ર પટેલે પોતાના કાર્યકાળના ૨ વર્ષ પૂર્ણ કર્યા છે. ૨૦૨૨માં વિધાનસભાની ચૂંટણીમાં ઐતિહાસિક જીત મેળવ્યા બાદ ભૂપેન્દ્ર પટેલ ગુજરાતની રાજનીતિના મહારથી બન્યા. મૃદુ સ્વભાવ અને સરળ વ્યક્તિત્વના કારણે ભૂપેન્દ્ર પટેલને 'દાદા'નું હુલામણુ નામ મળ્યું છે. તો મજબૂત નેતૃત્વ અને કાર્યક્ષમ વહીવટના કારણે જ ગુજરાતે વિકાસની હરણફાળ ભરી અને દેશનું રોલ મોડલ રાજ્ય બન્યું. સરળ વ્યક્તિત્વ ધરાવતા 'દાદા' કડક નિર્ણયો માટે પણ જાણીતા છે. પાછલા ૨ વર્ષમાં ઝસ તરીકે ભૂપેન્દ્ર પટેલે કેટલાક દમદાર નિર્ણયો પણ લીધા છે. જે ચર્ચાનું કારણ પણ બન્યા હતા. જેમાં વિનાશક બિપોરજોય વાવાઝોડામાં 'ઝીરો કેઝ્યુલિટી'ની વાત હોય કે પછી દ્વારકાના દરિયાકાંઠે ગેરકાયદે દબાણો પર બુલડોઝર ફેરવવાની વાત હોય. CM તરીકે આ નિર્ણયોને ભૂપેન્દ્ર પટેલની મોટી સિદ્ધિ માનવામાં આવી રહી છે. એટલું જ નહીં સતત ભરતી પરીક્ષાના પેપરલીક થવાની ઘટનાઓ પર, પેપર લીક વિરોધી કાયદો બનાવીને પેપરકાંડ પર બ્રેક પણ દાદાએ જ મારી હતી.

**ભાજપને લોકસભાની ચૂંટણીની તૈયારીઓ વચ્ચે આંચકો**

## ગુજરાત ભાજપના દિગ્ગજ નેતા પંકજ ચૌધરીએ રાજીનામું આપ્યું

**મહેસાણાના વતની પંકજ ચૌધરીએ પોતાના પદ પરથી રાજીનામું આપ્યું, કારણ અંગે માહિતી સામે આવી નથી**

। અમદાવાદ, તા.૧૨ ।

ગુજરાતમાં ભાજપ આગામી લોકસભાની ચૂંટણી માટે પુરજોષમાં તૈયારી કરી રહી છે ત્યારે હવે પ્રદેશ ભાજપના મંત્રી પદેથી પંકજ ચૌધરીએ રાજીનામુ આપી દીધુ છે. જો કે આ રાજીનામું ક્યા કારણોસર આપ્યું છે તે અંગે કોઈ માહિતી સામે આવી નથી તેમજ પંકજ ચૌધરીએ પણ કોઈ પ્રતિક્રિયા આપી નથી. ગુજરાત ભાજપના સગંઠનમાંથી એક પછી એક નેતાના રાજીનામાં લેવાયા છે ત્યારે આજે પંકજ ચૌધરીએ પ્રદેશ ભાજપના મંત્રી પદ છોડ્યાના સામાચાર સામે આવ્યા છે. મહેસાણાના વતની પંકજ ચૌધરીએ પોતાના પદ પરથી રાજીનામું આપ્યું છે. રાજ્યમાં પ્રદિપસિંહ વાઘેલાના રાજીનામા બાદ વધુ એક સંગઠન નેતાએ રાજીનામુ આપતા અનેક તર્ક વિતર્ક સર્જયા છે. જો કે આ રાજીનામું આપ્યું છે કે તેની પાસેથી લઈ લેવાયું છે તેની પણ ચર્ચા ચાલી રહી છે તેમજ તમણે આ રાજીનામું એક મહિના પહેલા જ આપી દીધું હોવાની વાત પણ ચર્ચાઈ રહી છે.

**સુરતના નવા મેયરનું નામ જાહેર**

## નવા મેયર દક્ષેશ માવાણી સંભાળશે સુરતની બાગડોર

**નરેશ પાટીલની ડેપ્યુટી મેયર તરીકે જાહેરાત કરાઈ છે**

। સુરત, તા.૧૨ ।

સુરતીઓની આતુરતાનો અંત આવ્યો છે. આજે સુરતના નવા મેયરના નામની જાહેરાત કરાઈ છે. દક્ષેશ માવાણી સુરતના નવા મેયર બન્યા છે. તો નરેશ પાટીલની ડેપ્યુટી મેયર તરીકે જાહેરાત કરાઈ છે. મેયર, ડેપ્યુટી મેટર તથા સુરત મહાનગર પાલિકાના અન્ય પદાધિકારીઓના નામની જાહેરાત કરવામાં આવી છે. જે નામો ચર્ચામાં હતા તેનાથી સાવ વિપરીત નામ સામે આવ્યા છે. મેયર - દક્ષેશ માવાણી, ડેપ્યુટી મેયર - નરેશ પાટીલ, સ્થાયી સમિતિના ચેરમેન - રાજનભાઈ પટેલ, શાસક પક્ષના નેતા - શશીબેન ત્રિપાઠી, દંડક : ધર્મેશ વાણિયાવાલા

સુરતના નવા મેયર દક્ષેશ માવાણીના રાજકીય કારકિર્દીની વાત કરીએ તો તેઓ ૧૯૯૮ થી ભાજપ સાથે સક્રિય રીતે સંકળાયેલા છે. તેઓ સુમુલ ડેરી, ચૂંટણી વ્યવસ્થા સેલ, ગુજરાત પ્રદેશ યુવા મોરચો, નવસારી જિલ્લા યુવા મોરચો, વિધાનસભા તથા લોકસભા ચૂંટણી વ્યવસ્થામાં સેલ જવાબદારી જેવી કામગીરી નિભાવી ચૂક્યા છે.

**અમદાવાદમાં વરસાદ બાદ રોગચાળો વકર્યો**

## વરસાદ બાદ અચાનક જ મચ્છર જન્ય અને પાણી જન્ય કેસમાં વધારો થયો

**ગત મહિનાની સરખામણીએ આ મહિનામાં માત્ર ૧૦ દિવસમાં ડેન્ગ્યુનાં કુલ ૨૧૮ કેસ નોંધાવવા પામ્યા છે**

। અમદાવાદ, તા.૧૨ ।

અમદાવાદ શહેરમાં તાજેતરમાં પ ડેલ વરસાદ બાદ અચાનક જ મચ્છર જન્ય અને પાણી જન્ય કેસમાં વધારો થયો છે. અમદાવાદ શહેરમાં ડેન્ગ્યુ તેમજ મેલેરિયાનાં કેસમાં વધારો થયો છે. જેમાં પાછલા મહિનાની સરખામણીએ ડેન્ગ્યુનાં કેસમાં ભારે વધારો થયો છે. જેના કારણે હોસ્પિ ટલમાં દર્દીઓની સંખ્યા સતત વધી રહી છે. છેલ્લા ૧૦ દિવસમાં ડેન્ગ્યુનાં ૨૧૮ કેસ નોંધાયા છે. મચ્છજરન્ય અને પાણી જન્ય રોગોનાં કેસમાં પણ વધારો થઈ રહ્યો છે. જેમાં સૌથી વધુ ડેન્ગ્યુનાં કેસ નોંધાયા છે. પાછલા મહિનાની સરખામણીમાં કેસમાં નોંધપાત્ર વધારો થયો છે. પાછલા મહિને ડેન્ગ્યુનાં કુલ ૮૦૫ કેસ નોંધાવા પામ્યા હતા. જેની સામે ચાલુ મહિને ૧૦ દિવસમાં ડેન્ગ્યુનાં ૨૧૮ કેસ નોંધાવા પામ્યા છે.

અમદાવાદ શહેરમાં ચાલુ માસ દરમિયાન રોગચાળાનાં આંકડા પર નજર કરીએ તો ૧૦ દિવસમાં ચાલુ મહિનામાં ડેન્ગ્યુનાં ૨૧૮ કેસ, મેલેરિયાનાં ૩૧, ચિકનગુનિયાનાં ૨ કેસ. ઝાડાઉલ્ટીનાં ૧૫૫ કેસ, ટાઈફોઈડનાં ૧૪૦, કમળાનાં ૬૧, કોલેરાનાં ૩ કેસ નોંધાયા છે. ઓગસ્ટ મહિનામાં ઝાડા ઉલ્ટીનાં ૭૮૪, કમળાનાં ૨૦૭, ટાઈફોઈડનાં ૬૯૧ અને કોલેરાનાં ૨૬ કેસ નોંધાવવા પામ્યા છે. આ બાબતે મેડિકલ હેલ્થ ઓફિસર ડાૅ. ભાવિન સોલંકીએ જણાવ્યું હતું કે, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા એપ્રિલમાં ચાર હજાર જેટલા પાણીનાં સેમ્પલ કોર્પોરેશનનાં હેલ્થ વિભાગ દ્વારા લેવામાં આવ્યા હતા. જેમાં જૂન મહિનામાં ૧૨૫ સેમ્પલ, જુલાઈ મહિનામાં ૧૧૮ સેમ્પલ લેવામાં આવ્યા છે. તેમજ અમદાવાદ શહેરમાં ચોમાસાની સીઝનને ધ્યાનમાં રાખીને મચ્છરજન્ય કેસ બાબતે ચાલુ માસમાં ડેન્ગ્યુનાં ૨૧૮ કેસ નોંધાવવા પામ્યા છે. આ સાથે સાથે સાદા મેલેરિયાનાં ૩૭ કેસ જ્યારે ઝેરી મેલેરિયાનાં ૫ કેસ નોંધાવવા પામ્યા છે. ત્યારે કોર્પોરેશન દ્વારા હાલમાં કન્સ્ટ્રક્શન સાઈટ તેમજ જે કોમર્શિયલ એકમ છે. ત્યાં હાલમાં ચેકીંગની કામગીરી હાથ ધરવામાં આવી છે. અને તેમજ અઠવાડિયા દરમ્યાન કોર્પોરેશન દ્વારા છ લાખ જેટલો વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવ્યો છે. સાથે સાથે ફીવરનો કોઈ પણ દર્દી હોય જેવા કે મેલેરિયા, ડેન્ગ્યુ હોય તમામનું નિદાન તેમજ સારવાર અર્બન હેલ્થ સેન્ટર ખાતે મળી રહે તે પ્રમાણે તે પ્રકારની વ્યવસ્થા કોર્પોરેશન દ્વારા કરવામાં આવી છે.

## રખડતા ઢોર મુદ્દે MLA કુમાર કાનાણીનો મનપા કમિશનરને પત્ર

। સુરત, તા.૧૨।

સુરત મહાનગર પાલિકામાં રખડતા ઢોર મુદ્દે જાગૃત નાગરિક દ્વારા ઓનલાઈન ફરિયાદ કરવામાં આવી હતી. પરંતુ પશુપાલકોનાં મળતીયાઓ દ્વારા ઓનલાઈન ફરિયાદ કરનાર વ્યક્તિનું નામ પશુપાલકોને આપી દેતા હવે ફરિયાદ કરનાર વ્યક્તિઓમાં ભય વ્યાપી જવા પામ્યો છે. કુમાર કાનાણી દ્વારા આવા અધિકારી-કર્મચારીઓ સામે કડક પગલા ભરવાની માંગ કરી છે. સુરતના વરાછાનાં ધારાસભ્ય કુમાર કાનાણી દ્વારા મનપા કમિશ્નરને ઉદ્દેશીને એક પત્ર લખ્યો હતો. જેમાં તેઓએ જણાવ્યું હતું કે, વરાછાનાં ધરમનગર સ્પોર્ટસ કોમ્પ્લેક્ષની અંદર ઢોર રખડતા હતા. જે બાબતે જાગૃત નાગરિક દ્વારા સુરત મહાનગર પાલિકામાં ઓનલાઈન ફરિયાદ કરી હતી. પરંતુ કોર્પોરેશનનાં અધિકારી દ્વારા આ ફરિયાદીનું નામ પશુપાલકોને આપી દેતા માથાભારે પશુપાલકોએ ફરિયાદીનું નામ અને ફોટો લઈ ફરિયાદીને શોધવા આંટાફેરા મારી રહ્યા છે. અને લોકોને ફોટો બતાવીને પૂછી રહ્યા છે. જેથી સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષમાં ભયનું વાતાવરણ ઉભું થયું છે. સુરત મહાનગરપાલિકામાં જાગૃત નાગરિક ફરિયાદ કરે તો આ ફરિયાદીનું નામ અધિકારીઓ દ્વારા આપી દેવામાં આવે તે ખૂબ જ ગંભીર બાબત છે. આ જાગૃત નાગરિકની સાથે મારામારી થાય. તેમજ માથાભારે લોકો તેમની સાથે ગમે તે વર્તન કરે. ફરિયાદીને કંઈ થશે તો જવાબદારી કોની? આ બાબતે સંપૂર્ણ તપાસ થવી જોઈએ તેમજ ફરિયાદીનાં નામ આપનાર અધિકારી સામે કડક કાર્યવાહી થવી જોઈએ એવી મારી માંગ છે.

## ૨૦૨૫ સુધીમાં ચાર અત્યાધુનિક બાયોગેસ પ્લાન્ટની સ્થાપના થશે

। બનાસકાંઠા, તા.૧૨ ।

ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ અમે બનાસ ડેરીના ચેરમેન એવા શંકર ચૌધરીની આગેવાની હેઠળ ભારતનાં એક ઉચ્ચ સ્તરીય ડેલીગેશને જાપાનની મુલાકાત લીધી હતી. જેમાં NDDB ચેરમન મીનેશ શાહ, અમૂલ ફેડરેશનનાં MD જયેન મહેતા, બનાસ ડેરી MD સંગ્રામ ચૌધરી, NDDB ED રાજીવ સામેલ હતા. પ્રવાસનો મુખ્ય હેતુ મારુતિ સુઝુકી, બનાસ ડેરી અને NDDB વચ્ચે બનાસકાંઠા જિલ્લામાં ૪ અત્યાધુનિક બાયોગેસ પ્લાન્ટની સ્થાપના માટે ત્રીપક્ષિય કરાર કરવાનો હતો. તેમજ આ ક્ષેત્રમાં જાપાનમાં થયેલા સંશોધન અને વિકાસની જાણકારી લેવાનો હતો. આ પ્રોજેક્ટનો ઉદ્દેશ ભારતને સ્વચ્છ બનાવવા અને ખેડૂતોને તેમના પશુપાલન વ્યવસાયની આડપેદાશોમાંથી વધારાની આવક મેળવવામાં મદદરૂપ થવાનો છે.

આગળ જતાં પશુઓના છાણમાંથી મેળવાયેલી બાયો CNGની આ ક્લીન એનર્જીમાંથી ગ્રીન હાઈડ્રોજન તેમજ લિક્વિડ બાયો-મિથેન (LBM)નું ઉત્પાદન કરી ગ્રીન એનર્જીના સ્ત્રોત તરીકે વધુ ઉપયોગ કરી શકાશે.ત્યાં થયેલ કરાર મુજબ ગુજરાતના બનાસકાંઠા જિલ્લામાં ૨૦૨૫ સુધીમાં પ્રારંભિક તબક્કામાં ૪ બાયોગેસ પ્લાન્ટની સ્થાપના કરવામાં આવશે. તમામ પક્ષોની પરસ્પર સમજૂતી મુજબ આ પ્લાન્ટોની સંખ્યા વધારો પણ કરવામાં આવશે.


ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત
દૈનિક સમાચાર પત્ર




ઉપાડો ફોન
9800708900
આ નંબર પર માત્ર
વોટ્સએપ મેસેજ જ કરવો

આપની આસપાસ બનતી ઘટનાઓના ફોટાઓ વિડીયો મોકલી આપો

દરેક જાતના પ્રસંગ, ઉમંગ, શાળાઓ, કોલેજોથી લઈને સોસાયટીઓ સુધી અવસરથી લઈને તહેવારો સુધી બધા જ સમાચારોને આવરી લેતુ અખબાર "ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત" દૈનિક હંમેશા તૈયાર રહે છે, આપની આસપાસ બનતી રસપ્રદ ઘટનાઓની માહિતી વોટ્સએપ નંબર ઉપર અથવા ઈ-મેઈલ પર અમને લખીને મોકલો...

cnngujarat@gmail.com


માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨